# પાલેસ્તાઇન અને બાઇબલ

ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા

2BGP2

ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા-નં. ૧૦

# પાલેસ્તાઇન અને બાઇબલ

અંગ્રેજીમાં મૂળ લેખક

**ડેનીસ બાલી**

અનુવાદક :

**રેવ. રમેશચંદ્ર પુરૂષોત્તમદાસ દાસ**

ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

પ્રકાશક :

ગુજરાતી ઈશ્વરવિદ્યાવિષયક સાહિત્ય સમિતિ વતી

**રેવ. પોલ ચૌહાણ**

ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળા

અમદાવાદ-૬.

પૂંઠા પર તેમ જ મુખપૃષ્ઠ પર છાપેલી આકૃતિ સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળા (અમદાવાદ)ના ભજનસ્થાનમાંની કંડારેલા પથ્થરની બારીમાંથી લીધેલી છે. એ આકૃતિમાં પ્રદર્શિત કરાયેલ **હથોડા** (યિર્મે. ૨૩;૨૯), **તરવાર** (એફે. ૬;૧૭), **ઢાલ** (ગીત. ૯૧;૪), **ઓળિયું** (હઝ. ૩;૧), અને **દીપક** (ગીત. ૧૧૯; ૧૦૫ : પ્રક. ૫; ૧) ઈશ્વરના વચનનાં પ્રતીકો છે.


આવૃત્તિ ૧ લી ૧૯૭૫ પ્રત ૧૦૦૦

**કિંમત : રૂા. ૨–૦૦**

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય, રતન પોળ,
અમદાવાદ.

Christian Theological Series No. 10

# PALESTINE AND BIBLE

BY

**Denice Baly**

**Translated by**
THE REV. RAMESHCHANDRA PURUSHOTTAMDAS DAS

**Published by**
**The Rev. Paul Chauhan**

**for**

**The Gujarati Theological Literature Committee,**
**Gujarat United School of Theology,**
**Ahmedabad-6.**

**Ist Editiou** **1975** **1000 Copies**

This book is published with the help of a grant from The Theological Education Fund of the World Council of Churches

Price : Rs. 2-00

The design on the cover and title-page is taken from a pierced-stone window in the Chapel of the Gujarat United School of Theology, Ahmedabad. It represents the Word of God as a Hammer (Jer. 23;29), a Sword (Eph. 6; 17), a Shield (Psalm 91;4), a Scroll (Eze. 3;1) and a Lamp (Psalm 119;105; Rev. 5;1).

# તંત્રીની પ્રસ્તાવના

ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળાના વિદ્યાર્થીઓને, અને વિશેષે કરીને સીરામપોરના બી.ટી.એચ. ડિગ્રી માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં પાઠ્ય પુસ્તકોના અભાવે જે મુશ્કેલીઓ વેઠવી પડે છે તે હલકી કરવાના આશયથી "ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા" રચવાની યોજના ઘડી કાઢવામાં આવેલી છે. ઈશ્વરવિદ્યાના વિદ્યાર્થીઓ ઉપરાંત ધર્મસેવકો, સુવાર્તિકો, સુવાર્તિકાઓ, સાબ્બાથશાળાના શિક્ષકો, તેમ જ પવિત્રશાસ્ત્રનો અભ્યાસ કરવાની ઇચ્છા રાખનાર પ્રત્યેકને પણ એ મદદરૂપ નીવડશે એવી આશા રાખવામાં આવે છે.

ઈશ્વરવિદ્યાવિષયક સાહિત્યના ક્ષેત્રમાં ગુજરાતની મંડળી આ દેશની અન્યભાષી મંડળીઓ કરતાં એકંદરે વધુ સમૃદ્ધ છે એ ખુશી થવા જેવી બાબત છે. આપણી પાસે ઊંચી જાતનાં અને અનેક પ્રકારનાં પુસ્તકો છે ખરાં, તોપણ હજુ ઘણું કરવાનું બાકી રહે છે. જે કંઈ છે તે પૂરતું નથી; જૂનાં પુસ્તકોમાંનાં ઘણાંખરાં હાલ સુલભ નથી, અને ઘણાંખરાંનું પુનર્મુદ્રણ હવે પછી થવાનું નથી. તથાપિ એવી આશા સેવવામાં આવે છે કે આ ગ્રંથમાળા સમિતિ તરફથી ઘડી કઢાયેલી યોજના અનુસાર જે સાહિત્ય રફતે રફતે પ્રગટ કરવામાં આવશે તે ગુજરાતી ખ્રિસ્તી મંડળીની અગત્ય ધીરે ધીરે પૂરી પાડશે.

આ કાર્ય પુષ્કળ શ્રમ માગી લેનારું તેમ જ ખર્ચાળ છે એ નિર્વિવાદ છે. પરંતુ ઈશ્વરપિતાએ પોતાના આ કાર્ય માટે સહાય ઊભી કરેલી છે. ખ્રિસ્તી મંડળીઓની વિશ્વ કાઉન્સિલ પાસે ઈશ્વરવિદ્યાવિષયક પ્રવૃત્તિઓ માટે માતબર નાણાંભંડોળ છે, જેમાંથી દુનિયાના જુદા જુદા પ્રદેશોની આવી યોજનાઓને સહાય કરવામાં આવે છે. એ ભંડોળમાંથી મળતી સહાય વડે આ ગ્રંથમાળા સમિતિ વખત જતાં જાતજાતનાં પુસ્તકો ખ્રિસ્તી મંડળીના હાથમાં મૂકવાની આશા સેવે છે.

પુસ્તકોનો વર્ગ એકદમ ઓળખાઈ આવે માટે વર્ગવાર નીચે મુજબના રંગનાં પૂઠાં રાખવામાં આવશે.

| | | | | |
|---|---|---|---|---|
| બાઇબલના ખુલાસા | ... | ... | જાંબુડા | રંગનાં |
| ધર્મસિધ્ધાંત | ... | ... | લાલ | ,, |
| મંડળીનો ઇતિહાસ | ... | ... | લીલા | ,, |
| પાળકવિદ્યા અને ભજનસેવા | ... | ... | ભૂખરા | ,, |

ઇશ્વરવિદ્યાવિષયક પુસ્તકોના પ્રકાશનમાં અગાઉ ઉ. હિં. સં. મંડળીના સ્કોટ સ્મારક ફંડનો ફાળો ઘણો મોટો છે; એની સહાયથી આજ દિન સુધીમાં અનેક પુસ્તકો છાપી શકાયાં છે, જેની કદર કરી તેનો આભાર માનવામાં આવે છે; વળી ગુજરાત સં. ઈ. વિ. શાળામાં સહકાર કરતી ત્રણ મંડળીઓ–એટલે દક્ષિણ એશિયાની મેથોડિસ્ટ મંડળી, તથા ઉત્તર ભારતની ખ્રિસ્તી મંડળી (અગાઉની ઉ. હિં. સં. મંડળી અને ભાઇઓની મંડળી) તરફથી આ કાર્ય માટે જે ખાસ નાણાંકીય સહાય મળી છે તે માટે તેમના પ્રત્યે પણ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

ધર્મસેવાની તાલીમ આપવા માટે તેમ જ ગુજરાતમાંની સમસ્ત ખ્રિસ્તી મંડળીના વિશ્વાસને સુદૃઢ તથા વધુ મજબૂત કરવા માટે ઈશ્વર-પિતા આ ગ્રંથમાળાની યોજનાને આશીર્વાદિત કરે એ જ આ યોજના–સમિતિની તથા ગ્રંથમાળાના તંત્રીની પ્રાર્થના છે.

ગુજ. સં. ઈશ્વરવિદ્યાશાળા<br>એલિસબ્રિજ<br>અમદાવાદ–૬

**હિમ્મતલાલ આશીર્વાદ**<br>તંત્રી<br>ખ્રિસ્તી ઈશ્વવિદ્યા ગ્રંથમાળા

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ખીણો અને પર્વતો ... ... ... ... | ૧ |
| ૨. | આગલો તથા પાછલો વરસાદ ... ... ... | ૧૮ |
| ૩. | રણ અને વાવેતર ... ... ... ... | ૩૩ |
| ૪. | ધોરીમાર્ગો અને અન્ય માર્ગો ... ... ... | ૪૬ |
| ૫. | આપણા ધર્મસંસ્કારનું નગર ... ... ... | ૬૧ |

## પ્રકરણ ૧

# ખીણો અને પર્વતો

પાલેસ્તાઈન જોકે એક નાનો દેશ છે, છતાં ત્યાં ઘણા મહત્ત્વના બનાવો બનેલા છે. ઉત્તરમાં દાનના મુલકથી યર્દન નદી આગળ વધે છે ત્યાંથી માંડીને લાલ સમુદ્રને છેડે વસેલા એઝીઓન-ગેબેર સુધીનું અંતર ૩૦૦ માઈલ કરતાં થોડુંક ઓછું છે. છતાં તેની છેક દક્ષિણમાં આવેલો ત્રિકોણીય વિસ્તાર રણપ્રદેશ છે અને બાઇબલની દૃષ્ટિએ આ દેશ ફક્ત 'દાનથી બેરશેબા' જેટલો જ વિસ્તરેલો ગણાય. એઝીઓન-ગેબેરની ઉત્તરમાં ૧૨૦ માઈલ જેટલે દૂર બેરશેબા છે. એક સમયની માન્યતા કરતાં દક્ષિણના રણપ્રદેશમાં વધારે વસાહતો હતી, પણ બાઇબલની વાતમાં તેને ખાસ મહત્ત્વ અપાયું લાગતું નથી. પશ્ચિમના દરિયાકાંઠાથી પૂર્વના રણપ્રદેશના છેડા સુધીનું અંતર યરૂશાલેમના અક્ષાંશ પ્રમાણે ફક્ત ૭૫ માઈલ છે. માત્ર ૧૫૦ ફૂટ લાંબા અને ૭૫ ફૂટ પહોળા આ ચોખંડા વિસ્તારમાંયે મોટો ભાગ રણ છે, ને બાકી રહેલા પ્રદેશનો મોટો ભાગ જૂના કરારના કાળમાં પલિસ્તીઓ, મોઆબીઓ અને આમ્મોનીઓ જેવા સ્વતંત્ર લોકોની માલિકીનો હતો. આ ઉપરથી જોઈ શકાય છે કે બાઇબલના પ્રસંગો જે વિસ્તારમાં બન્યા છે તે વિસ્તાર એટલો બધો નાનો છે કે જેમાં એક માણસ, તેના એક છેડેથી બીજા છેડે એક જ અઠવાડિયામાં ચાલીને જઈ શકે.

આ દેશ આટલો બધો નાનો હોવા છતાં પણ તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમાં અનેકવિધ દૃશ્યો જોવાનાં મળે છે. પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર આવેલો છે. પ્રાચીન સમયના યહૂદીઓ તેમાં ઓછો રસ ધરાવતા હતા, કારણ કે તેમના તાબાનો દરિયાકિનારો રેતાળ હોઈ તેમાં સારાં બંદરો ન હતાં. હકીકતમાં તેઓ દરિયાથી ડરતા અને તેને ધિક્કારતા હતા. પૂર્વે આવેલું રણ પણ લગભગ તેટલું જ ભયપ્રેરક હતું. મૃત સમુદ્રની દક્ષિણે થઈ પશ્ચિમ તરફ ઝોક લઈને લગભગ દરિયાકાંઠા નજીક પહોંચી જાય છે. રણ અને દરિયાની વચ્ચે પાલેસ્તાઈન છે. નૈઋત્યમાં સિનાઈ સંયોગીભૂમિની પેલી તરફ નાઈલ નદીની ફળદ્રુપ ખીણ આવેલી છે.

બાઇબલના જમાનામાં મિસરના બળવાન રાજ્યનું એ રહેઠાણ હતું. ઉત્તરમાં ફૈનિકે અને અરામ આવેલાં હતાં. આ બંને રાજ્યો ઇસ્રાએલ કરતાં વધારે ધનિક અને શક્તિશાળી હતાં, પણ મિસર જેટલાં મહત્ત્વનાં ન હતાં. તેમની પેલી તરફ પર્વતનો ઊંચો સપાટ પ્રદેશ છે. આ પ્રદેશમાં હીત્તીઓનું રહેઠાણ હતું. આજે તો આ પ્રદેશ તુર્કસ્તાન તરીકે ઓળખાય છે. દૂર ઇશાન ખૂણે તૈગ્રીસ તથા યુફ્રેતિસ નદીઓનો નિચાણ પ્રદેશ આવેલો છે. તે જમાનામાં મિસરની બરોબરી કરતાં હરીફ રાજ્યો આશ્શૂર તથા બાબેલોનનો આ મુલક હતો.

છેક ઉત્તરમાં યુફ્રેતિસ નદી પશ્ચિમ તરફ મોટો વળાંક લે છે. જે જગાએ તે તુર્કસ્તાનના પર્વતોને છોડીને સપાટ પ્રદેશમાં દાખલ થાય છે, તે જગા ભૂમધ્ય સમુદ્રથી ૪૦ માઇલ જેટલી દૂર છે. ત્યાંથી યુફ્રેતિસ નદી પાછી પૂર્વ તરફ વળાંક લે છે. આ ઉપરથી એમ સમજાય છે કે બાબેલોન અને ઇરાની અખાતથી માંડીને લગભગ મિસર સુધીના આ "અર્ધચંદ્રાકાર ફળદ્રુપ પ્રદેશ"માં લોકો વસતા અને ખેતીવાડી પણ કરતા. આ અર્ધચંદ્રાકાર પ્રદેશની ઉત્તરમાં અને પૂર્વમાં વિકટ પર્વતની હારો, દક્ષિણમાં રણ અને પશ્ચિમમાં દરિયો હતો. તેથી બાબેલોનના રહેતા લોકોને મિસર જવું હોય ત્યારે તેઓ પશ્ચિમ તરફનું રણ ઓળંગીને જતા ન હતા, પણ ઉપર યુફ્રેતિસ નદીની ઉત્તરમાં ઘણે દૂર સુધી મુસાફરી કરતા. ત્યાર પછી તેઓ દક્ષિણ તરફ વળીને, ભૂમધ્ય સમુદ્રના કિનારા તરફ જવા માટે અરામ અને પાલેસ્તાઇનમાં થઈને જતા. આ રીતે આ પ્રદેશ દરિયા અને રણ વચ્ચે એક જાતનો પૂલ બને છે. આ પૂલનો સાંકડામાં સાંકડો ભાગ એ જ પાલેસ્તાઇન. તેથી જ ત્યાં દેશ પારના લોકોની સતત અવરજવર રહેતી. ચઢી આવતાં લશ્કરો તથા દયાહીન યુદ્ધોની પરંપરાથી આ પ્રદેશનો ઇતિહાસ લગભગ ભરચક છે.

પાલેસ્તાઇનની અંદર લોકોની હિલચાલ સચોટ રીતે જોઈ શકાતી કારણ કે ઉત્તરથી દક્ષિણ સુધી આ આખો દેશ ચાર સ્પષ્ટ વિભાગમાં વહેંચાયેલો છે.

### ૧. પશ્ચિમમાં દરિયાકાંઠાનું મેદાન આવેલું છે.

આ પ્રદેશ ઉત્તરમાં સાંકડો છે. વધારેમાં વધારે પાંચ માઇલ પહોળો છે અને કાર્મેલની પહાડી ભૂશિર આગળ તેનું સંપૂર્ણ વિભાગીકરણ થાય

છે. આકો (Aecho) નામનું અગત્યનું બંદર કાર્મેલની ઉત્તર બાજુએ આવેલું હતું. (ન્યાયાધીશો ૧ : ૩૧).

કાર્મેલની લગભગ દક્ષિણમાં જેમ જેમ આગળ વધીએ તેમ કંઠાળ પ્રદેશનું મેદાન વધારે પહોળું થાય છે. ઠેઠ સુધી આ કંઠાળ પ્રદેશ ખૂબ સપાટ અને રેતાળ હોઈ સારા બંદરો માટે બિનઉપયોગી છે. છતાં ત્યાં એકાદ બે બંદરો બાંધવામાં આવ્યાં હતાં. આ પ્રદેશનો ઉત્તરીય વિભાગ શારોનના નીચાણવાળા મેદાનનો હતો. હાલમાં ત્યાં ઊંચા પ્રકારની નારંગીની વાડીઓ આવેલી છે. જૂના કરારના સમયમાં ત્યાં ધાડ જંગલો હતાં, તેથી ભાગ્યે જ કોઈ ત્યાં રહેતું. ઘણી નાની નાની નદીઓ તે પ્રદેશમાં થઇને આગળ વધવા પ્રયત્ન કરતી, પણ દરિયાકાંઠા આગળ તેમનાં મુખ રેતીના ઢગથી બંધ થઇ જતાં, અને તેમનાં પાણી ઘાસ-કાદવવાળી કર્દમભૂમિમાં છલકાઈ જતાં. વસાહત માટે આ પ્રદેશ જંગલો કરતાં પણ વધારે મુશ્કેલીભર્યો હતો.

દક્ષિણ તરફ આ પરિસ્થિતિ સુધરે છે. મે-યારકોન નદી અફેક નામના નાના શહેરની નજીકના ડુંગરાઓ પાસે થઇને વધે છે અને ત્યાંથી સીધીજ દક્ષિણ તરફ વહી જાય છે. જોપ્પાની નજીક પહોંચે છે, અને ત્યાં ઊભા આવેલા નાના ડુંગરાળ તટને લઇને હલકી જાતનું બંદર બની રહે છે. કમનશીબે આ બંદર ઈસ્રાએલીઓને કબજે ન હતું. પણ દક્ષિણે આવેલા પલિસ્તી-મુલકનો એક ભાગ હતું. પલિસ્તીઓનાં દરિયાકિનારાની નજીકનાં મુખ્ય શહેરો આશ્દોદ, આશ્કેલોન અને ગાઝા હતાં, અને સરહદનું રક્ષણ કરનારાં શહેરો એક્રોન અને ગાથ હતાં. અહીંયાં મેદાન ઝાઝું સપાટ નથી. વળી દક્ષિણમાં વરસાદ ઓછો પડતો હોવાથી અહીં જંગલો કે કાદવવાળી કર્દમભૂમિ પણ ન હતી. તેના બદલામાં ઘઉં, જવ, જૈતવૃક્ષ અને દ્રાક્ષને માફક આવે તેવો ઢાળવાળો સપાટ પ્રદેશ હતો. ખરેખર અહીં પાણીની અછતનો મુખ્ય પ્રશ્ન હતો. હવે શરૂ થતા રણ પહેલાં અગત્યનું શહેર ગાઝા હતું. મિસર જતા મુસાફરોને આ ભયજનક તથા ખરાબાવાળી ભૂમિ પાર કરવા માટે રક્ષક કાફલાનો સંગાથ ન મળે ત્યાં સુધી થોભવું પડતું.

ગાથ અને એક્રોનનાં સરહદી શહેરો પછીથી આવતો પલિસ્તીઓના મેદાનનો અન્તર્પ્રદેશ એટલો બધો ડુંગરાળ પ્રદેશ છે કે બાઇબલમાં તેને "શેફેલાહ" અથવા "નિચાણ પ્રદેશ" જેવું ખાસ નામ આપ્યું છે. ૧૫૦૦

ફૂટની ઊંચાઈવાળા દક્ષિણના ડુંગરાઓ તેમને માટે આવું નામ વિચિત્ર લાગે છે. પણ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આ મુલકને પૂર્વ તરફના વધુ ઊંચાઈવાળા પ્રદેશમાં રહેતા યહૂદીઓએ "સપાટ પ્રદેશ" નામ આપ્યું હતું. "શેફેલાહ"ના ચુનાળા ડુંગરા પલિસ્તીઓના મેદાન તથા યહૂદિયાના ઉચ્ચતર પ્રદેશની વચ્ચે આવેલા છે. વાસ્તવમાં આ પ્રદેશ એ બંને પ્રજાઓમાંથી કોઈનાયે તાબામાં ન હતો પણ જે કોઈ વધારે શક્તિશાળી બને તેના કબજામાં આ પ્રદેશ રહેતો. આ રીતે આ પ્રદેશ એકના કબજામાંથી બીજાના કબજામાં આવજા કરતો.

## ૨. પશ્ચિમના ઉચ્ચપ્રદેશ :

આ પ્રદેશ ઉત્તર–દક્ષિણ વિભાગનો બીજો ભાગ છે. તેની શરૂઆત લબાનોનના ઊંચા પર્વતોથી થાય છે. ફૈનિકેના દરિયાકાંઠેથી એ એકાએક આગળ વધે છે. પ્રાચીન સમયમાં મોટાં દેવદાર–વૃક્ષોનાં જંગલોથી તે ભરપૂર હતો. આ જંગલો અન્ય દેશો માટે અજાયબી અને ઈર્ષા ઉપજાવનાર હતાં, અને તેમનો કબજો મેળવવાને માટે આ દેશો જુદ્ધે ચઢતાં હતાં. મિસર કે આશ્શૂરની પાસે પૂરતું ઇમારતી લાકડું ન હતું, તેથી આ સંપત્તિને પોતાને હસ્તક કરવા માટે તેઓ લીબાની કાંઠા ઉપર આક્રમણો કરતા. આ પ્રદેશમાં પર્વતો ઓળંગવા મુશ્કેલ છે, અને દરિયાકાંઠાનું મેદાન, છૂટા પડેલા જમીનના કકડાઓમાં વહેંચાયેલું છે. તેથી જ આ પ્રદેશ જમીનને બાદ કરતાં સમુદ્ર તરફ જ પોતાની આશાની મીટ માંડે છે. આ વિસ્તાર વધારે વસ્તીને નિભાવી શકે તેમ નથી. પણ તેનો ખડકાળ કાંઠો ઘણાં સુંદર બંદરો માટે ઉપયોગી છે. તેથી તે લોકોનો જીવનનિર્વાહ દરિયા પર વધારે આધારિત છે. પ્રાચીન સમયમાં ફૈનિકેના લોકો મહાન દરિયાઈ વેપારીઓ હતા. તેઓ તેમનાં લાકડાનાં વહાણોમાં ભૂમધ્ય સમુદ્રમાં આરપાર ઠેઠ સ્પેન સુધી તેમ જ આટલાંટિકમાં પણ સફર કરતા.

લબાનોનના પર્વતોની દક્ષિણે આવેલા પશ્ચિમના ઉચ્ચ પ્રદેશો ગાલીલના પ્રદેશમાં થઈને પગથિયાંની હારમાળારૂપે ધીમે ધીમે નીચે ઊતરે છે. "ઉપલાણના ગાલીલ"નો ઊંચો–સપાટ–પ્રદેશ એમાંનું પ્રથમ પગલું છે. જૂના કરારના સમયમાં ત્યાં ઘાડ જંગલો હતાં અને તેથી ત્યાં વધારે વસ્તી સંભવી ન જ શકે. એમાં જેબેલ કીનાઅન મુખ્ય પર્વત છે, જે લગભગ ૩૦૦૦ ફૂટ કરતાં ઊંચો છે અને તે યર્દન નદીની પશ્ચિમ તરફના

પાલેસ્તાઈનની ઊંચામાં ઊંચી જગા છે. જેબેલ-જીનાઅનની પૂર્વ દિશામાં મેરોમ નામનું નાનું શહેર અને 'મેરોમના પાણી'ની ઊંડી ખીણ આવેલી છે. આ ખીણમાં યહોશુઆએ ઉત્તર તરફનાં કનાની લશ્કરોને હરાવ્યાં હતાં. (યહોશુઆ ૧૧ : ૭).

આકો શહેરથી માંડીને પૂર્વ તરફ એક કાલ્પનિક લીટી દોરીએ તો તે લીટી આગળ ઉપરના ગાલીલનો એકદમ અંત આવે છે. આ વિસ્તારમાં ભૂપડમાં પડેલી મોટી તરાડની સાથે સાથે આ લીટી આગળ વધે છે. તરાડની દક્ષિણની જમીન બેસી ગયેલી છે, અને એમ હાલનું 'નીચલાણનું ગાલીલ' બન્યું છે. આ એક ઊંચો સપાટ પ્રદેશ હોવા છતાં ઘણો જ નીચો છે, અને પુષ્કળ સપાટ પ્રદેશ અને ટેકરીઓમાં વહેંચાયેલો છે. જૂના કરારના સમયમાં આ પ્રદેશ ઝબૂલૂન અને નાફ્તાલીના કબજામાં હતો, અને તે એટલો બધો ખુલ્લો પ્રદેશ હતો કે બહારથી ચઢી આવનાર કોઈ પણ લશ્કરનું એ સૌ પ્રથમ ભોગ બનતું. તેથી જ યશાયાહ પ્રબોધકે તેમના વિષે લખ્યું છે કે, આશ્શૂરના લોકો આ જાતિઓને 'ધિક્કારપાત્ર' ગણે છે (યશા. ૯ : ૧). આ વિસ્તારના લોકો ઉપર વિધર્મીઓની અસર સ્પષ્ટ દેખાય છે. યરૂશાલેમના લોકોની દૃષ્ટિએ તેઓ ભયંકર રીતે સ્વતંત્ર વિચારવાળા ગણાતા હતા (યોહાન ૧ : ૪૬; ૭ : ૪૧, ૫૨).

નવા કરારના સમયમાં જ્યારે રોમન સત્તાએ બહારના હુમલાઓનો ત્રાસ દૂર કર્યો ત્યાર પછી ગાલીલનો પ્રદેશ દ્રાક્ષ, ઘઉં અને ઉત્તમ પ્રકારનાં જૈતુન માટે અગત્યનું મથક બન્યું. ઈસુએ પોતાનો મોટા ભાગનો ઉપદેશ આ વિસ્તારમાં આપ્યો હતો. આપણને જણાવ્યા પ્રમાણે ઈસુએ ધૂળવાળા રસ્તા અગર તો રોમન સરકારે તૈયાર કરાવેલા સુંદર રસ્તાઓ ઉપર ચાલીને, અહીંનાં તમામ ગામડાંઓની મુલાકાત લીધી હતી. છતાં એ અજાયબ જેવું છે કે આમાંનાં માત્ર ત્રણ જ ગામોની મુલાકાત વિષે આપણે જાણીએ છીએ. નાઝારેથ જ્યાં ઈસુએ પોતાનો બાલ્યકાળ ગાળ્યો હતો; કાના, જ્યાં ઈસુએ પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો હતો (યોહાન ૨ : ૧ થી ૧૧) અને નાઈન જ્યાં તેણે વિધવાના મૃત દીકરાને સજીવન કર્યો (લૂક ૭ : ૧૧ થી ૧૭). નાઈનનું શહેર એન્દોર શહેરની નજીકમાં આવેલું છે. આ એન્દોરમાં શાઊલ રાજા તેના જીવનની છેલ્લી રાત્રિએ ભૂતવૈદેણ સ્ત્રીને મળ્યો હતો (૧ શમૂએલ ૨૮). આ બંને શહેરો "નીચલા ગાલીલ"ના નૈઋત્ય ખૂણામાં જ્વાળામુખીવાળા મોરેહના ડુંગરાના ઢોળાવો પર આવેલાં છે.

આજે કાનાનું માત્ર ખંડિયેર છે અને તે સહલ-બતોફના ઢોળાવો પર વસેલું છે. તે પ્રદેશ મોટામાં મોટી ખીણ છે. શિયાળામાં તે કાદવવાળો રહે છે, પણ ઉનાળામાં ઘઉંનો સુંદર પાક એ પ્રદેશમાં ઊતરે છે.

નાઝારેથ વર્તમાન સમયમાં ગાલીલનું મોટામાં મોટું શહેર છે, પણ ઇસુના સમયમાં દક્ષિણ ડુંગરની ધાર ઉપર વસેલું તે એક નાનું ગામ હતું. તે કોઈ મહત્ત્વના રસ્તા ઉપર આવેલું નહોતું. સંભવિત છે કે તે ટેકરીઓના ખરબચડા રસ્તાથી જોડાયેલું હોય. ઈસુને મારી નાખવા માટે લોકો તેને ડુંગરની કોરે લઈ ગયા હતા (લૂક ૪ : ૨૯). તે સ્થળ કયું હશે તે કહેવું સહેલું નથી કારણ પાછલાં વર્ષોમાં આ વિસ્તારની નવે નામે પુનઃરચના તથા બાંધણી થઇ છે.

ત્રીજું પગલું આપણને ડુંગરાઓ પરથી એસ્દ્રાયલોનના નીચાણવાળા મેદાન તરફ નીચે લઈ જાય છે. આ ભાગ લગભગ ત્રિકોણાકારવાળો વિસ્તાર છે, અને આ વિસ્તાર કંઠાળ પ્રદેશના મેદાન સાથે ડુંગરો મધ્યેના એક સાંકડા ઘાટ મારફતે જોડાયેલો છે. એ ઘાટમાં થઈને વહેતી નાની કિશોન નદી આકોના મેદાનમાં ચાલી જાય છે. વળી તે જ ત્રિકોણાકાર ભર્યો વિસ્તાર ઉત્તરે આવેલા મોરેહ ડુંગર તથા દક્ષિણે આવેલા ગિલ્બોઆના પર્વતની વચ્ચે આવતી જેઝરીલની ખીણ વડે યર્દનની ખીણ સાથે જોડાયેલો છે. આ રીતે ત્યાં 'સાંધનારી-જમીન' (Corridor) નો સપાટ પ્રદેશ છે. તે આકોના બંદરને યર્દનની ખીણ તથા પેલી તરફ આવેલા ગીલઆદના દેશની સાથે સાંધનારી જમીનનો સપાટ સાંકડો પ્રદેશ છે. આ સાંધનારો પટો ઘણો જ ફળદ્રુપ વિસ્તાર છે. પરંતુ એસ્દ્રાયલોનના મેદાનનો ત્રિકોણાકાર પ્રદેશ ઘાસ-કાદવવાળી કર્દમભૂમિ બની રહેવા સંભવ છે, કારણકે તે પ્રદેશમાં થઇને કિશોન નદી ભારે મંદગતિથી વહે છે, તથા ભારે વરસાદ પછી તેમાં એકદમ પૂર આવે છે. છતાં પણ, તે પ્રદેશની મધ્યમાંથી વધુ કઠણ ખડકની હાર, ઈશાનખૂણાથી અગ્નિખૂણા સુધી પ્રસરેલી છે. આ ખડકો મેદાનની ઉપર થોડાક ફૂટ ઊંચે ઘાસ-કાદવવાળી કર્દમભૂમિમાં જવા આવવાનો રસ્તો બની રહે છે. આ કુદરતી રસ્તાને ઈશાન છેડે એકલવાયો ટાબોરનો ડુંગર આવેલો છે અને નૈઋત્ય છેડે મગીદો નામનું અગત્યનું નાનું શહેર આવેલું છે.

આ કુદરતી રસ્તાની દક્ષિણે આવેલો પ્રદેશ ઊંચાણવાળો બનતો જાય છે. એને આમ તો સમરૂન તરીકે ઓળખવામાં આવે છે. પણ એને ત્રણ વિભાગમાં આપણે વહેંચી નાખીએ : (૧) મનાશ્શાહ, (૨) કાર્મેલ અને (૩) એફ્રાઈમ.

મનાશ્શાહનો વિભાગ શખેમ નામના ગામની આસપાસ ફેલાયેલો છે. ભૂસ્તરવિદ્યાની દષ્ટિએ તે રકાબીની જેમ આસપાસની ધારે ઊંચાણવાળો અને વચ્ચે નીચાણવાળો પ્રદેશ છે. પરંતુ એની મધ્યમાં આવેલો ખડક સખત ચૂનાના પથ્થરનો બનેલો છે, અને ઘસારાનો સામનો કરતો હોવાથી તે ડુંગરાળ પ્રદેશ બન્યો છે, જેમાંના બે પર્વત એબાલ અને ગીરીઝીમ તરીકે ઓળખાય છે. તેઓ બંને શખેમની સામસામી બાજુએ આવેલા હોવાથી જાણે રકાબીની વચ્ચે બરફના બે નાના કકડા મૂકયા હોય તેવું લાગે છે (પુનર્નિયમ ૨૭ : ૧૨–૧૩). એની અનેક ઠેકાણે તૂટેલી ધાર તેમ જ અંદરના ભાગની ખીણો મળીને સ્વરક્ષણ કરવા માટે આ પ્રદેશને અશક્તિમાન બનાવે છે.

**કાર્મેલ** : એ મનાશ્શાહથી માંડીને ઇશાન તરફ આગળ વધતા ઉચ્ચ પ્રદેશનો પટો છે, જે આગળ વધી અંતમાં એકાએક સીધા ઢોળાવવાળા પર્વતના રૂપમાં ભૂશિર બની દરિયામાં ઘૂસે છે. બંને છેડે આ જમીન ઊંચી છે અને વચ્ચેના ભાગમાં કંઈક નીચી છે. અને અહીં વચલા ભાગમાં તે એસ્દ્રાયલોનના મેદાનને તથા શારોનના મેદાનને એકબીજાથી છૂટાં પાડે છે. પરતું તે ખૂબ ગીચ જંગલોવાળો અને સામાન્ય રીતે સીધા ઢોળાવોવાળો પ્રદેશ હોવાથી તેમાં થઈને કોઈ પણ જગાએથી આગળ વધવું મુશ્કેલ બને છે. પરિણામે એમાં આવેલી સાંકડી અને ચૂનાવાળી ખીણો એમાં થઈને પસાર થવા માટે અગત્યના ઘાટો બની રહે છે. તેમાંનો એક ઘાટ વાડીઆરા છે, અને તે મગીદોના કબજામાં છે. આ મગીદો એસ્દ્રાયલોનની ઘાસ–કાદવવાળી કર્દમભૂમિમાંથી પસાર થતા રસ્તાનો પણ કબજો ધરાવે છે.

અગ્નિ અને નૈઋત્યના ખૂણાના ઊચ્ચપ્રદેશો કોઈ પણ જગાએ ૨૦૦૦ ફૂટ જેટલાયે ઊંચા નથી, પરંતુ તેનાં ધાડ જંગલોને લીધે ત્યાં વસ્તી ઘણી જ ઓછી છે. એનાં સૌથી ધાડ જંગલો સમુદ્રની નજીકના ભાગમાં આવેલાં છે. પ્રબોધકો વારંવાર કાર્મેલની પ્રતિભાની સરખામણી લબાનોનની પ્રતિભા સાથે કરે છે (યશાયાહ ૩૫ : ૨).

કાર્મેલનાં જંગલો પ્રભાવિત તથા ડરપ્રેરક લાગતાં હોવાથી આ લોકો ડુંગરાળ ભૂશિરને પવિત્ર પર્વત તરીકે ગણે છે. આ કાર્મેલ પર્વત ઉપર

કોઈક ઠેકાણે એલીયાહ પ્રબોધક બઆલના પ્રબોધકો સાથે મોટી હરિફાઈમાં ઊતર્યો હતો (૧ રાજા ૧૮ : ૧૭–૪૦).

**એફ્રાઈમનો મુલક :** મનાશ્શાહની દક્ષિણે આવેલો છે, અને તેનો આકાર ચૂનાળા પથ્થરના મોટા ઘૂમ્મટ સમો છે. તેના સૌથી ઊંચા ભાગો ૩૦૦૦ ફૂટથી વધારે ઊંચા છે. તેની આવી ઊંચાઇ ખૂબ વરસાદ ખેંચી લાવે છે, અને પેલા ચૂનાળા પથ્થરો તૂટીને 'ટેરારોસા' નામની લાલ કીમતી માટીમાં ફેરવાય છે જે દ્રાક્ષ અને જૈતુનના ઉછેર માટે ઉત્તમ છે. આજે એફ્રાઈમના મોટા ભાગમાં જૈતુનનો ઉછેર સળંગ ચાલે છે, પણ જૂના કરારના સમયમાં આ વિસ્તારમાં ઠીક ઠીક વિસ્તૃત જંગલો હોવાં જોઇએ. એકદમ સીધા ઢોળાવવાળા ચુનાળ ખડકો અને તેમની સાંકડી તથા તદ્દન સીધા ઢોળાવવાળી ખીણો મળીને એફ્રાઈમનું શ્રેષ્ઠ રીતે રક્ષણ કરે છે. પ્રાચીન સમયમાં જયારે બીજાં કુળો કનાનમાં ઠરીઠામ માટે હજી મથી રહ્યાં હતાં ત્યારે એફ્રાઇમે સૌ પ્રથમ વસવાટ કર્યો હતો. સૌ પ્રથમ એફ્રાઇમના મુલકમાં આવેલા શિલોહ નગરમાં કરારકોશને રાખવામાં આવ્યો હતો એ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. પરંતુ અફેકની ભયંકર લડાઇ પછી પલિસ્તીઓએ શિલોહ નગરનો નાશ કર્યો હતો (૧ શમૂએલ ૪) અને યિર્મેયાહના સમયમાં પણ તે ખંડિયેર જ હતું (યિર્મેયાહ ૭ : ૧૨).

એફ્રાઈમના ઉચ્ચ પ્રદેશો આગળ વધીને મૃત સરોવરની દક્ષિણે આવેલા તેના જેવા યહૂદાહના ઉચ્ચ પ્રદેશો સાથે માલૂમ ન પડે તેવી રીતે મળી જાય છે. આ બંને ઉચ્ચપ્રદેશોની વચ્ચે બિન્યામીનનો મુલક આવેલો છે. બિન્યામીનના ઉચ્ચ પ્રદેશો એફ્રાઈમ તથા યહૂદાહના ઉચ્ચ પ્રદેશો કરતાં થોડા નીચા છે, અને એ બંને સાથે તે નીકટપણે જોડાયેલા છે. બિન્યામીનના આ ઉચ્ચ પ્રદેશો અગત્યના છે, કેમ કે બંને બાજુથી એમાં ઠીકઠીક સહેલાઈથી પ્રવેશી શકાય છે; પશ્ચિમ તરફથી આયલોનની પહોળી ખીણ મારફતે પ્રવેશી શકાય છે. આ આયલોનની ખીણમાં યહોશુઆએ સૂર્યને સ્થિર ઊભો રાખ્યો હતો (યહોશુઆ ૧૦ : ૧૨). વળી પૂર્વ બાજુએ યરેખો તરફથી આવીને ઉપલાણ તરફ જતી અગત્યની ખીણ મારફતે પ્રવેશી શકાય છે. ઉત્તરનું બેથેલ અને દક્ષિણનું યરૂશાલેમ આ આડા વિભાગની હિલચાલને બાંધે છે. બેથેલ, એફ્રાઈમનું છેક દક્ષિણનું શહેર છે. યરૂશાલેમ, યહૂદાહની ઉત્તર તરફની હદ ઉપરનું શહેર છે. આ વિસ્તારમાં

ઘણાં અગત્યનાં સ્થળો આવેલાં હતાં. શાઉલ રાજાનું મુખ્ય મથક ગીબીયાહ (૧ શમૂએલ ૧૧ : ૪), યોનાથાને પલિસ્તીઓ ઉપર એકાએક હલ્લો કર્યો હતો તે મીખમાશ (૧ શમૂએલ ૧૪ : ૧-૩૫), જ્યાં શમૂએલે લોકોનો ન્યાય કર્યો હતો તે મીઝપાહ (૧ શમૂએલ ૭ : ૧૬), જ્યાં યિર્મેયાહનું ઘર હતું તે આનાથોથ (યિર્મેયાહ ૧ : ૧), તેમ જ જ્યાં યહૂદાહ અને ઇસ્રાએલના રાજાઓએ એકબીજા સામે કિલ્લા બાંધ્યા હતા તે રામાહ અને ગેબા (૧ રાજા ૧૫ : ૧૬-૨૨).

પશ્ચિમના ઉચ્ચ પ્રદેશોનો છેલ્લો વિભાગ યહૂદાહનો ડુંગરાળ પ્રદેશ છે. એનું મુખ્ય મથક હેબ્રોન છે જે દરિયાની સપાટીથી ૩૦૦૦ ફૂટ કરતાં વધારે ઊંચું છે. યહૂદાહનો મુખ્ય ખડક એફ્રાઈમના ચૂનાળ ખડકને મળતો આવતો ચૂનાળ ખડક છે. તેથી બંને ખડકો માટે દ્રાક્ષ અને જૈતુનનો પાક પુષ્કળ પ્રમાણમાં છે. પણ હવે આપણે દક્ષિણ તરફ આગળ વધીએ છીએ તેમ વરસાદ ઓછોને ઓછો થતો જાય છે, અને છેક દક્ષિણમાં તો વરસાદની ભારે અછત હોય છે. અહીં દક્ષિણમાં પણ ઉચ્ચ પ્રદેશ બેરશેબાની દક્ષિણે આવેલા ખડકાળ પ્રદેશમાં ઓચિંતા ફેરવાય છે. આ બેરશેબા યહૂદાહનું સરહદી થાણું છે.

યહૂદાહનો મુલક પૂર્વ અને પશ્ચિમ બાજુઓથી 'યહૂદાહ' સ્વરક્ષણ કરી શકે છે કારણ કે લશ્કરી ડાબી અને જમણી પાંખની જેમ ચૂનાના પથ્થરોવાળો ઉચ્ચ સપાટ પ્રદેશ યહૂદાહની બંને બાજુ આવેલો છે. પાક નીપજાવી ન શકાય એવો આ પોચો અને અતિશય છિદ્રાળુ ખડક સતત ઘસારાથી ખવાઈ ખવાઈને સહેલાઈથી ખીણમાં ફેરવાય છે, અને એમ પશ્ચિમ તરફ એક સાંકડી ખીણ યહૂદાહના ઉચ્ચ સપાટ પ્રદેશ અને શેફેલાહના નીચા ડુંગરાઓને વિભાગે પાડે છે તેને માટે યહૂદાહે પલિસ્તીઓ સાથે ઝઘડો ઉઠાવ્યો હતો. પૂર્વમાં જ્યાં જમીનનો ઢોળાવ ધીમે ધીમે મૃતસરોવરે પહોંચે છે ત્યાં વિશાળ વિસ્તારમાં આ ચોક ખુલ્લો દેખાય છે. આ ઉચ્ચ પ્રદેશોમાં પવન સામેની દિશામાં વરસાદ ઘણો જ ઓછો પડે છે; અને જે કાંઈ થોડો ઘણો વરસાદ હોય છે તેને પણ તરસ્યો ચોક શોષી લે છે, અને એમ ત્યાં યસીમોનનું ઉજ્જડ રણ બની રહે છે (ગણના ૨૧ : ૨૦; ૧ શમૂએલ ૨૪:૧). આ રણ યરૂશાલેમની લગભગ છેક નજીક છે. આમ યહૂદાહને પૂર્વ તથા પશ્ચિમે સારું રક્ષણ મળી રહે છે, પણ દક્ષિણમાં એટલે જ્યાં અમાલેકીઓ

તેને સતાવતા હતા તે તરફ તેને પૂરતું રક્ષણ મળતું નહોતું, પણ શાઊલે તથા દાઉદે અંતમાં અમાલેકીઓને સમૂળા જીતી લીધા ત્યાર પછીથી પરિસ્થિતિ બદલાઈ ગઈ. પરંતુ વાયવ્ય ખૂણા તરફ યહૂદાહનું સ્થાન નબળું હતું, કારણ, ત્યાં આવેલી આયલોનની ખીણમાં થઈને અંદરના ઊચ્ચ પ્રદેશમાં જવું સહેલું હતું. આ ખીણને 'બેથ-હોરોનનો ચઢાવ' એ નામે પણ ઓળખવામાં આવતી હતી, અને યરૂશાલેમ તરફ જાણે પીસ્તોલ ધરી હોય એવી આ ખીણને માર્ગે જ યરૂશાલેમ શહેર પરના મોટા ભાગના ગંભીર હુમલાઓ કરવામાં આવતા હતા.

દક્ષિણમાં ત્રિકોણાકારે આવેલા નેગેબ પ્રદેશને ત્રણ ભાગમાં વિભાગી શકાય :

**પહેલો વિભાગ :** ગાઝાની દક્ષિણે આવેલું દરિયાકાંઠાનું મેદાન છે. તેના કેટલાક ભાગો રેતીના વિસ્તૃત ઢગલાઓથી ઢંકાયેલા છે, જ્યારે બીજા ભાગોમાં અહીંતહીં ઠીક ઠીક પ્રમાણમાં કૂવાઓ આવેલા છે, અને ખેતીવાડી પણ થાય છે.

**બીજો વિભાગ :** બેરશેબાની દક્ષિણે આવેલો છે. એમાં જેમ આગળ વધીએ તેમ જમીન બહુ ધીરે ધીરે ઊંચાણવાળી બનતી જાય છે. અને અહીં 'વાડી' (વહેળિયા)નાં પહોળા ભાઠાની કાળજી રાખીએ તો ખેતીવાડી થઈ શકે છે. રોમન રાજ્યના સમયમાં અહીં કેટલાંક અગત્યનાં વ્યાપારી નાનાં શહેરો પણ હતાં.

**ત્રીજો વિભાગ :** ઘણો મોટો છે. નિર્ગમન દરમિયાન ઇસ્રાએલીઓએ લાંબી મુદત સુધી જે સ્થળે પડાવ નાખ્યો હતો તે કાદેશ-બાર્નીઆથી માંડીને વાયવ્ય તરફ કાલ્પનિક લીટી દોરીએ તો તે લીટીની દક્ષિણે તથા પૂર્વે આ પ્રદેશ આવેલો છે (નિર્ગમન ૧૩:૨૬). આ કાલ્પનિક લીટીથી ખેડાણવાળી જમીનનો પૂરેપૂરો અંત આવે છે, અને તેની પેલી તરફ માત્ર જંગલ છે જ્યાં સીધા ખડકોવાળી ખીણો, ઉજ્જડ સીધા ઢોળાવો, ઊભા ડુંગરાળાં શીખરો અને ચકમકના નકામા મોટા વિસ્તાર જ જોવા મળે છે, નેગેબના ડુંગરા ખાસ ઊંચા નથી અને માત્ર ઇજિપ્તની દક્ષિણ તરફની સરહદ નજીક ૩૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈ છે છતાં પણ આ વિસ્તાર અને વિશેષે કરીને તેનો અગ્નિખૂણાનો વિશાળ વિસ્તાર મુસાફરી માટે અધિક મુશ્કેલીભર્યો છે.

**૩. તડની ખીણ** (રીફ્ટ વેલી) : વિશાળ ઉત્તર દક્ષિણ વિભાગનો આ ત્રીજો ભાગ છે.

આ તડની ખીણ પશ્ચિમના ઉચ્ચ પ્રદેશને અને અરબસ્તાનના સપાટ ઉચ્ચ પ્રદેશને છૂટા પાડે છે, અને આ રીતે દેશને બે વિભાગમાં વહેંચી નાખે છે. ભૂસ્તર વિદ્યાની દૃષ્ટિએ જે બધી મહાન તડો તુર્કસ્તાનની સરહદથી લાલ સમુદ્રમાં થઇને પૂર્વ આફ્રિકાના પર્વતો સુધી વિસ્તરેલી છે તેના માત્ર એક ભાગ તરીકે આ તડ છે. આ તડ પેલેસ્તાઈનમાં સ્પષ્ટ રીતે ઓળખી શકાય તેવા કેટલાક વિભાગોમાં વહેંચાયેલી છે.

**क**–ઉપલાણના પ્રદેશની કોઇલે–સીરિયા નામની ખીણ લબાનોન અને એન્ટી લબાનોન પર્વતોની બે મોટી હારમાળા વચ્ચે આ ખીણ આવેલી છે. આ હેર્મોન પર્વત સૌથી ઊંચું શીખર છે. આ ખીણનો સૌથી ઊંચો ભાગ દરિયાની સપાટી કરતાં ૩૦૦૦ ફૂટ જેટલો ઊંચો છે, જે પાલેસ્તાઇનના પર્વતો કરતાં પણ ઊંચો છે. અહીં બાલ્બેકમાં પુરાણા રોમન મંદિરનાં ખંડિયેર આવેલાં છે. દક્ષિણમાં આવેલા ઇજોનના મેદાન સુધી આ ખીણ ઝડપથી નીચે ઊતરે છે (૧ રાજા ૧૫:૨૦). ઇજોનનું મેદાન તે જ વર્તમાન સમયનું મર્જ–અયૂન છે. તે ભૂમધ્ય સમુદ્ર કરતાં ૧૬૦૦ ફૂટ ઊંચું છે. ત્યાર પછી આ ખીણ એકાએક નીચે ઊતરે છે, અને હુલેહ બેઝીનની ખીણ સાથે મળી જાય છે, જેની ઊંચાઇ કોઇપણ જગાએ, દરિયાની સપાટી કરતાં ૩૦૦ ફૂટથી વધારે નથી.

**ख–હુલેહની ખીણ** : પાલેસ્તાઇનના વિભાગોમાંનો આ સૌ પ્રથમ વિભાગ છે, અને ઇસ્રાએલનું તે છેક ઉત્તરમાં આવેલું છેલ્લું થાણું છે. ચાર ઝરણમાંથી નીકળતી યર્દન નદી અહીંથી આકાર લેતી થાય છે. તેમાંના બે ઝરણ ઇજોનના મેદાનમાંથી આવે છે અને બાકીના બે ઝરણ હેર્મોન પર્વતની તળેટીમાંથી એટલે કે દાન અને કાઇસારીઆ–ફીલીપ્પી પાસેથી નીકળે છે. દાન શહેર દાનના કુળનું મુખ્ય મથક હતું અને દમસ્કસ તરફથી ઇસ્રાએલ ઉપર થતા હુમલાઓને ખાળતું હતું; જ્યારે કોઇલે સીરીયા તરફથી થતા હુમલાઓને આબેલ–બેથ–માખાહ ખાળતું હતું. આ આબેલ બેથ–માખાહમાં શેબા નાસી ગયો હતો અને પાછળથી ત્યાં જ તેને મારી નાખવામાં આવ્યો હતો (૨ શમૂએલ ૨૦:૧૪).

આ આખા પ્રદેશને પ્રવિત્ર માનવામાં આવતો હશે એવું લાગે છે. કારણ કે ત્યાં ભેદી, ઘાસ–કાદવવાળી કર્દમભૂમિ તથા હેર્મોન પર્વત આવેલો

છે અને તેની તળેટીમાં આવેલી ચૂનાળા પથ્થરોની ગુફાઓમાંથી જોરદાર અને મોટાં મોટાં ઝરણાં વહી નીકળતાં યરોબઆમ પહેલાએ સોનાના બે વાછરડાઓમાંના એકને અહીં દાનમાં ગોઠવ્યો હતો (૧ રાજા ૧૨:૨૯). ઇસ્રાએલીઓ આ વાછરડાના સમ ખાતા હતા તેથી આમોસ પ્રબોધકે તેમને ઠપકો આપ્યો હતો (આમોસ ૮ : ૧૪); તે ઉપરાંત પ્રાચીન કાળમાં લોક કહેતા હતા કે 'લોકો આબેલમાં નીશ્ચે સલાહ પૂછશે' અને એમ કરીને તેઓ (તકરારી વાતનો) નિર્ણય લાવતા (૨ શમૂએલ ૨૦ : ૧૮). હુલેહનું સરોવર બહુ છીછરૂં છે અને તેની ઉતરના રકાબીશા ખીણ પ્રદેશનો મોટો ભાગ કાયમી ઘાસ કાદવવાળી કર્દમભૂમિ છે. હાલમાં તેને કોરો પ્રદેશ બનાવવામાં આવે છે, પરંતુ બાઇબલના સમયમાં હેરફેર માટે તે વિસ્તાર ચોક્કસ અટકાવરૂપ હશે. સરોવરની દક્ષિણે આ ખીણ જ્વાળામુખીને કઠણ ખડકોના ભંગારથી ભરાયેલી છે. તેમાં થઇને યર્દન નદી સાંકડા અને સીધા ઢોળાવવાળી પર્વતીય ખીણમાંથી નીચે ઊતરે છે, અને ત્યાંથી ગાલીલના સરોવર તરફ વહે છે. ગાલીલનું સરોવર દરિયાની સપાટી કરતાં લગભગ ૬૦૦ ફૂટ નીચું છે.

**ગ–ગાલીલની ખીણ**—આ ઘણો મનોહર પ્રદેશ છે. ગાલીલ સરોવર એક મોટી આસમાની રંગની વીણા જેવું છે. તે બાર માઇલ લાંબુ અને પાંચ માઇલ પહોળું છે; અને તેની બધી જ બાજુએ સીધા ઢોળાવવાળા હરિયાળા ડુંગરા છે, જે સરોવરના કિનારા સાથે મળી જાય છે; ફક્ત ઈશાને આવેલું ગેન્નેસારેતનું મેદાન જ એક અપવાદરૂપ છે. આ ભાગમાં ઇસુએ પોતાનાં કાર્યો કર્યાં હતાં, કારણ કે ગાલીલને કાંઠે જ મગદલા (માત્થી ૧૫ : ૩૯) અને કફરનાહુમ (માર્ક ૧ : ૨૧; માત્થી ૧૧ : ૨૩) આવેલાં હતાં અને પાસે જ જ્વાળામુખીમાંથી ઠરેલા કાળમીંઢ ખડક પર, જાણે કે ઉપરથી સરોવરના પાણી પર મીટ માંડતું હોય તેવું ખોરાજીન (માત્થી ૧૧ : ૨૧) પણ આવેલું હતું. વાયવ્ય કિનારે કોઇક જગાએ બેથસાઇદા હતું (યોહાન ૧ : ૪૪), અને તેની ઉપરના ડુંગરા પર, પણ જરા દક્ષિણ તરફ ગેરાસીનીઓનું વતન (માર્ક ૫ : ૧) આવેલું હતું. નવા કરારના જમાનામાં આ પ્રદેશમાં માછલીઓનો ધીકતો ધંધો ચાલતો હતો, કેમ કે અહીં માછલાંને ખારવીને રોમમાં તેની નિકાસ કરવામાં આવતી.

**ઘ–યર્દનની ખીણ**—ગાલીલના સરોવર અને મૃત સરોવરની વચ્ચે લગભગ બે સરખા ભાગમાં તડની ખીણ વહેંચાઈ ગયેલી છે.

ત્યાં બંને બાજુના ડુંગરા એકબીજાની નજીક આવતા હોવાથી તડની ખીણમાં એક સાંકડો પટો પડે છે, અને આ પટાને લીધે એ ખીણ બે ભાગમાં વહેંચાઈ જાય છે. આ સાંકડા પટાની ઉત્તરે યર્દન નદી ઝાઝી ઊંડી નથી, તેથી તે સહેલાઈથી ઓળંગી શકાય છે. આ કારણથી તેના પૂર્વ અને પશ્ચિમ બાજુના પર્વતો મનાશ્શેહના કુળના કબજામાં હતા. પરંતુ દક્ષિણ તરફની આબોહવા રણના જેવી છે, અને ત્યાં યર્દન નદી ખીણના તળિયા કરતાંયે ઊંડી જાય છે, અને જાણે ઊંડો હવાડો બનાવે છે. આથી આ વિભાગમાં નદી પાર કરવાનું કામ ઉત્તરના ભાગ કરતાં અઘરું બની જાય છે. આમ આ ખીણ ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે:

(૧) ઘોર, અથવા તો ડુંગરાઓની બંને બાજુની તળેટીઓનો એકંદરે સપાટ પ્રદેશ;

(૨) કત્તરા, અથવા તો યર્દન નદીના હવાડા જેવા ભાગના વેરાન અને ઉજ્જડ ઢોળાવો; અને

(૩) ઝોર અથવા તો નીચે આવેલાં અટપટાં અને ઘાડ જંગલો જેમાં થઈને યર્દન નદી વહે છે. આવો આ ભાગ અવરજવર માટે લગભગ અભેદ્ય અટકાવરૂપ બની રહે છે, અને પ્રાચીન સમયમાં તો એ ભાગ સિંહ, જંગલી સુઅર અને મગર જેવાં ભયંકર તથા રાની જાનવરોથી ભરપૂર હતો. તે જમાનામાં આ વિસ્તાર 'યર્દનના ગર્વ' તરીકે ઓળખાતો હતો (ઝખાર્યાહ ૧૧ : ૩), અને તેનો અર્થ કદાચ 'યર્દનનું પૂર' એવો પણ હોઈ શકે (યિર્મેયાહ ૧૨ : ૫; ૪૯ : ૧૯).

**ચ–મૃત સમુદ્ર**—મૃત સમુદ્ર ૪૩ માઈલ લાંબો, નવ માઈલ પહોળો અને ૧૩૦૦ ફૂટ ઊંડો છે. અનેક પ્રકારના ક્ષારોથી તે એટલો બધો ભરપૂર છે કે તેમાં ડૂબવું એ અશક્ય છે. માછલાં પણ તેમાં જીવી શકતાં નથી, અને વરસાદની અછતને લીધે આ વિસ્તારમાં ખેતીવાડી પણ અશક્ય છે. વળી ઊંચા પર્વતો પાણીમાંથી સીધા જ ઉપસી આવેલા લાગે છે. છૂટી–છવાયી સપાટ જમીન કોઈ કોઈ ઠેકાણે જરા અમથી જોવા મળે છે, અને ત્યાં ખેતીવાડી કરી શકાય એવાં ઝરણાં હોય છે. આવાં સ્થળે શાકભાજી અને ફળો પકવી શકાય છે. પશ્ચિમ કિનારે આવેલું એનગેદી ગામ એમાંનું એક સ્થળ છે (ગી. ગી. ૧ : ૧૪). મૃત સમુદ્રની દક્ષિણની ખીણ માત્ર થોડાક જ ફૂટ ઊંડી છે. માનવામાં આવે છે કે, લીસાનના દ્વીપકલ્પની દક્ષિણે પાણી ન હતું, પણ આશરે ૩૫૦૦ વર્ષો પૂર્વે ધરતીકંપને કારણે

આ વિસ્તાર નીચો ઊતરી ગયો હતો. જો એમ જ હોય તો પૂર્વના ઉચ્ચ સપાટ પ્રદેશમાંથી નીકળી આવીને ઝેરેદ નદી આ વિસ્તારની જે નાની ફળદ્રુપ જમીનને સિંચતી હતી તે જમીનમાં સંભવ છે કે સદોમ તથા ગમોરાહ આવેલાં હતાં; પરંતુ આ શહેરો સંબંધીને પત્તો આજ સુધી મળી શકયો નથી. પૂર્વ તરફના ઉચ્ચ સપાટ પ્રદેશની ધારે હેરોદ રાજાનો માખેરૂસનો મહેલ હતો, અને સંભવ છે કે અહીંજ યોહાન બાપ્તીસ્મીનો શિરચ્છેદ કરવામાં આવ્યો હોય (માર્ક ૬ : ૧૭-૨૯). વળી હેરોદ રાજાનો મસાદા નામનો બીજો એક કિલ્લો પશ્ચિમની ધારે આવેલો હતો. ઈ. સ. ૭૦ માં યરૂશાલેમનો નાશ થયો તે પછી યહૂદીઓએ આ કિલ્લા આગળ આખરી અને મરણિયો હલ્લો કર્યો હતો.

છ-**અરાબાહ**—આ છેલ્લો વિભાગ ૧૦૦ માઈલ લાંબો છે, અને મૃત સમુદ્રની દક્ષિણે લગભગ ૫૦ માઈલ દૂરની જમીન ઊંચી થતી જઈને દરિયાની સપાટી કરતાં ૬૫૦ ફૂટ જેટલી ઊંચી થઈ છે. ત્યાર પછી તે જમીન લાલ સમુદ્ર સુધી નીચે ઊતરતી જાય છે. દરેક જગાએ આ બધો વિસ્તાર લગભગ રણપ્રદેશ છે, અને જમીન ઉજ્જડ તથા વેરાન છે. છતાંયે આ વિભાગનું મહત્ત્વ હતું ખરું, કારણ કે પૂર્વ તરફ અદોમના મોટા ડુંગરાઓની તળેટીમાં ત્રાંબાની ખાણો આવેલી હતી. અને બીજું કે આ ખીણ જ લાલ સમુદ્રને કાંઠે આવેલા એઝીઓન-ગેબેર નામના અગત્યના બંદરે જવાનો રસ્તો હતો. સૌથી અગત્યની ખીણ પૂનોનમાં હતી. સંભવ છે કે ત્યાંજ મૂસાએ પિત્તળનો સર્પ બનાવ્યો હતો (ગણના ૨૧:૪-૯; ૩૩:૪૨-૪૩). સામાન્ય રીતે તે ખાણો અદોમના કબજામાં હતી, પરંતુ યહૂદાહની આંખ તેના પર હતી, અને યહૂદાહ જે વર્ષોમાં ખૂબ શક્તિશાળી રાજ્ય બન્યું ત્યારે જ તે આ ખાણોનો કબજો મેળવી શકયું હતું. સુલેમાન રાજાએ ઈલોથની નજીક આવેલા એઝીઓન-ગેબેરમાં ત્રાંબાને ઓગાળવા અને તેની વસ્તુઓ બનાવવા માટે જે ભઠ્ઠી બાંધેલી તે ભઠ્ઠીની શોધ પુરાતત્ત્વવેત્તાઓએ કરી છે. સુલેમાન રાજાના કબજામાં જ્યારે આ પ્રદેશ હતો ત્યારે તેણે તેનો પ્રખ્યાત "લાલ સમુદ્રનો લશ્કરી કાફલો" પૂર્વ આફ્રિકા મોકલ્યો હતો (૧ રાજા ૧૦ : ૨૨).

૪. **પૂર્વના ઉચ્ચ પ્રદેશ**—આ ઉત્તર-દક્ષિણ વિસ્તારનો છેલ્લો વિભાગ છે. આ પ્રદેશ લગભગ દરેક જગ્યાએ "પશ્ચિમના ઉચ્ચપ્રદેશો"

કરતાં ઊંચો છે, એટલું જ નહિ પણ એ જગાએ તો વધારે ઊંચો છે: સમરૂનની સામે આવેલું ગીલઆદ બીજી જગાઓ કરતાં ૩૦૦૦ ફૂટથી વધારે ઊંચું છે; અને દક્ષિણમાં આવેલું અદોમ બીજી જગાઓ કરતાં ૫૦૦૦ ફૂટથી વધારે ઊંચું છે.

નદીઓના વહેણથી બનેલી વિશાળ, બંને બાજુએ ઊભા ખડકોવાળી, ઊંડી અને સાંકડી એવી ચાર ખીણો અહીં આવેલી છે: યારમુકની ખીણ, યાજબોકની ખીણ, આર્નોનની ખીણ અને ઝેરેદની ખીણ. પહેલી નજરે નિહાળતાં આ ખીણો શ્રેષ્ઠ સરહદો બનાવતી હોય તેમ લાગે છે. આ ખીણો અમુક સમયે સરહદો તરીકે ગણવામાં આવેલી ખરી, પરંતુ અદોમ અને મોઆબની વચ્ચે આવેલા ઝેરેદ સિવાયની બાકીની સરહદો માત્ર હંગામી સરહદો જ હતી (દા. ત. પુનર્નિયમ ૩:૧૬). જ્યારે ખરો વિભાગ તો આ પ્રદેશનાં ચાર જુદાં જુદાં જીવનધોરણથી બને છે.

**क-બાશાનના ઉચ્ચ સપાટ પ્રદેશનો ખેડૂત:**

યારમુકની ખીણને લીધે આ સપાટ અને જરા ઊંચા પ્રદેશના બે વિભાગ પડે છે. તે પ્રદેશમાં પૂરતું પાણી મળે છે અને તે ફળદ્રુપ છે. ઘઉંના શ્રેષ્ઠ ઉત્પાદન તથા માતેલાં ઢોર માટે આ ભાગ પ્રખ્યાત છે (ગીતશાસ્ત્ર ૨૨ : ૧૨, આમોસ ૪ : ૧). પણ આ પ્રદેશમાં કોઈ પર્વત આવેલો ન હોવાથી એનું અસરકારક રીતે સંરક્ષણ કરવાનું કામ લગભગ અશક્ય જેવું બની જતું, અને બાશાન વિષેનાં લગભગ બધાં વર્ણનમાં જાણવા મળે છે કે ગમે તે લશ્કર કોઈ પણ જાતના સામના સિવાય આ પ્રદેશમાં થઈને આગળ વધેલાં છે. આમ કાંસાયુગમાં ઉત્પત્તિના ૧૪ મા અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે ચાર રાજાઓ તેમાં થઈને કૂચ કરી ગયા હતા; એમ જ ઇસ્રાએલીઓ પણ ઓગ રાજાની સામે લડવા ચાલી નીકળ્યા ત્યારે બાશાન પ્રદેશમાં થઈને જ આગળ વધ્યા હતા (પુનર્નિયમ ૩ : ૪). આ આખો પ્રદેશ એક મોટું રણક્ષેત્ર હતું; અને એમાં જ ઇસ્રાએલ તથા આરામનાં લશ્કર એકબીજા સાથે સતત લડતાં રહેતાં હતાં. ઘણા લાંબા સમય સુધી આ પ્રદેશ સમરૂનના કબજામાં નહિ પણ દમસ્કસના કબજામાં હતો એમ દેખાય છે. પૂર્વ તરફના જ્વાળામુખીવાળો જંગલપ્રદેશ દ્રુજ આવેલો છે. જૂના કરારના સમયમાં તે બાશાનનાં પર્વત તરીકે (ગીતશાસ્ત્ર ૬૮ : ૧૫), અને નવા કરારના સમયમાં ત્રાકોનીતીસના પ્રદેશ તરીકે ઓળખાતો હતો (લૂક ૩ : ૧).

### ખ–ગીલઆદના ઘૂમટ પર રહેતો પહાડી માણસ :

ઉંચ્ચ સપાટ પ્રદેશનો આ ઊંચો ભાગ યાબોકની ખીણ વડે બે ભાગમાં વહેંચાયેલો છે. એક સમયે આ ભાગમાં ગાઢ જંગલ હતું, અને એનાં જંગલોમાંથી નીપજતી દવાઓ માટે તે પ્રખ્યાત હતો (યિર્મેયાહ ૮ : ૨૨, ૪૬ : ૧૧). જૂના કરારના સમયમાં જંગલોને લીધે આ વિભાગમાં ગામડાં ઓછાં હોવાં જોઈએ, પણ જંગલો કાપીને સાફ કરેલા ભાગોમાં દ્રાક્ષનો મબલખ પાક ઊતરતો હતો. આમ્મોનીઓને આ ફળદ્રુપ પર્વતો લઈ લેવાની ખૂબ દાનત હતી. આમ્મોનીઓનો મુલક અગ્નિ ખૂણે રણ તરફ હતો, અને આ પ્રદેશ ઉપર તેમણે કરેલા અનેક હુમલાઓ વિષે ઘણી વાતો કહેવામાં આવી છે (ન્યાયાધીશો ૧૧ : ૨૯–૩૩; ૧ શમૂએલ ૧૧ : ૧–૧૧).

### ગ–મોઆબ અને આમ્મોનના ઊંચ્ચ સપાટ પ્રદેશ પર રહેતો ભરવાડ :

મૃત સમુદ્રની ઉત્તર તરફના છેડે સીધા પર્વતોના ઢોળાવોનો અંત આવે છે, અને એની જગાએ જેમ દક્ષિણ તરફ આગળ જઈએ તેમ ઓછા ઊંચાણવાળો સપાટ અને પહોળો વિસ્તાર ધીમે ધીમે અને ચોક્કસ પણે ઊંચો બનતો જતો નજરે પડે છે. ફરીથી આર્નોનની મોટી ફાટવાળી ખીણ આ પ્રદેશને બે ભાગમાં વિભાગે છે. આમ્મોનીઓની રાજધાની રાબ્બોથ–આમ્મોનમાં હતી, જ્યાંથી યાબોકની ખીણની શરૂઆત થાય છે, અને દક્ષિણે મોઆબનો પ્રદેશ આવેલો હતો, અને જોકે મુશ્કેલીના સમયમાં આ મોઆબ આર્નોનના દક્ષિણના ભાગમાં ભરાતો, પણ તેણે પોતાની સત્તા લગભગ ગીલઆદના ઢોળાવોની તળેટી સુધી વારંવાર ફેલાવી હતી. અહીં વરસાદ ઓછો પડે છે, તેથી ખેતીવાડી અચોક્કસ છે. પરિણામે આમ્મોન અને મોઆબ, જંગલો વિનાનાં વિશાળ મેદાનો છે, અને ત્યાં સુંદર જાતનાં ઘેટાં ઉછેરવામાં આવે છે (૨ રાજા ૩ : ૪–૫). બહુ ભવ્ય જગા પર આવેલું કીર–હરસેથ શહેર મોઆબનું મુખ્ય શહેર હતું.

### ઘ–અદોમના ઉચ્ચ પ્રદેશોનો વેપારી :

ઝેરેદની દક્ષિણે ઊંચો સપાટ પ્રદેશ એ એની ધારોએ વધુ ઊંચાઈ પકડતો જાય છે, અને એમ કેટલેક ઠેકાણે તો દરિયાની સપાટી કરતાં ૧૫૨૪ મીટરથી વધારે ઊંચો છે, પશ્ચિમના ઢોળાવો ન માની શકાય તેવા ઊભા

તથા ખડકાળ છે, અને ઘણે ભાગે લાલ રેતાળ પથ્થરોના બનેલા છે; અને તેમાંથી ત્રાંબુ મળે છે. આ લાલ ખડકોમાં અદોમના લોકોએ કેટલીક વાર પોતાનાં રહેઠાણ પણ કોતરીને બનાવ્યાં હતાં (ઓબાદ્યાહ ૩). આ પ્રદેશનું મુખ્ય શહેર સેલા હતું અને તેની તાકાતને માટે ઘણું પ્રખ્યાત હતું (ગીતશાસ્ત્ર ૧૦૮ : ૧૦). નવા કરારના સમયમાં તે શહેર પેત્રા તરીકે ઓળખાતું. તે નાબાટના લોકોનું ખડકમાંથી કાપી કાઢેલા એવા કિલ્લાવાળું સુંદર કિલ્લેબંધ શહેર હતું. પ્રાચીન સમયમાં નાબાટના લોકો અને તેમની અગાઉના અદોમના લોકો વેપારીઓ હતા. જેવી રીતે લબાનોનના પર્વતોને લીધે ફૈનિકેના લોકોને પોતાનો ગુજારો મેળવવા બહાર નીકળવું પડયું હતું, તેવી જ રીતે આ ખડકાળ અને બિન લાભદાયક દેશને લીધે નબાટો તથા અદોમીઓને પણ પોતાનું ભરણપોષણ મેળવવા અને વેપાર ખેડવા બહાર નીકળવું પડતું હતું. ફરક એટલો જ કે ફૈનિકી લોકો દરિયા મારફતે વેપાર કરતા, પણ અદોમના લોકો દક્ષિણ તરફના રણના રસ્તાઓ મારફતે અને ખાસ કરીને દક્ષિણ અરબસ્તાનના કીમતી તેજાનાના ઉપયોગી રસ્તાઓ મારફતે વેપાર કરતા હતા. તેઓના વેપારમાંથી તેમ જ તેઓના ત્રાંબામાંથી તેઓની આબાદીની માટે સંપત્તિ મળી રહેતી, કારણ કે માત્ર ઉચ્ચ સપાટ પ્રદેશની ધારે જ પૂરતો વરસાદ પડે છે અને એ ધાર એક નાની અને સાંકડી પટ્ટી હોઇને થોડાંક ગામડાંનું પોષણ કરી શકે એમ નથી.

## પ્રકરણ ૨
# આગલો તથા પાછલો વરસાદ

બાઇબલનું અને તેમાંયે ખાસ કરીને જૂના કરારનું ઘણું જ ઝડપી તથા સામાન્ય વાચન કરીએ તોપણ સ્પષ્ટ રીતે માલૂમ પડે છે કે આબોહવાએ લોકોની વિચારશ્રેણીમાં બહુ જ અગત્યનો ભાગ ભજવ્યો હતો. તે લોકો ખેડૂતો હતા, અને પોતાના ભરણપોષણ માટે વરસાદ તથા સૂર્યપ્રકાશ ઉપર આધાર રાખતા હતા. તેથી કરીને આ વસ્તુઓ તેમની વિચારશ્રેણીમાંથી કદી જ અલગ પડી નથી. નવા કરારમાં પણ જ્યારે શહેરો મોટાં હોય તથા ઘણા લોકો ખેડૂત ન હોય ત્યાં પણ સામાન્ય રીતે બુદ્ધિશાળી વ્યક્તિ 'આકાશનું રૂપ પારખી શકે' (માથ્થી ૧૬ : ૩) એ ઈસુ ખ્રિસ્ત સમજતા હતા. આજે મોટાં શહેરોમાં રહેતા અથવા તો તદ્દન જુદા જ પ્રકારની આબોહવાવાળા પ્રદેશમાં રહેતા આપણામાંના ઘણા લોકો માટે, પાલેસ્તાઈનના ખેડૂતનું સામાન્ય જીવન કેવી રીતે હવામાન સાથે સંકળાયેલું હતું, તથા તે ખેડૂત કેટલી બધી ખાતરીપૂર્વક પોતાનો અને પોતાના કુટુંબનો ખોરાક મેળવવા માટે હવામાન ઉપર આધારિત હતો તે સમજવું મુશ્કેલ બને છે.

હકીકતમાં પાલેસ્તાઈનનો ખેડૂત તેની આજુબાજુના બીજા લોકો કરતાં હવામાન અને જમીન ઉપર વધારે આધાર રાખતો હતો.[૧] પુનર્નિયમના પુસ્તકનો લેખક કહે છે, "મિસરની જમીનના જેવું નથી......કે જ્યાં તું બી વાવીને, તેને શાકભાજીની વાડીની પેઠે, પોતાના પગથી પાણી પાતો; પણ ત્યાંની જમીન......ડુંગરવાળો તથા ખીણવાળો દેશ છે, ને આકાશના વરસાદનું પાણી તે પીએ છે". વિશેષમાં "તે દેશ વિષે યહોવાહ તારો દેવ કાળજી રાખે છે; આખું વર્ષ તેના આરંભથી તે અંત સુધી યહોવાહ તારા દેવની નજર હંમેશાં તેના પર રહે છે" (પુન. ૧૧:૧૦–૧૨). મિસરમાં વરસાદની ઘણી જ અછતને લીધે, મિસરનો ખેડૂત, નાઈલ નદીમાં આવતા પૂરના પાણીને નહેરો વાટે સીંચીને તેનાં ખેતરોને પાણી પૂરું પાડે છે. અરબસ્તાનનાં રણોમાં ઘણી જ અનિયમિત રીતે વરસાદ પડતો હોવાથી,

---

૧ આજે પણ હજી એ સત્ય છે. તાજેતરનાં વર્ષોમાં પણ જોર્ડન અને ઈસ્રાએલ દેશોમા ભારે સૂકવણાં આવ્યાં છે.

બેદૂઈન લોકો જમીન ખેડતા નથી, પણ તેમનાં ઘેટાંબકરાંનાં ટોળાંઓ માટે લીલા ઘાસચારાની શોધમાં જુદી જુદી જગાઓએ ફરે છે. સીરિયા અને ફિનિકેમાં, પાલેસ્તાઈનના જેવા કૂટ પ્રશ્નો છે. પરંતુ એ ઉત્તરના પ્રદેશો તરફ વરસાદનું પડવું વિશેષ ખાતરીભર્યું હોય છે ત્યાં એ કૂટપ્રશ્નો હળવા બને છે.

પરંતુ પાલેસ્તાઈનમાં દરિયો તથા રણ મળતાં હોવાથી કાયમ માટે ત્યાંની આબોહવા બદલાતી રહે છે. પાલેસ્તાઈનના કોઈપણ પ્રદેશમાં વરસાદ ઉપર આધાર રાખી શકાય તેમ નથી. દરેક જગાએ ઓછામાં ઓછા પાંચ મહિના સુધી વરસાદનું એક પણ ફોરું પડતું નથી. કેટલીક જગાઓએ તો વરસાદની એટલી બધી અછત છે કે ખેતીવાડી બિલકુલ અશક્ય છે. કોઈ પણ માણસ નકશામાં લીટી દોરીને કદાચ ખાતરીપૂર્વક સહેલાઈથી કહી નાખે કે 'આ જગાએ રણ છે પણ પેલી જગાએ માણસ પાક લઈ શકે તેમ છે', પરંતુ હકીકતમાં તેમ નથી. તે સમયમાં દરિયાની અસર વધારે પ્રમાણમાં હતી, અને દૂર પૂર્વ સુધી મુશળધાર વરસાદ પડી શકતો હતો અને રણનો ઉચ્ચ સપાટ પ્રદેશ સુંદર ફૂલોથી ખીલી ઊઠતો. 'બીડો ટોળામાંથી ઢંકાઈ જાય છે; ખીણોની સપાટીઓ પણ ધાન્યથી ઢંકાયેલી તે, તેઓ હર્ષનાદ કરે છે અને ગાયન કરે છે' (ગીતશાસ્ત્ર ૬૫ : ૧૩).

પણ બીજા કોઈ સમયે, કદાચ એ પછીના જ વર્ષે એથી ઊલટું જ બને. વરસાદ પડવાની આશામાં ને આશામાં વર્ષાઋતુનાં અઠવાડિયાં પછી અઠવાડિયાં ચાલ્યાં જાય પણ મુદ્દલેય વરસાદ પડે નહિ, અરે, દરિયાકિનારે પણ પડે નહિ.

આ પ્રકારના એક વર્ષ માટે યિર્મેયાહ પ્રબોધકે કહ્યું કે, "યરૂશાલેમનો પોકાર ઊંચે ચઢ્યો છે. તેઓના અમીર ઉમરાવો પોતાના ચાકરોને પાણી ભરવા મોકલે છે; તેઓ ટાંકા પાસે આવે છે, પણ ત્યાં તેઓને પાણી મળતું નથી; તેઓ પોતાનાં ખાલી વાસણ પાછાં લાવે છે...... ઘાસ નથી તેથી હરણી પણ ખેતરમાં વિઆઈને (પોતાનાં બચ્ચાં) તજી દે છે" (યિર્મેયાહ ૧૪ : ૨–૫). એક વર્ષે પુષ્કળ વરસાદ પડે અને બીજે વર્ષે બિલકુલ વરસાદ ન પડે અને ભૂખમરો વેઠવો પડે, તેવી સ્વચ્છંદી આબોહવાનો સામનો કરતા પાલેસ્તાઈનના ખેડૂતને સતત પજવતી તદ્દન બિનસલામતી તથા ભગ્ન નિરાશાની લાગણીને ધ્યાનમાં ન રાખીએ તો બાઇબલમાં વપરાયેલા આબોહવા વિષેના સંદર્ભો સમજવા અશક્ય બની જાય.

પાલેસ્તાઇનમાં વર્ષનું વિભાગીકરણ બે તદન અલગ ભાગમાં થયેલું છે: (૧) સૂકો અને ગરમ ઉનાળો જેમાં મે માસની અધવચથી સપ્ટેંબર માસની અધવચ સુધી કંઈ જ વરસાદ પડતો નથી અને (૨) ઠંડી વર્ષાઋતુ જે લગભગ નવેમ્બર માસની શરૂઆતથી માર્ચ માસની આખર સુધી ચાલે છે. આ બે મુખ્ય ઋતુઓની વચ્ચે હંમેશાં છએક અઠવાડિયાંની વચગાળાની ઋતુ હોય છે. આખો એપ્રિલ તથા મે માસના પહેલા પખવાડિયાનો સમય વસંત તરીકે, અને સપ્ટેમ્બર માસનું છેલ્લું પખવાડિયું તથા આખો ઓકટોબર માસ પાનખર તરીકે ગણાય છે. આપણે હવે પછી જોઈશું તેમ દરેક ખેડૂત માટે આ વચગાળાના સમયો ઘણી ઘણી રીતે બહુ અગત્યના છે. પરંતુ સૌ પ્રથમ બે મુખ્ય ઋતુઓ તરફ ધ્યાન આપવું જરૂરતું છે.

આ બે ઋતુઓમાંથી સૂકી ઋતુ બહુ નિયમિત હોય છે, અને મે માસની અધવચથી સપ્ટેમ્બર માસની અધવચ સુધી પ્રત્યેક દિવસ એક સરખો રહે છે. વહેલી સવારના વાદળરહિત આકાશમાં ઝડપભેર સૂર્ય ઊગે છે અને ઉષ્ણતામાન એટલી બધી ઝડપથી વધે છે કે સૂર્યોદય પછીના કલાકમાં તો લોકો માટે તે અસહ્ય બને છે. હકીકતમાં દરિયાકિનારાના મેદાનમાં દિવસનો આ સમય પસાર કરવો એ ઘણું જ મુશ્કેલ છે. રાત્રી દરમિયાન ડુંગરાઓની ખીણોમાં જે ઠંડી હવા ઊતરી હોય છે તેમાંથી આછુંપાતળું ધુમ્મસ ઊભું થાય છે. પરંતુ સૂર્યોદય પછી તે અદૃશ્ય થાય છે. બાઇબલમાં તે ક્ષણભંગુરતાના પ્રતીક તરીકે વપરાઈ છે (હોશિયા ૬ : ૪; ૧૩ : ૩; અયૂબ ૭ : ૯). "એથી તેઓ સવારના વાદળ જેવા તથા જલદી ઊડી જનાર ઝાકળ જેવા, વંટોળિયાથી ખળીમાંના ઘસડાઈ જતા ભૂસા જેવા, તથા ધૂમાડિયામાંથી નીકળતા ધૂમાડા જેવા થશે" (હોશિયા ૧૩:૩). પણ સવારના નવ વાગ્યાની આજુબાજુના સમયમાં ભૂમધ્ય સમુદ્રની ઠંડી હવા ગરમ પ્રદેશ ઉપર વાવા માંડે છે અને તેથ ત્યારે કંઠાળપ્રદેશ પર જોરદાર દરિયાઈ પવન ફૂંકાતો થાય છે. તે ઠંડો પવન વરસાદ લાવતો નથી, પરંતુ વધતા જતા ઉષ્ણતામાનને અટકાવે છે. તેથી ઠેઠ બપોર પછીના બે વાગ્યા સુધી ઉષ્ણતામાન ૮૬° ફે. હા. (૩૦° સેંટીગ્રેડ) જેટલું રહે છે, ને ત્યાર પછી તે બહુ ધીમે ધીમે ઓછું થતું જાય છે.

દિવસ દરમિયાન દરિયા તરફથી જમીન પર સતત પવન વાય છે. પરંતુ ઉચ્ચ પ્રદેશને ઓળંગીને પાર જવા માટે પૂરતો પવન ઊભો થતો

વખત લાગે છે, તેથી આપણે જેમ જેમ પૂર્વ તરફ વધુ આગળ વધીએ તેમ તેમ દરિયાઈ પવન મોડો અને વધુ મોડો આવે છે. બપોર પછીના સમયમાં "તટની ખીણ"માં ( Rift-Valley ) એટલા બધા જોરથી પવન ફૂંકાય છે કે યેરિખોની નજીકના ભાગમાં, ઘણી વખતે તે જોરદાર પવન સામે ચાલવા માટે ભારે મથામણ થાય છે. બપોર પછી ચારેકના સુમારમાં, ઉચ્ચ સપાટ પ્રદેશની પૂર્વ તરફની ધાર ઉપર પુષ્કળ પવન ફૂંકાય છે અને આમ્મોન તથા મોઆબ દેશમાં તપી ઊઠેલાં ગામડાંઓને ઠંડક આપે છે. તેઓ દરિયાથી ઘણે દૂર હોવાથી દિવસ દરમિયાન ઉષ્ણતામાન વધે છે ને બપોર પછી તો ગરમ ભઠ્ઠી જેવું ઉષ્ણતામાન હોય છે. પરંતુ એકાએક પવન બદલાય છે, વાતાવરણ આનંદદાયક બને છે, અને લોકો બારીબારણાં ખોલી નાખીને હવે રસ્તે ને ખેતરે ફરતા થાય છે.

આ પ્રકારની આબોહવાની નિયમિતતાને લીધે ઉષ્ણતામાન અને પવનની દોરવાઈથી જીવન પણ દેખીતી રીતે તાલબદ્ધ બને છે. આ ઋતુ દરમિયાન પાક લઈ લીધો હોય છે, અને ખેડૂતનું ધ્યાન હવે ઉનાળાનાં ફળો તરફ ખાસ કરીને રહે છે, ને તેમાંથી ખાસ કરીને દ્રાક્ષ ઉપર વધારે પ્રમાણમાં. સૂકવણું હોવા છતાંયે આ દ્રાક્ષ જલદીથી વધે છે, કારણ દ્રાક્ષ-વેલાનાં લાંબાં લાંબાં અને જમીનમાં ઊંડે સુધી ઊતરેલાં મૂળ ઊંડાણમાંથી પાણી ચૂસી શકે છે.

ફળને બજારમાં વેચવા લઈ જવા કે કોઈપણ કારણે માણસોએ મુસાફરી કરવી પડે છે ત્યારે તેઓ વહેલી પરોઢના ઠંડા સમયમાં જ મુસાફરી કરે છે. પ્રભુ ઈસુ પણ વહેલી પરોઢના ઠંડા સમયમાં ગાલીલના એક ગામથી બીજે ગામ જતો હશે એમ આપણે માની લઈ શકીએ. જેમ ગરમી વધતી જાય છે તેમ અવરજવર ઓછી થતી જાય છે. લોકો પોતાનાં ઘરોની અંદર અથવા તો દ્રાક્ષવાડીઓને સાચવવા માટે બનાવેલા નાના નાના માંડવાઓના છાંયડામાં રહે છે. ઉનાળાની ઋતુ દરમિયાન, ઘણા માણસો દ્રાક્ષવાડીઓને જંગલી જાનવરોથી સાચવવા માટે આવા માંડવા-ઓમાં રહે છે ( ગીતોનું ગીત ૨ : ૧૫ ). બધા ઈસ્રાએલીઓને આજ્ઞા આપવામાં આવી હતી કે અરણ્યના ૪૦ વરસના પ્રવાસ દરમિયાન તેઓ માંડવાઓમાં રહેતા હતા. એ યાદ દેવડાવવા માટે તેઓ દ્રાક્ષ એકઠી કરવાની મોસમમાં માંડવાઓ બાંધીને તેમાં રહે. આ તો માંડવાપર્વ હતું ( લેવીય ૨૩ : ૩૯–૪૩ ).

અનાજને ઝૂડવા–ઝાટકવા અને ઊપણવા માટેનો ઉત્તમ સમય બપોર અને સાંજ વચ્ચેનો છે. તે સમયે દરિયા તરફથી ઠંડો પવન જોરથી ફૂંકાય છે. અનાજને ઝૂડવા માટે એક પ્રકારની સમારપાટ (sledge) વપરાય છે. તેની ઉપર માણસ ઊભો રહે છે ને તેને ગધેડો કે બળદ ખેંચે છે. કાયદા પ્રમાણે ગધેડાના કે બળદના મોઢે શેકી બંધાતી નથી (પુનર્નિયમ ૨૫:૪; ૧ કોરંથી. ૯:૯). સાંજને સમયે જ્યારે ઠંડો પવન એકધારો વાતો હોય છે ત્યારે પંજેટી વડે અનાજને ઊંચે ઊછાળીને અનાજ ઊપણવામાં આવે છે. પવનને લીધે ફોતરાં દૂર દૂર ઊડી જાય છે અને અનાજ જમીન ઉપર પડે છે (ગીતશાસ્ત્ર ૧ : ૪; માથ્થી ૩ : ૧૨). સમુદ્ર તરફથી આવતો આ પવન ખેડૂતને બીજી રીતે પણ ઉપયોગી થઈ પડે છે. તેમાં આવતી ભેજવાળી હવા રાત્રે ઝાકળના રૂપમાં ઠંડી થાય છે, અને ઉનાળાની ઋતુનો ઘણો ખરો પાક તેના પર આધાર રાખે છે. જૂના કરારના સમયના ખેડૂતને મન આ ઝાકળની કિંમત ઘણી છે, અને ઘણી વખતે તો પુષ્કળ ઝાકળ પડતો હોય છે. પરંતુ એ ખેડૂતને ખબર નહોતી કે તે કયાંથી આવે છે. તેથી તે કદાચ માનતો કે દૂર ઉત્તરમાં આવેલા હેર્મોન પર્વતના બરફ પરથી એ આવે છે (ગીતશાસ્ત્ર ૧૩૩ : ૩; વળી જુઓ ઉત્પત્તિ ૨૭ : ૨૮; પુનર્નિયમ ૩૨ : ૨; અયૂબ ૩૮ : ૨૮; નીતિવચનો ૩ : ૨૦ અને યશાયાહ ૧૮ : ૪).[૧]

સૂકી ઋતુની નિયમિતતાથી ઊલટું વર્ષના અડધા ભાગ જેટલી વર્ષાઋતુ તદ્દન અનિયમિત છે, અને કોઈ ચોક્કસપણે કહી ન શકે કે તે ઋતુ કયારે શરૂ થવાની. આમોસ પ્રબોધકે ઉનાળાનાં ફળોની ટોપલી જોઈ હતી. તે હિબ્રૂ ભાષાના એ શબ્દો 'કાઇત્ઝ' (=ઉનાળો) અને 'કેત્ઝ' (=અંત) ઉપરથી રમત નથી, પણ તે ખરેખર અંત સૂચવે છે. આ ઋતુની શરૂઆતથી પાણીની જરૂરિયાત વધારે ને વધારે અગત્યની બને છે. "પર્વનો છેલ્લો દિવસ, મહાન દિવસ" હતો (યોહાન ૭ : ૩૭), તે દિવસે વરસાદને માટે ખાસ પ્રાર્થનાઓ કરવામાં આવતી હતી. દરેક જણ વરસાદની એંધાણીઓને માટે પશ્ચિમી આકાશ તરફ મીટ માંડી રહે છે. જેમ જેમ

---

[૧ : ગીદીઓનની વાર્તાનો (ન્યાયા. ૬ : ૩૬–૪૦) બીજો પ્રસંગ નવાઇ ઉપજાવે તેવો છે. ઊન ઉપર ઝાકળ સહેલાઈથી બાઝે છે. મેં (લેખકે) યરૂશાલેમમાં નિહાળ્યું છે કે ઓરડીમાં રાખેલા ઘેટાના ચામડામાંથી સવારમાં પાણી ટપકતું હતું જ્યારે બાકીનો બધો ભાગ આંખને તો સૂકો જ લાગતો હતો].

સૂર્યાસ્તો ભભકભર્યા બનતા જાય છે તેમ તેમ સાંજને સમયે વાદળો વધુ ને વધુ ઘેરાતાં જાય છે. ઘણી વખતે તે ફક્ત "વરસાદ વગરનાં વાદળો અને પવન" હોય છે. (નીતિવચનો ૨૫ : ૧૪, યહુદાનો પત્ર ૧૨). પાણીનાં ટાંકાંઓનું પાણી દિનપ્રતિદિન હવે ઘટતું જાય છે. આખરે જ્યારે વરસાદ આવે છે ત્યારે તેની શરૂઆત ઘણું કરીને ટૂંકા વિસ્તારવાળાં વાવાઝોડાંથી થાય છે, અને તેઓ એક ગામને પાણીથી તરબોળ કરે છે, જ્યારે બીજાને તદ્દન કોરુંકટ રાખે છે. "દેશના એક ભાગ પર વરસાદ વરસ્યો, ને જે ભાગ પર વરસ્યો નહિ તે સુકાઈ ગયો. માટે બે કે ત્રણ નગરો (ના રહેવાસીઓ) ભટકતા ભટકતા એક નગરમાં પાણી પીવાને ગયા, પણ તેઓ તૃપ્ત થયા નહિ" (આમોસ ૪ : ૭–૮).

વરસાદના આગમનની સાથે ખેડકાર્ય શરૂ થઈ શકે છે. તોપણ પૂરતો વરસાદ પડવાની ખાતરી ન હોવાથી કોઇપણ જાતની સહિસલામતી રહેતી નથી. બહુ સારા વર્ષમાં અઠવાડિયે એકાદ વખત વરસાદ પડે; ને તે ત્રીજે દિવસે વરસાદ ઓછો થઈ જાય. જ્યારે ખરાબ વર્ષમાં ઘણા લાંબા લાંબા ગાળા સુધી વરસાદ પડે જ નહિ. પ્રથમનાં ઝાપટાં પછી એક કે બે મહિના સુધી વરસાદની સખત ખેંચ આવી પડે, અને તેથી તાજો ઊગેલો ઘઉંનો પાક સુકાઈ જાય તે બધો જ ઘણો નિષ્ફળ જાય અથવા તો પ્રથમનો વરસાદ માત્ર ઝાપટા જેવો જ હોય, અને પછી છેક નાતાલ સુધી બિલકુલ જ વરસાદ પડે નહિ! સામાન્ય રીતે કહી શકાય કે જેમ વરસાદ વધુ પડે તેમ પાક વધારે સારો ઊતરે. પરંતુ વરસાદની એકસરખી વહેંચણી એ પણ એટલી જ અગત્યની બાબત છે. જે વર્ષમાં વરસાદ વહેલો શરૂ થાય છે અને આખી ઋતુ દરમિયાન નિયમિત રીતે વરસ્યા કરે છે તે સૌથી શ્રેષ્ઠ વર્ષ નીવડે છે.

વરસાદ આવે છે ત્યારે મોટેભાગે તે ધોધમાર આવે છે. મોટેભાગે વર્ષાઋતુના આખા ગાળામાં કુલે લગભગ પચાસ દિવસ સારો વરસાદ પડે છે. જે લોકોએ આવા તૂટી પડતા વરસાદને જોયો હોય તે જ સમજી શકે કે પેલા દૃષ્ટાંતમાં કેવા મુશળધાર ત્રાટકી પડતા વરસાદ વિષે પ્રભુ ઈસુએ કહ્યું કે, "વરસાદ વરસ્યો, ને રેલ આવી ને વાવાઝોડાં થયાં, ને તે ઘર પર સપાટા લાગ્યા, ને તે પડી ગયું અને તેનો નાશ મોટો થયો" (માથ્થી ૭ : ૨૭). વરસાદની સાથે ઠંડી પણ પડે છે, અને તેથી અયૂબ જુલમગારો પર ફીટકાર વરસાવે છે. જેઓએ લૂંટી લીધેલા ગરીબો "આખી રાત

વસ્ત્ર વિના ઉઘાડા સૂઈ રહે છે અને ટાઢમાં ઓઢવાને તેમની પાસે કાંઈ નથી" (અયૂબ ૨૪ : ૭–૮). ત્યાંના ઊંચા ભાગો ઉપર ઘણી વખતે જાન્યુઆરી તથા ફેબ્રુઆરી માસ દરમિયાન બરફવર્ષા થાય છે. આ બરફ ઘણું કરીને લાંબા સમય સુધી જમીન ઉપર ટકતો નથી. યરૂશાલેમમાં લગભગ દર દશ વર્ષે એકવાર ભારે બરફવર્ષા થાય છે, જોકે પૂર્વના ઉચ્ચ સપાટ પ્રદેશમાં તો વારંવાર ભારે બરફવર્ષા થાય છે. કોઈ કોઈ વખતે તો ખૂબ વહેલો એટલે કે નવેમ્બરના અંતમાં પણ, તેમ જ ખૂબ જ મોડે સુધી એટલે કે એપ્રિલની છઠ્ઠી તારીખ સુધી પણ બરફ જોવા મળે છે. આ તો અપવાદરૂપ ગણી શકાય, અને એમ જ એક વર્ષે જ્યારે ઉષ્ણતામાન એટલું નીચું ગયું હતું કે યેરિખોમાં પણ બરફવર્ષા થઈ હતી, એ પ્રસંગ પણ તદ્દન અપવાદ ગણાય. ગમે તેમ, પણ જ્યારે બરફવર્ષા થતી ત્યારે તે દુ:ખકારક નીવડતી, કારણ કે બાઇબલના સમયમાં, પાલેસ્તાઇનનો ખેડૂત તેને સહન કરવા માટે પૂરતો સાધનસજ્જ ન હોવાથી અશક્તિમાન હતો. તેથી ગીતશાસ્ત્રી પૂછે છે કે ઠંડીની સામે કોણ ઊભો રહી શકે? વળી સારી ગૃહીણીનું એ લક્ષણ ગણાતું કે તેના કુટુંબને તેમને બરફવર્ષાથી ડરવાનું કોઈ પણ કારણ ન હોય ( ગીતશાસ્ત્ર ૧૪૭ : ૧૭; નીતિવચનો ૩૧ : ૨૧ ).

તોફાનોની વચ્ચેના ગાળાના દિવસો ખૂબ સૌંદર્યભર્યા હોય છે, કારણ કે ઠંડો પવન કદાચ વાતો હોય છતાં સૂર્યપ્રકાશ ખુદ ઉષ્માભર્યો હોય છે, અને વરસાદમાં નહાઇને નિર્મળ બનેલું વાતાવરણ કાચ જેવું નિર્મળ હોય છે. આ સમય દરમિયાન, જ્યારે નવેમ્બર માસમાં વાવેલું અનાજ વધતું જતું હોય છે ત્યારે ખેડૂત તથા તેનું કુટુંબ પાનખર ઋતુ દરમિયાન જૈત-વૃક્ષો પર ધીમે ધીમે તૈયાર થતાં જૈતુનફળોને ઉતારે છે. પછી એપ્રિલ માસની શરૂઆતમાં, જો બધું જ બરાબર નીવડે તો, ગરમ આબોહવાવાળી ખીણો તથા મેદાનોમાં ઘઉંનાં પ્રથમ કણસલાં પાકે છે.

ફસલનાં આ પ્રથમ ફળ છે, અને બીજો પાક ઊતરશે તેની તેઓ ખાતરીરૂપ છે, અને જ્યારે તે પાકે છે ત્યારે 'પાસ્ખાપર્વ' ઊજવવામાં આવે છે. કનાનમાં પ્રવેશ્યા પછી પ્રથમ પાસ્ખા વખતે ઈસ્રાએલીઓએ ફસલનાં પ્રથમ કણસલાં ઈશ્વરને અર્પણ કર્યાં હતાં, અને એમ તેઓએ તેમને મિસરમાંથી છુટકારો મળ્યો તે માટે, તથા ઈશ્વરે પાક મેળવવામાં દયા દર્શાવી તે માટે ઉજવણી કરી હતી (લેવીય ૨૩ : ૪–૧૪). ત્યાર પછી સાત અઠવાડિયાં બાદ કાપણી પૂરી થયે 'પચાસમાનું પર્વ' ઊજવાય છે.

આથી સંત પાઉલ પ્રભુ ઈસુ વિષે વર્ણન કરતાં કહે છે, "તે ઊંઘી ગયેલાંનું પ્રથમ ફળ થયો છે" (૧ કોરીંથી. ૧૫ : ૨૦); તેથી "પચાસમાના પર્વ" ને દિવસે આવેલા 'વ્હોટસન્ડે'નું મહત્ત્વ છે (પ્રેરીતોનાં કૃત્યો ૨ : ૧).

હમણાં જેનું વર્ણન કરી ગયા તે બે ઋતુઓ વચ્ચે છએક અઠવાડિયાંનો એક, એવા બે વચગાળાના સમયો આવે છે. તેઓની મુખ્ય ખાસિયત એક જાતનો પવન છે જેને આજે "સીરોક્કો" (Sirrocco) ના નામથી ઓળખવામાં આવે છે. તે પવન પૂર્વ કે દક્ષિણ તરફથી વાય છે, અને તેની ઉત્પત્તિનાં કારણ આજ પર્યંત અજાણ છે. તેની અસર ઘણા કાળથી ખરાબ અનુભવાતી આવી છે. તે અતિશય ગરમ તથા સૂકો હોય છે, અને તે જ્ઞાનતંતુને એવો તો હેરાનપરેશાન કરનાર હોય છે કે જ્યારે તે વાય છે ત્યારે સૌથી નમ્ર માણસ પણ દેખાતા કોઈ પણ જરૂરી કારણ સિવાય ક્રોધિત બની બેસે છે. તે પવન દર વખત લગભગ એકાદ અઠવાડિયા કે ઓછા સમય સુધી વાય છે. લીલોતરી માટે તે ખૂબ નુકસાનકારક છે, અને ખાસ કરીને વસંતઋતુમાં શિયાળાના સુંદર ઘાસનો એક જ દિવસમાં નાશ કરે છે, ને જો તે થોડો વહેલો વાય તો પાકને માટે પણ તેટલો જ નુકસાનકર્તા નીવડે છે. તેણે યહુદાહના કીમતી દ્રાક્ષવેલાનો નાશ કર્યો હતો તે સંબંધી હઝકીએલ લખે છે, "પૂર્વનો વાયુ લાગતાં શું તે છેક ચીમળાઈ નહિ જશે? જે ક્યારામાં તે ઊગ્યું હતું તેમાં જ તે ચીમળાઇ જશે" (હઝકીએલ ૧૭ : ૧૦). બાઇબલમાં તેનો વારંવાર ઉલ્લેખ એક મોટો રોગ (યશા. ૨૭ : ૮) અને બિનઉપયોગીતાના પ્રતીક તરીકે કરવામાં આવ્યો છે. "રાનમાં બોડી ટેકરીઓ પરથી લૂ મારા લોકની પુત્રી ભણી આવશે, તે તો ઊપણવાના કે સ્વચ્છ કરવાના ઉપયોગમાં આવશે નહિ (યિર્મેયાહ ૪ : ૧૧); તથા તે મનુષ્ય તથા ધનની ક્ષણિકતાની નિશાનીરૂપે પણ તેનો ઉલ્લેખ થયો છે (યશા. ૪૦ : ૬-૮; યાકૂબનો પત્ર ૧ : ૧૧) તે એકાએક બદલાય છે, અને ખાસ કરીને સાંજ પડતાં જ્યારે જોરથી દરિયાની ઠંડી લહેરો વાય છે ત્યારે તે એકાએક બદલાય છે. "સીરોક્કો" પવનના અંતની પ્રથમ નિશાની એ છે કે તે ઘણીવાર એટલા બધા જોરથી ફૂંકાય છે કે વૃક્ષો હચમચાવી મૂકે છે અને બારણાં જોરથી ભટકાવે છે. ખરેખર આ "પુષ્કળ વરસાદનો અવાજ" છે (૧ રાજાઓ ૧૮ : ૪૧), કારણ કે ઘણીવાર પાનખર ઋતુમાં એકાએક બદલાણ સાથે પશ્ચિમના જોરદાર પવનનું વાવું એ પ્રથમ વરસાદની આગાહીરૂપ છે.

વખતોવખત બને છે તેમ વચગાળાની ઋતુ દરમિયાન વરસાદ વરસે તો તે મહા આશીર્વાદસમ નીવડે છે. કારણ, જો ઑકટોબર માસમાં વરસાદ આવે તો ખેડકાર્ય વહેલું શરૂ કરી શકાય, અને એ મબલખ પાકની નિશાનીરૂપ છે; અને એપ્રિલ માસના વરસાદને લીધે દાણા ભરાવદાર બને છે. સંભવિત છે કે જેને ઉલ્લેખ ખાસ કરીને ઇશ્વરના આશીર્વાદ તરીકે વારંવાર કરેલો છે એવો "આગલો તથા પાછલો વરસાદ" (પુનર્નિયમ ૧૧ : ૧૪, યોએલ ૨ : ૨૩) ખાસ વહેલા અથવા ખાસ પાછળથી મોડા આવતા વરસાદથી થતા અણધાર્યા આનંદ વિષે સૂચવે છે.

દરેક જગાએ એકસરખો વરસાદ પડતો નથી. વરસાદની વહેંચણી વિષે કેટલીક ચોક્કસ હકીકત રજૂ કરી શકાય તેમ છે :

(क) વસાદ પર્વતો ઉપર વધારે પડે છે; (ख) દક્ષિણ કરતાં ઉત્તરમાં વધારે વરસાદ પડે છે; (ग) જેમ જેમ દરિયાથી દૂર જઈએ તેમ તેમ વરસાદ ઓછો થતો જાય છે, અને (घ) કોઈપણ ટેકરી કે પર્વતની પૂર્વ બાજુ તરફ વરસાદ ઓછો હોય છે. તેથી યહુદાહ કરતાં ગાલીલમાં વધારે વરસાદ પડે છે. તે વિસ્તારમાં અને ખાસ કરીને ઉચ્ચ પ્રદેશમાં ઘાડ જંગલો હશે. 'તડની ખીણ'માં સર્વત્ર વરસાદ અછત રહે છે. યર્દનની 'કમર' (waist) જેવા પ્રદેશથી દક્ષિણ તરફના પ્રદેશને રણ તરીકે વર્ણવી શકાય.

યર્દનની ખીણના ઢોળાવો ઉપરથી નીચે ઊતરીએ કે તરત જ વરસાદ ઓછો થાય છે અને કોઈ પણ બે જગાની સપાટી વચ્ચેનો થોડોઘણો તફાવત પણ વરસાદને અસર કરે છે. આ રીતે યરૂશાલેમ શહેરના પશ્ચિમ તરફના અડધા ભાગ કરતાં પૂર્વ તરફના અડધા ભાગમાં વરસાદ ઓછો પડે છે, અને બેથાનીની પેલી તરફ થોડાક માઇલ દૂરથી રણની શરૂઆત થાય છે. હકીકતમાં ઘણી વખતે વરસાદના દિવસે યરૂશાલેમમાં રહીને જોઇએ તો જૈતૂનના પર્વત ઉપર કે જ્યાંથી યર્દન તરફ હવા નીચે ઊતરે છે તે જગાએ વાદળો એક સ્પષ્ટ રેખામાં પરિણમીને દેખાતા બંધ થાય છે. આથી યરૂશાલેમના એક વર્ષમાં જોકે સરેરાશ ૨૪ ઈંચ (૬૦૦ મી. મી) વરસાદ પડે છે, તેમ છતાં તે લગભગ રણની સરહદ ઉપર આવેલું છે. રસ્તાને માપે વીસ માઈલ દૂર, યર્દનની ઉષ્ણ આબોહવાવાળી ખીણમાં આવેલા યેરિખોના ફળદ્રુપ રણદ્વીપમાં વર્ષે ફક્ત ૪ ઈંચ (૧૦૦ મી. મી.)

વરસાદ પડે છે. છતાં જ્યારે યરૂશાલેમમાં બરફવર્ષા થતી હોય ત્યારે પણ યેરિખોમાં નહેરો વડે પાણી પીવડાવેલા બગીચાઓમાં સુંદર ઉનાળુ ફળો થઈ શકે છે.

બીજી બાજુ પૂર્વ તરફના ઉચ્ચ સપાટ પ્રદેશની ધારની ખૂબ ઊંચાઈ તથા સીધી દિવાલ એ દર્શાવે છે કે ત્યાં ભારે વરસાદ પડતો હશે, અને જે વાદળો જૈતૂનના પર્વત ઉપર અદશ્ય થઈ જાય છે તે મોઆબના પર્વતો ઉપર ફરીથી દેખાય છે. દક્ષિણ તરફના ઉચ્ચ સપાટ પ્રદેશની ધારની વધતી જતી ઊંચાઇ ઓછા થતા વરસાદની સામે સમતુલા જાળવનાર બની રહે છે, જેથી ખેડાણને લાયક જમીનનો વિસ્તાર પાતળી આંગળીની જેમ, ઉચ્ચ સપાટ પ્રદેશની ધારે ધારે છેક અદોમ સુધી લંબાતો ગયો છે. આ અદોમી ઉચ્ચ સપાટ પ્રદેશની ભારે ઊંચાઈ, ઠીક ઠીક નીચાણમાં આવેલા નેગેબની ઊલટી દિશાએ આવેલી હોવાથી ખુલાસો મળી જાય છે કે ત્યાં કેવી રીતે કોઇપણ સ્થિર વસાહતો હોઇ જ શકે, વળી તેથી જ સમજી શકાય છે કે અરાબાહમાં આવેલી ત્રાંબાની ખાણો ઉપર પકડ જમાવનારું તેમ જ લાલ સમુદ્ર સુધીનો ધોરી માર્ગ ઇચ્છતા યહુદાહના લોકોને હેરાન કરી નાખનારું અદોમનું રાજ્ય ત્યાં કેવી રીતે પાંગરી શકયું હતું.

ઈસ્રાએલી ખેડૂત માટે આબોહવાની અચોક્કસતા અને તેને લીધે જગાએ જગાએ તથા દરેક વર્ષે તેમ થતા મોટા ફેરફારો એ એક મોટો કૂટ પ્રશ્ન છે. ગાલ અને જડબાની જેમ, ખેડાણલાયક જમીનની સાથે સાથે જ રણ પણ આવેલું છે. ઉષ્ણકટિબંધવાળા પ્રદેશોની ગરમીના જેવી ઉષ્ણતાવાળી તડની ખીણ, ઉનાળામાં પણ જ્યાં રહ્યોસહ્યો બરફ હોય છે એવા હેર્મોન પર્વત અને લબાનોનની પર્વતમાળાથી માત્ર થોડી જ દૂર છે.

એ સત્ય છે કે આ બધા ફેરફારો યોગ્ય હદમાં થાય છે. કોઇ કોઈ વખતે અશક્ય લાગે તેવા બેહદ ફેરફારો થાય છે. "જેમ ઉનાળામાં હિમ અને ફસલમાં વરસાદ (ઠીક લાગતો નથી) તેમ મૂર્ખને માન શોભતું નથી (નીતિવચનો ૨૬:૧) તો પણ કોઇક વખતે આબોહવાની ક્રૂરતા ભયજનક બની છે. જ્યારે પાક પૂરેપૂરો તૈયાર થયો હોય, કાપણીને સારૂ પાકી ચૂકયો હોય" (યોહાન ૪:૩૫) ત્યારે "કરાની આંધી, નાશ કરનાર તોફાન" (યશાયાહ ૨૮:૨; હાગ્ગાય ૨:૧૭) વડે પાકને જમીનદોસ્ત કરી નંખાય છે, અગર તો તીડો (યોએલ ૧:૧–૨,:૨૦) શાકને સોરી ડાળીઓને બોડી બનાવી દે છે.

ઇસ્રાએલીઓ આ દેશમાં આવ્યા ત્યારે તેમને ખેતીવાડીનું મુદ્દલ જ્ઞાન ન હતું, કારણ દેખીતું જ છે કે રણપ્રદેશના ભ્રમણ દરમિયાન તેઓએ કંઈપણ ખેતી કરી ન હતી, પણ તેમનાં ઘેટાં–બકરાંનાં ટોળાં ઉપર જીવન ગુજારો કરતા હતા. આથી ઋતુઓની અચોક્કસતા, આબોહવામાં થતો એકાએક ફેરફાર અને જગાએ જગાએ તથા દરેક વર્ષે થતા હવામાનના ફેરફારો, ઇસ્રાએલી ખેડૂતને મુશ્કેલીમાં મૂકી દેતા હતા. તેઓ તેમના ઈશ્વર એટલે યહોવાહને[1] કુદરતનાં મહાપ્રચંડ બળોનો મહાન માલિક સમજતા હતા.

તેથી જાણે કે યહોવાહ જ્વાળામુખી પર વસતો હોય (નિર્ગમન ૧૩:૨૧; ૧૯:૧૬–૧૮), અને અરબસ્તાનમાં ઉચ્ચ સપાટ પ્રદેશની આરપાર ગાઢ અંધકાર તથા મોટી ગર્જના કરનાર વાદળો સહિત ફેલાતાં રણનાં ભયંકર તોફાનોની ઉપર સવારી કરતો હોય (ગીતશાસ્ત્ર ૧૮:૯–૧૧; હબા. ૩:૩–૧૦.) તેવા પ્રકારનું યહોવાહનું ચિત્ર તેઓએ કલ્પ્યું હતું. આ ભટકતા ભરવાડો કનાન દેશમાં આવ્યા ત્યારે તેમણે કનાન દેશના લોકોને જમીનમાંથી ખોરાક તૈયાર કરતા તથા બીજા દેવોનું ભજન કરતા જોયા. કનાનના લોકો એમ માનતા હતા કે ભૂમિની ફળદ્રુપતા અને પાકના આધારસમા વરસાદ તથા સૂર્ય તે સર્વે આ દેવોના હાથમાં છે. ઇસ્રાએલી લોકો જેમ જેમ કનાનીઓ પાસેથી ખેતીવાડીની કળા શીખ્યા અને પાલેસ્તાઇનમાં થતી ત્રણ મુખ્ય વસ્તુઓ, એટલે કે "માણસના હૃદયને આનંદ આપનાર દ્રાક્ષરસ, તેના મુખને તેજસ્વી કરનાર તેલ, અને તેના અંતઃકરણને

૧. ["યાહવેહ" એ ઈશ્વર માટેનો પહેલાંના સમયની હિબ્રૂ ભાષાનો એક શબ્દ છે, અને સામાન્ય રીતે તેનું ભાષાંતર ફક્ત "ઈશ્વર" કરી શકાય. છતાં પણ પહેલાંના સમયના લોકો એમ સમજતા હતા કે દરેક દેશને તેનો પોતાનો આગવો દેવ હોય છે, જેમ કે, આમ્મોનીઓનો દેવ "મોલોખ", પલિસ્તીઓનો દેવ "દાગોન", ફોઇનિસિયા લોકોની દેવી આસ્તાર્તે–વગેરે વગેરે. ત્યાર પછી ઇસ્રાએલીઓ "યહોવાહ" નામથી પોતાના દેવને ભજતા આવ્યા. તે દેશમાં ઘણા વખતથી રહેતા કનાનીઓએ વિચાર્યું કે જે દેવોને તેઓ પોતે જાણે છે તેવા જ કોઇ બીજા એક દેવને માટે વપરાયેલો આ શબ્દ છે. તેથી ઇસ્રાએલીઓ પણ એમ જ સમજતા થાય એવો ભય ખડો હતો. પ્રબોધકોનું શિક્ષણ આ પ્રકારના ભૂલભરેલા વિચારોની સતત વિરૂદ્ધ હતું. દા. ત. આહાબ રાજાએ ઇસ્રાએલીઓના દેવની ભક્તિ થતી હતી તેવી જ રીતે ફોઇનીસીયાની દેવીની ભક્તિ કરવા માટે તે દેવીનું મંદિર બાંધવાને તૈયારી કરી હતી.]

બળ આપનાર રોટલી" (ગીતશાસ્ત્ર ૧૦૪ : ૧૫) પોતાને માટે પેદા કરતાં શીખ્યા, તેમ તેઓ કનાનીઓની ભક્તિની રિતરસમો, પોતાને ખેતીવાડીમાં મદદ કરશે એવી માન્યતા રાખીને અપનાવવા લાગ્યા.

તેઓની સમક્ષ એક કૂટ પ્રશ્ન હતો કે કોઈક જગાએ નીલા આકાશની ઉપર ભંડારો અથવા તો "ખજાનાઓ" હતા જેમાં પુષ્કળ વરસાદ, પવન, કરા અને બરફ સંઘરી રાખવામાં આવ્યાં હતાં (અયૂબ ૩૮ : ૨૨–૨૩; ગીતશાસ્ત્ર ૧૩૫ : ૭), અને વખતોવખત આ ભંડારો ઉઘાડીને તેમાં ભરવામાં આવેલી વસ્તુઓ પૃથ્વી પર રેલાવવામાં આવતી હતી. કનાનીઓની માન્યતા પ્રમાણે જાતજાતના દેવો આ ભંડારોને ઉઘાડવા માટે શક્તિમાન હતા, પણ એ જાણવું જરૂરી હતું કે ભંડારોને ઉઘાડવા માટે કયો દેવ વધુ શક્તિમાન છે અને તેને કાં તો મનાવી–રીઝવીને પેલા ભંડારો ખોલાવવા, અથવા તો કોઈક પ્રકારના જાદુથી તેને એવી પરિસ્થિતિમાં મૂકી દેવો કે જેથી માણસની ઇચ્છા પ્રમાણે દેવને વર્તવાની ફરજ પડે. પછી એ પણ જાણવું જરૂરી હતું કે કયા પ્રકારનું બલિદાન દેવને ખુશ કરી શકે. દુષ્કાળ કે લડાઈ જેવા ખરી કટોકટીના સમયમાં, માણસો દેવને ભારે મોટાં વચનો આપતા હતા અથવા તો દેવને ખુશ કરવા માટે પોતાના બાળકના બલિદાન જેવા ભયંકર બલિદાન આપતા હતા (૨ રાજાઓ ૩ : ૨૭), અથવા તો વધારે શક્તિશાળી દેવની શોધમાં ઘણે દૂર દૂરના દેશોમાં જતા હતા (૨ રાજા ૧ : ૨). દેવને ખુશ કરવા માટેની બીજી પદ્ધતિ તે જાદુની હતી. વરસાદને જાગૃત કરવા માટે પાણી રેડતા હતા (કદાચ ૧ રાજાઓ ૧૮ : ૩૧–૩૫), અથવા તો ભૂમિની ફળદ્રુપતા વધારવા માટે મંદિરમાં ચાલતી વેશ્યાપ્રવૃત્તિમાં ભાગ લેતા (આમોસ ૨ : ૭બ) અથવા તો તેમના દેવનો સાથ અને મદદ મેળવવા માટે તેઓ ઘણી જ પવિત્ર વસ્તુઓ લડાઈમાં તેમની સાથે રાખતા (૧ શમૂએલ ૪:૩).

ઉપર પ્રકારની વિચારસરણી જ્યાં સર્વસામાન્ય હતી એવા કનાન દેશમાં ઇસ્રાએલીઓએ હવે વસવાટ કર્યો. ઘણા લાંબા સમય સુધી તેઓ માનતા હતા કે લડાઈમાં મદદ કરવા માટે તેમનો પોતાનો દેવ યહોવાહ ગર્જના તથા તોફાનો દ્વારા ઠેઠ અદોમથી આવે છે (નિર્ગમન ૧૫ : ૩; યહોશુઆ ૧૦ : ૧૧; ન્યાયાધીશો ૫ : ૪–૫), પરંતુ આ યહોવાહ તેમની સાથે દરરોજ રહેતો હતો કે કેમ, તેની તેમને ખાતરી ન હતી; તેમ જ આ યહોવાહ ખેતીવાડી વિષે જાણકાર હતો કે કેમ તે વિષે પણ તેઓ બિલકુલ અજાણ હતા.

આથી જ કરીને ઇસ્રાએલી લોકોને નીચેના ત્રણ અગત્યના મુદ્દાઓ ગળે ઉતારવાને પ્રબોધકોએ સદીઓ સુધી ભારે જહેમત ઉઠાવી:

[क] કનાનીઓની ભક્તિની સાથે ખેતીવાડી સંબંધીની તેમની આવડતને કોઈ પણ જાતનો સંબંધ નથી;

[ख] ઇસ્રાએલીઓનો દેવ એકલો જ કુદરતી શક્તિઓનો સ્વામી છે ને તે જ સર્વે પ્રકારના પાક ઉત્પન્ન કરે છે, અને

[ग] યહોવાહની પદ્ધતિઓ વ્યવસ્થાભરી છે અને તે પોતે પણ (યહોવાહ) વિશ્વાસુ છે.

તેને મનાવવા-પટાવવાની, રીઝવવાની, કે જાદુ યા યુક્તિથી ફરજ પાડવાની કે તેની પાસે કંઈ કામ કરાવી લેવા હીકમત વાપરવાની જરાયે જરૂર હોતી નથી. બાઇબલમાં "જૂદા દેવો" સંબંધીના સતત ચાલતા વિવાદમાં આ જ બાબતો સમાયેલી છે.

પ્રબોધકોનું શિક્ષણ ક્રાંતિકારી હતું, અને આ તેમની લડત ઘણા લાંબા સમય સુધી ચાલી. ઇસ્રાએલી ખેડૂત તો એમ જ ધારતો હશે કે આ બધા પ્રબોધકો આસપાસની પરિસ્થિતિના જણાતા મોટા ભાગના પુરાવાઓ ધ્યાનમાં લેતા જ નથી. ઉનાળાની આખરમાં, તો ઇસ્રાએલી ખેડૂત નિરાધાર બની જતો; તેનાં ખેતરો સૂકાંભઠ્ઠ થઈ જતાં, અને વરસાદ ન આવે ત્યાં સુધી તે ખેતીકામ શરૂ પણ કરી શકતો ન હતો. તેથી જ્યારે ફક્ત પાંચેક માઈલ દૂર જ આવેલા ગામમાં ભયંકર વાવાઝોડા સાથે વરસાદ પડતો હોય ત્યારે તેનાં પોતાનાં ખેતરોમાં સહેજ પણ વરસાદ ન પડે અને જ્યારે પેલા બીજા ગામના ખેડૂતો ખેડકામમાં મશગુલ હોય ત્યારે તેને પોતાને તો નવરા બેસી રહેવાનું હોય, તેવે સમયે તેની સમજ પ્રમાણે તે એમ બોલી ઊઠે તેમાં નવાઈ નહિ કે આનો કંઈક ખુલાસો હોવો જોઈએ, અથવા તો પેલા બીજા ગામનો દેવ વધારે શક્તિશાળી છે, અથવા તો તે ગામના લોકોએ વધારે અસરકારક બલિદાનો તે દેવને ચઢાવ્યાં હશે જો તે ઇસ્રાએલના દેવ યહોવાહનો નિયમિત ઉપાસક હોય તો તેના મનમાં પ્રશ્ન ઊઠે એમાં નવાઈ નહિ કે હજી સુધી કેમ તેનાં બાળકો પૂરતો ખોરાક પણ મળતો નથી. તેના મનમાં થાય જ થાય કે એક કરતાં વધુ દેવોની ઉપાસના કેરવી લાભકારક કહેવાય. જેથી જરૂરી સમયમાં પેલામાંનો કોઈ એક દેવ મદદ કરવા માટે શક્તિમાન હોય.

વિગતે, હવામાન સંબંધી તે જે કાંઈ જાણતો હતો તેને લીધે તે એમ માનતાં શીખ્યો કે જે કોઈ દેવ આબોહવા પર કાબૂ રાખે છે તે

સ્વચ્છંદી તથા અસ્થિર દેવ છે અને તેથી પોતાને અતિ જરૂરી એવો વરસાદ મેળવી લેવા માટે એ દેવને ઘડીમાં મનામણાં અને ઘડીમાં ધમકી આપવાની એવી એકમાત્ર રીત તેણે ધારણ કરવી એ યોગ્ય છે. પ્રબોધકો તેની વિરુદ્ધમાં દાવો કરતા હતા કે ઇસ્રાએલીઓનો દેવ યહોવાહ હંમેશાં એવોને એવો જ રહે છે. વરસાદનું આવવું કે ના આવવું તે નિયમબદ્ધ વિશ્વની જ ઘટનાઓ છે, અને જો માણસ નિયમબદ્ધ અને ધોરણસર વર્તે તો તે દેવની નિયમબદ્ધ હકૂમત જોઈ શકે. પણ જો માણસ બીજા બીજા દેવો પાછળ ભટકવા લાગે, અને માની લે કે ફળદ્રુપતા તો એ બીજા દેવો તરફથી મળે છે (હોશિયા ૨ : ૫) તો તેમને આ ફળદ્રુપતાથી વંચિત રાખવામાં આવશે, જેથી તેઓ જાણે તથા શીખે કે એ ફળદ્રુપતા ખરેખર કઈ જગાએથી આવે છે.

વર્તમાન સમયમાં ઉપર પ્રમાણેની ઇસ્રાએલીઓની વિચારસરણી ધરાવવી એ આપણે માટે શકચ નથી અને પરિણામે પ્રબોધકોની દલીલની પૂરી અસર આપણે અનુભવી શકતા નથી. આપણને ઇસ્રાએલી ખેડૂતો ઘણા જ ભોળા લાગે છે, અને આપણને જોકે વિજ્ઞાનની ફક્ત પ્રાથમિક કેળવણી જ મળી હોય તોપણ આપણે વરસાદ તથા સુકવણાના વિષે જાણતાં હોઇએ છીએ કે તેઓ સ્વછંદી નહિ પણ નિયમબદ્ધ હોય છે. બીજી રીતે જોતાં, પ્રબોધકો વિચારતા હતા તેટલી સરળ એ બાબતો નહોતી, અથવા તો આપણે માનીએ છીએ કે વરસાદ તથા સૂર્યપ્રકાશ હંમેશાં કાંઈ ન્યાયીપણાભર્યાં જીવનના બદલારૂપ નથી.

પરંતુ ઇસ્રાએલીઓને સમજી શકવાની આપણી નિષ્ફળતાનું કારણ એ છે કે તેમના ભય અને વિચારોને આપણે જાતે અનુભવી શકયા નથી. આપણી પાસે આપણા પોતાના ઘણી જાતના ભય છે અને આપણા એ ભયોને લીધે આપણે પણ કંઇક એ જ દિશાઓમાં દલીલો કરતા હોઈએ છીએ. દાખલા તરીકે ભૂંડા આત્માઓને રીઝવવાની કોઈ જરૂર નથી, અને જેઓએ જીવતા ઇશ્વરમાં વિશ્વાસ કર્યો છે તેઓની ઉપર એ ભૂંડા આત્માઓની કોઇપણ સત્તા નથી, એવું ખ્રિસ્તીઓનાં મનોમાં ઠસાવવું તે મધ્ય આફ્રિકાના ખ્રિસ્તી શિક્ષકો માટે કેટલું બધું મુશ્કેલ કાર્ય છે !

પશ્ચિમની ઔદ્યોગીક દુનિયામાં પણ એથી કાંઇ ખાસ જુદું જોવા નહિ મળે. જે વસ્તુઓનો ભય ઇસ્રાએલીઓ રાખતા હતા તે વસ્તુઓનો ભય પશ્ચિમના લોકોને નથી, પણ તેનો અર્થ એવો નથી થતો કે તેઓને

કોઇપણ વસ્તુનો ભય નથી. મોટાં મોટાં ઔદ્યોગીક શહેરોમાં રહેતા લોકોને ઘણી વસ્તુઓનો ભય લાગે છે, જેમ કે બેકાર બની જવાનો, અથવા લડાઇનો, અથવા તેમનો જીવનનિર્વાહ મુશ્કેલ કે અશકય બનાવી દે તેવી કોઇ રાજકીય કે આર્થિક મુશ્કેલી આવી પડવાનો ભય તેઓ સતત દહેશતમાં રહેતા હોય છે કે રખેને કંઇક એવી પરિસ્થિતિ આવી પડે જેથી તેમના કુટુંબને ભૂખે મરવું પડે. તેઓને આ બધી બાબતોની એટલી બધી બીક હોય છે કે એ બાબતોને ટાળી શકે તેવું કંઇપણ કરવા તેઓ વિચારતા હોય છે. આમ વર્તમાન સમયની જાહેરાતો, જે વસ્તુઓને તેઓ જાહેર કરે છે તેમના વિષે સત્ય હકીકત જાહેર કરતી હોતી નથી. પરંતુ જો એમ કહેવામાં આવે કે આ તો ઇશ્વરની ઇચ્છાની વિરૂદ્ધની વાત છે, તો મોટે ભાગે જવાબ મળશે કે જો લોકોને એ નોકરી યા કામધંધામાં ટકાવી રાખવા હોય તો, માલની ખપત થવી જ જોઈએ; અને માલની ખપત કરવા માટે આ પ્રકારની જાહેરાતો આપવી જ પડે એ દેખીતું છે.

એ મુજબ જ કેટલાક લોકો કહે છે કે ખ્રિસ્તી ધર્મને રાજકીય બાબતો સાથે કદી પણ ભેળવવો ન જોઈએ, અને ઉપદેશકોએ તેમનાં બોધ-ભાષણોમાં રાજકીય પ્રશ્નોનો સમાવેશ કરવો ન જોઈએ.

આ પ્રકારની દલીલની પાછળ અજાણપણે એક એવી માન્યતા ઘૂસેલી હોય છે કે ગમે તેમ પણ એક કરતાં વધુ દેવો છે, જેમકે લોકોએ ધંધામાં કેવી રીતે વર્તવું જોઈએ તેનું ધોરણ રજૂ કરનો આર્થિક દેવ, દેશનો કારભાર કેવી રીતે ચલાવવો તથા દેશને લડાઇથી કેવી રીતે બચાવવો જોઇએ તેની જાણકારી ધરાવતો રાજકાજનો દેવ; જેની ભક્તિ રવિવારે કરવાની હોય છે એવો એક બીજો દેવ સ્વાભાવિક રીતે જ લોકો રવિવારના દેવને મુખ્ય દેવ તરીકે માને એ કાંઈ ખાસ મહત્ત્વની બાબત નથી, કારણ કે મોટા ભાગના ઈસ્રાએલીઓ તેમના દેવ માટે એ જ પ્રમાણેનો વિચાર ધરાવતા હતા, અગત્યની બાબત તો ફક્ત એક જ જીવંત ઈશ્વર છે અને તે એકલો જ ખેતરો તથા દ્રાક્ષવાડીઓનો સ્વામી છે એવું માણસે સ્વીકારવું તથા માનવું રહ્યું, અને વળી એ માન્યતા મુજબનાં આચરણ પણ કરવાં રહ્યાં. પ્રબોધકોનું મોટા ભાગનું શિક્ષણ આ પ્રશ્ન સાથે સંકળાયેલું હતું. અને આજે પણ માણસે શીખવાનું અતિ મહત્ત્વનું તથા ક્રાંતિકારી શિક્ષણ હજી એજ છે.

## પ્રકરણ : ૩

# રણ અને વાવેતર

ઇસવી સન પૂર્વે ૧૨૨૫ની આસપાસના ગાળામાં (માનવામાં આવે છે તેમ) ઇસ્રાએલી લોકો રણપ્રદેશથી આગળ વધીને યર્દન નદીની પેલી તરફ આવેલા પાલેસ્તાઇનમાં આવી વસ્યા. આ સમયનો સઘળો ઇતિહાસ ગૂંચવાયેલો છે, અને પુરાતત્ત્વવેત્તાઓનાં સંશોધનો બાઇબલના વૃત્તાંત સાથે સરખાવવાં તે ઘણી બધી વખતે ખૂબ મુશ્કેલ બની જાય છે. આપણે ચોક્કસ એમ વિચારીએ કે ઇસ્રાએલ લોકો ધીમા ધીમા પાલેસ્તાઇન દેશમાં પ્રવેશી રહ્યા હતા એ ખરું, પણ આ દેશમાં તો બીજી પ્રજા ક્યારનીયે વસતી હતી, અને એ પ્રજા ઇસ્રાએલીઓ કરતાં વધારે બળવાન હતી. તેથી જ એ દેશ ઉપર કાબૂ મેળવવા માટે ઇસ્રાએલી લોકોને ઘણો સમય લાગ્યો. આ તબક્કે ઇસ્રાએલીઓ ભટકતા ભરવાડ હતા, અને પોતાનાં ઘેટાંબકરાંનાં ટોળાંઓ સાથે એક જગાએથી બીજી જગાએ રખડતા હતા. આ ઉપરથી એમ સમજાય છે કે હજી સુધી તેઓ ઊંટને પાળવાની અને લોખંડને ઢાળવાની કળા શીખ્યા ન હતા, અને તેથી તેઓનાં મોટા ભાગનાં હથિયારો કાંસાનાં બનેલાં હતાં. એથી ઊલટું, કનાની પ્રજાઓ યર્દનની પશ્ચિમે મજબૂત કિલ્લાઓથી સુરક્ષિત એવાં નાનાં ગામડાં તથા શહેરોમાં રહેતી હતી. તેઓ લોખંડનાં હથિયારોથી સજ્જ હતા, કારણ કે લોહયુગની શરૂઆત ક્યારનીયે થઇ ચૂકી હતી. આજે આ દેશનું જે ચિત્ર જોવા મળે છે તેના કરતાં તે જમાનામાં દેશની પરિસ્થિતિ તદ્દન જુદી જ હતી. ઠેર ઠેર આવેલા ડુંગરા વૃક્ષોથી આચ્છાદિત હતા, અને દરિયાકંઠારનું મોટા ભાગનું મેદાન જંગલ તથા કાદવકીચડથી છવાયેલું હતું. સંભવિત છે કે ગાલીલના ઊપલાણ પ્રદેશ સિવાય અન્ય ઠેકાણે ડુંગરા પરનાં જંગલોમાં બહુ ઊંચાં વૃક્ષો ન હતાં, પરંતુ બધી ધીચ ઝાડી પથરાયેલી હતી અને જંગલી પ્રાણીઓનો તેમાં વાસો હતો. જેમ અત્યારે છે તે પ્રમાણે "તડની ખીણ"ના દક્ષિણના ભાગમાં અને યહુદિયાના પૂર્વ તરફના ઢોળાવો બાજુ રણ હતું. જે પ્રદેશમાં આછાં જંગલો આવેલાં હતાં, અને જ્યાં કાદવકીચડવાળી બની જાય તેવી બહુ સપાટ જમીન ન હતી તે પ્રદેશો વસાહતો માટે આકર્ષક જગા હતી.

આવી જગાઓ દરિયાકાંઠાના મેદાનની દક્ષિણના ભાગમાં હતી, કે જ્યાં શારોનનાં ધાડ જંગલોના પ્રદેશનો અંત આવે છે અને ઘાસવાળી જમીન આવેલી છે, તેમ જ મેદાનની કાદવકીચડવાળી જમીન તથા ઉચ્ચપ્રદેશોનાં જંગલો વચ્ચે આવેલી નીચા ઢોળાવવાળી ટેકરીઓની જગા છે. બીજો યોગ્ય વિસ્તાર પશ્ચિમની આજલોનની ખીણ અને પૂર્વના યરેખો તરફ લઇ જતી ખીણ વચ્ચે આવેલા ઉચ્ચપ્રદેશનો ભાગ લાગે છે. આ જગાએ આવેલો ઉચ્ચસપાટ પ્રદેશ ઉત્તર અને દક્ષિણ પ્રદેશ જેટલો ઊંચો નથી. આ ઉચ્ચ પ્રદેશની પશ્ચિમથી પૂર્વ સુધીનો પ્રદેશ અવરજવર માટે અગત્યનો ભાગ હોવાથી તેના અડધા ભાગનાં જંગલો તો ક્યારનાંયે કપાઇ ચૂક્યાં હતાં.

આ અતિ આકર્ષક પ્રદેશોમાં તો ક્યારનીયે વસાહતો સ્થપાઇ ચૂકી હતી. દરિયાના કિનારાના મેદાનની દક્ષિણના ભાગમાં વસવા માટે પલિસ્તિઓ આગળ વધી રહ્યા હતા; અને અન્ય ઠેકાણે કનાનીઓનાં નાનાં નાનાં કિલ્લેબંધી શહેરો વસેલાં હતાં, જેને રખડતી ટોળીઓ જીતી શકી ન હતી (ન્યાયાધીશો ૧). આવી મુશ્કેલીઓના સંજોગમાં સૌથી બળવાન કુળોએ ઉચ્ચપ્રદેશમાં વસવાટ કર્યો હતો. જંગલો તથા સીધી-ઊભી ટેકરીઓથી આ પ્રદેશનો બચાવ થતો હતો. આવાં બળવાન તથા અગત્યનાં કુળોના વસવાટના સીમાડા પર બીજાં નાનાં નાનાં કુળોએ વસવાટ કર્યો હતો.

આમ યહુદાહે મૃત સરોવરની તરત જ પશ્ચિમે આવેલા ઉચ્ચ સપાટ પ્રદેશમાં વસવાટ કર્યો. એફ્રાઇમે મધ્યમાં તથા પૂરતી રીતે રક્ષણ પામેલો ચૂનાના પથ્થરવાળા ઘૂમટનો કબજો લીધો. મનાશ્શેહે એસ્દ્રાયલોન-જેઝરીલની પટ્ટીની દક્ષિણમાં આવેલા ખીણો તથા ટેકરીઓથી ભરપૂર એના ઉચ્ચપ્રદેશનો કબજો મેળવ્યો હતો. મનાશ્શેહે વળી યર્દનની પૂર્વ તરફના ગીલઆદના ઉચ્ચપ્રદેશના અમુક ભાગનો કબજો પણ લીધો હતો. જોકે બાઇબલની વાર્તાને આધારે ચોક્કસ જાણી શકાતું નથી કે 'તડની ખીણ'ની કંઇ બાજુનો કબજો સૌ પ્રથમ તેમણે લીધો હતો (સરખાવો ગણના ૩૨ : ૩૩-૪૨; યહોશુઆ ૧૭). તો પણ સૌ પ્રથમ તેઓ યર્દનની પશ્ચિમે વસ્યા હોય અને ત્યાર પછી વિસ્તરવાની યોજના પ્રમાણે તેઓ પૂર્વ તરફ વિસ્તર્યા હોય તેમ લાગે છે.

સીમાડા પર વસનારાં કુળો નીચે પ્રમાણે હતાં :—

શિમઓને દક્ષિણમાં યહૂદાની પારનો મુલક કબજે કર્યો હતો, છતાં પણ અમાલેકીઓએ તે તરત જ તેમની પાસેથી પડાવી લીધો. દાન તથા

બેન્જામીન, યહુદા અને એફ્રાઇમની વચ્ચેના અવરજવરના વિસ્તારમાં રહેઠાણ શોધતા હતા. બિન્યામીનનું કુળ ઉચ્ચ સપાટ પ્રદેશમાં હતું. ત્યાં તેમને બે બળવાન કુળોનું રક્ષણ મળ્યું હતું. દાને આજલોનની ખીણના નીચાણવાળા વિસ્તારમાં વસવાટ કર્યો ખરો, પણ ત્યાંથી તેમને પાછા હાંકી કાઢવામાં આવ્યા. આખરે તેઓને ત્યાંથી પૂરેપૂરા હઠી જવું પડયું, અને યર્દનના મૂળ નજીકની નવી જગામાં જઈને વસવાટ કર્યો (ન્યાયાધીશો ૧ : ૩૪; ૧૮). યરદનની પૂર્વ તરફના ઉચ્ચ સપાટ પ્રદેશમાં ગાદ અને રેઉબેનનાં કુળો વસ્યાં હતાં. રેઉબેનનું કુળ દક્ષિણ તરફ હતું અને મોઆબે તેને સ્વાહા કર્યું હશે, કારણ કે ઈ. સ. ૧૮૬૮માં શોધાયેલા (૨ રાજાઓ ૩ : ૪) પ્રમાણે મોઆબના મુલકની નજીક ઉત્તર દિશામાં ગાદનો વસવાટ હતો. ગાદ ગીલઆદના ઉચ્ચ સપાટ પ્રદેશમાં હોવાથી વધારે બળવાન હતો. વળી ગાદના લોકોએ રેઉબેનનો અમુક મુલક લઇ લીધો હશે. છતાં પણ જેમ બીજાં ઘણાં કુળોની વિસ્તારહદ સ્પષ્ટ જણાવવામાં આવી છે તેમ ગાદની હદ કોઈપણ જગાએ ચોક્કસ વર્ણવેલી નથી. સંભવિત છે કે આમ્મોનીઓના તેમના ઉપર વારંવાર હુમલા થતા હોય, અને આખરે વિસ્તાર પામતા મનાશ્શેહના પ્રદેશમાં એને ભેળવી દેવામાં આવ્યો હોય.

બાકી રહેલાં ચાર કુળોના કબજામાં યરદનની પશ્ચિમે અને મનાશ્શેહની ઉત્તરે આવેલો મુલક હતો; એસ્દ્રાયલોન-જેઝરીલની પટ્ટી યિસ્સાખારની હતી, પણ તેના પાડોશીઓ તેના કરતાં વધારે બળવાન હોવાથી તેના પર ધણીપણું કરતા હતા. આશેરના કુળનો વસવાટ દરિયાકિનારે હતો. ફૈનિકે લોકોથી તે અંજાઈ તથા હેબતાઇ ગયો હતો. નાફતાલીનું કુળ ગાલીલના પૂર્વ ઢોળાવે વસ્યું હતું, જ્યાં ઉત્તર તરફથી આવતા કોઈપણ આક્રમણનો તે પ્રથમ જ ભોગ થઇ પડતું. આ બધામાં ઝબૂલૂનનું કુળ સૌથી બળવાન હતું, કેમ કે નીચલાણના ગાલીલી ડુંગરાઓની મધ્યમાં આવેલું હતું, અને પાછળથી આશેરના ભોગે તે છેક દરિયાકિનારા સુધી વિસ્તર્યું હતું. આમ છતાં કોઈપણ ભારે આક્રમણ વખતે નાફતાલીના જેટલું જ તે ભોગ બનતું.

જે ત્રણ બળવાન કુળો હતાં તેમાં ચૂનાના પથ્થરોના ઘૂમટ જેવા ઉચ્ચ પ્રદેશમાં વસેલું એફ્રાઈમનું કુળ શરૂઆતના કાળમાં અગ્રસ્થાને હતું અને એફ્રાઇમના મુલકમાં આવેલા શીલોહમાં ઈશ્વરનો કરારકોશ રાખ્યો હતો. "મનાશ્શેહ પુત્રોના વતન મધ્યે જે નગરો એફ્રાઇમપુત્રોને સારુ અલાયદાં કરેલાં હતાં", તેમનો ઉલ્લેખ યહોશુઆના પુસ્તકમાં બે વાર

કરેલો છે (યહોશુઆ ૧૬ : ૯; ૧૭ : ૯). આ ઉપરથી એમ લાગે છે કે મનાશ્શેહનો કેટલોક ભાગ સમાવી લેવાય ત્યાં સુધી તેની હદ વધારી હતી, અને તેથી ઘણા જ સીધા અને બહારની બાજુ તરફ ઢળતા ઢોળાવથી તેને રક્ષણ મળતું હતું (યહોશુઆ ૧૬ : ૫-૮ના વર્ણન પ્રમાણે).

પરંતુ રાજ્યના વિભાગીકરણ પછી ઉત્તરની સત્તા મનાશ્શેહના હાથમાં આવી. ત્યાર પછીથી બધા જ અગત્યના બનાવો આ વિસ્તારમાં બન્યા હોય તેમ લાગે છે, અને એફ્રાઇમનાં નગરોમાંથી ફક્ત એકલા બેથેલનું જ નામ આપવામાં આવ્યું છે. યાદ રાખવું જોઇએ કે મનાશ્શેહ પાસે, અંદરથી ચૂનાની ખીણોનો બનેલો પ્રદેશ હોય તેવો ખીણ-જેવો (Basin-Like) પ્રદેશ હતો. પરિણામે તે પ્રદેશ દુશ્મનના આક્રમણ સામે રક્ષણ આપી શકે તેવો ન હતો. તેથી તેના શરૂઆતના ઇતિહાસના સમય દરમિયાન, બધા જ માર્ગો કબજે કરી શકાય ત્યાં સુધી પોતાનો વિસ્તાર વધારવા માટે તેને ઘણી જહેમત ઉઠાવવી પડી, અને એમ કરવામાં બીજાં હેણુ કુળોના વિસ્તારને પણ પોતામાં સમાવી લીધો. "મનાશ્શેહ પાસે યિસ્સાખાર તથા આશેરમાં આવેલાં નગરો હતાં" (યહોશુઆ ૧૭ : ૧૧) એવા જિજ્ઞાસાપ્રેરક નિવેદનનો એ જ અર્થ હોય તેમ લાગે છે. આ કલમમાં દર્શાવેલા 'ત્રણ પ્રદેશો' કે જે અતિ અગત્યના મેદાન ઉપર તેને કાબૂ અપાવી શકે તેવાં: "કાર્મેલ, ટાબોર અને મોરેહ"ની ટેકરીઓનાં 'ત્રણ શિખરો' હોઇ શકે.

ઇસ્રાએલીઓએ જે પ્રદેશ પૂરેપૂરો કબજે કર્યો હતો તે ઘણો જ નાનો અને ત્રિકોણાકાર હતો. તેનો પાયાનો પ્રદેશ 'ઉપલાણના ગાલીલ'ને 'નીચાણના ગાલીલ'થી છૂટો પાડે છે, અને તેના શિખરે બેરશેબા છે. તેમાં પૂર્વ તરફનો ગીલઆદનો ઉચ્ચ પ્રદેશ પણ આવી જાય. આ કુળોમાં ખરેખરી એકતા હતી જ નહિ. દક્ષિણનું યહુદા અને ઉત્તરના એફ્રાઈમ-મનાશ્શેહ વચ્ચે ભારે ખટરાગ અને ફાટફૂટ હતાં. અને પરિણામે, સુલેમાનના મૃત્યુ પછી રાજ્યના ભાગલા પડી ગયા. આ ફાટફૂટ તો એથી યે વહેલી ડોકિયાં કરતી જોવા મળે છે. અને ઇતિહાસમાં એવું અનેકવાર પુનરાવર્તન થયું છે. બંને મહા પ્રતિસ્પર્ધીઓની વચ્ચે આવેલા બિન્યામીનના કુળમાંથી સૌથી પ્રથમ રાજાને પસંદ કરવામાં આવ્યો તેમ જ રાજધાની યરૂશાલેમમાં સ્થાપવામાં આવી તેમાં એકમાત્ર હેતુ હતો કે ભાગલા દૂર થાય. એથીયે વિશેષ આશ્શૂરે સમરૂન જીતી લીધું, અને ઉત્તરનાં કુળોને દેશમાંથી દૂર કરવામાં આવ્યાં ત્યાં સુધી આ દુશ્મનાવટ ચાલુ રહી. તેના માટે યશાયાહ પ્રબોધક

કહે છે, "તેઓ જમણે હાથે ખૂંચવી લેશે, તોપણ ભૂખ્યા રહેશે અને ડાબે હાથે ખાઇ જશે તોપણ તેઓ ધરાશે નહિ. તેઓમાંનો દરેક તેના પડોશીનું માંસ ખાઇ જશે, મનાશ્શેહ એફ્રાઇમને તથા એફ્રાઇમ મનાશ્શેહને (ખાઇ જશે) અને તે બંને યહુદાની સામે થશે" (યશાયાહ ૯ : ૨૦–૨૧).

બીજી ઘણી બધી વસ્તુઓ કરતાં રોટલી, દ્રાક્ષારસ અને તેલ એ ત્રણ વસ્તુઓ ઉપર પાલેસ્તાઇનના લોકોનું જીવન ખૂબ આધારિત છે અને ઇસ્રાલીઓ ધીમે ધીમે આ ત્રણ વસ્તુઓને જમીનના આ નાના વિસ્તારમાંથી ઉત્પન્ન કરતાં શીખ્યા. તેઓ વધુ ગરમ અને સૂકા એવા ખેતીવાડીના વિસ્તારમાં પાકતા ઘઉં કે જવમાંથી રોટલી બનાવતા, માત્ર ખરેખરી ભૂમધ્ય સમુદ્રની આબોહવાવાળા પ્રદેશમાં થતાં જૈતવૃક્ષોનાં ફળમાંથી તેઓ તેલ મેળવતા હતા. યરદન પારના ઉચ્ચ પ્રદેશમાં એટલી સહેલાઇથી જૈતુન પાકી શકતાં ન હતાં. આ દેશની બીજી સામાન્ય પેદાશમાં યરદનની ખીણમાં ખજૂર તથા (Balsam), અને ઉપલાણના પ્રદેશમાં અંજીર, બદામ, દાડમ, વટાણા અને પાપડી થતાં. ભૂમધ્ય સમુદ્રની આબોહવાવાળા પ્રદેશમાં થતાં ઘઉં, દ્રાક્ષ અને જૈતુન યરદનની પૂર્વના પ્રદેશમાં ઘણા ઓછા પ્રમાણમાં થાય છે ને તેથી કોઇપણ એક મુખ્ય પાક તૈયાર કરવા તરફ લોકોનું વલણ રહે છે : જેમ કે બાશાનના ઉચ્ચ સપાટપ્રદેશમાં ઘઉં, ગીલઆદના ઉચ્ચ પ્રદેશોમાં દ્રાક્ષ, અને મોઆબ તથા આમ્મોનના સપાટ પ્રદેશમાં ઘેટાંઉછેર કરવામાં આવે છે. અગાઉ આપણે જોયું તેમ છેક દક્ષિણમાં આવેલા અદોમના પ્રદેશનો આધાર વેપાર અને કીમતી ત્રાંબાની ખાણો ઉપર છે.

પ્રથમ એ કે ત્રણ સૈકાઓ સુધી ઇસ્રાએલી લોકો ઘણી જ સાદાઇથી રહેતા હતા, અને સતત કોઇક બહારથી ચઢાઇ કરનારાઓની દયા ઉપર જીવતા હતા. શિલોહમાં આવેલા પવિત્ર મંદિર પ્રત્યેની માત્ર એક સહિયારી વફાદારીને લીધે જ તેઓ સંગઠિત રહી શકયા હતા. ખુદ શાઉલ રાજાના અમલ દરમિયાન પણ, તેમાં કોઈ વિશેષ સુધારો કે બઢતી થઈ ન હતી. યરૂશાલેમથી ઉત્તરે પાંચેક માઇલ દૂર જેટલે આવેલા ગીબીયાહમાં તેની રાજધાની હતી. તે ગીબીયાહ એક મજબૂત કિલ્લેબંધીવાળા ગામ કરતાં કંઇ વિશેષ ન હતું. દાઉદ રાજાના અમલ પછી જ અને તેથી યે વિશેષ સુલેમાન રાજાના અમલમાં લોકો કંઇક મોજશોખથી રહેતા થયા હતા; છતાં મોજશોખની વસ્તુઓ માટે તેમને ફિનિકે લોકો ઉપર આધાર રાખવો પડતો હતો, એ જ પ્રમાણે પાછળથી ઓમ્રી જયારે ઇસ્રાએલની ગાદી

ઉપર આવ્યો અને પોતાને માટે સમરૂનમાં નવી રાજધાની સ્થાપી ત્યારે પણ એમ જ બન્યું, કારણ કે પાટનગરના બાંધકામ માટે તેણે ફૈનીકી કારીગરોનો તથા ફૈનીકી બાંધકામની પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

પરંતુ આ પરથી એમ નહિ માની બેસવું કે આ ભારે મોજશોખે દરેકના ઉપર અસર કરી હતી. જેમ ઘણી વખતે બને છે તેમ એક આખો ધનિક વેપારી વર્ગ ઊભો થયો, અને બધું નાણું આ વર્ગના હાથમાં રહેવા લાગ્યું; જ્યારે સરખામણીમાં ખેડૂત વર્ગ વધારે ને વધારે ગરીબ બનતો રહ્યો. આમોસ પ્રબોધકે આ પરિસ્થિતિને બહુ ઉગ્ર શબ્દોમાં વખોડી કાઢી હતી, તથા હોશિયા પ્રબોધકે ઉત્તરના રાજ્યના આ અસમાનતાભર્યા સમાજને 'ફેરવ્યા વગરની પોળી' (હોશિયા ૭ : ૮) સાથે સરખાવ્યો હતો. આ ઉપરથી તે એમ કહેવા માગતો હતો કે ઇસ્રાએલમાં એક ટોળું અતિ તવંગર લોકોના વર્ગનું બનેલું છે, જ્યારે બાકીનો મોટો ભાગ અતિશય ગરીબ લોકોના વર્ગનો છે, પરંતુ ખરેખરો મધ્યમ વર્ગ છે જ નહિ. તેથી કરીને પોળીની એક બાજુ શેકેલી હોય પણ બીજી બાજુ શેકયા વગરની કાચી હોય તેના જેવી ઈસ્રાએલની પરિસ્થિતિને તે વર્ણવે છે. તે જ સમયે યહુદાહમાં રાજગાદી ઉપર ઉઝ્ઝીયાહ રાજા હતો. કહેવાય છે કે તેને 'ખેતીવાડીનો શોખ હતો' (૨ કાળવૃત્તાંત ૨૬:૧૦). તેના ખેતીવાડી પ્રત્યેના પ્રેમને લીધે, આ સમયમાં યહુદાહની સ્થિરતા વધી કારણ કે જેને લીધે ઇસ્રાએલને ઘણું નુકસાન પહોંચ્યું તેવો અસમાનતાવાળો સમાજ, રાજાના ખેતીવાડી પ્રત્યેના પ્રેમને લીધે ઊભો થતો અટકી ગયો.

સામાન્ય રીતે કહી શકાય કે જ્યાં જ્યાં સહેલાઈથી જૈતુન ઉગાડી ન શકાય ત્યાં ત્યાં હેબ્રુ વિસ્તારનો અંત આવ્યો ગણાય. બાઇબલની વિચારસરણીમાં જે રણોએ અગત્યનો ભાગ ભજવ્યો છે, તેવાં બે રણોમાંનું એક રણ તે પ્રદેશની પૂર્વમાં અને બીજું દક્ષિણમાં હતું. એનું કારણ એ નથી કે મિસરમાંથી નિર્ગમન કર્યા પછીના દિવસોમાં હેબ્રુ લોકો આ પ્રદેશમાં અમુક સમય રહ્યા હતા. પણ કંઈક અંશે તે તેમના ઇતિહાસનું પરિણામ છે કે જે ઇતિહાસમાં રણે ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો, અને કંઈક અંશે પાલેસ્તાઈનના ખેતજીવન કરતાં પણ રણ મધ્યેનું જીવન તદ્દન જુદું હતું, અને તે રણ એટલું બધું પાસે હતું કે જાણે છેક યરૂશાલેમના કોટની નજીક સુધી વિસ્તાર પામ્યું હોય.

ખરું જોતાં; યહૂદિયાના અરણ્ય સિવાય હેબ્રુ રાજ્યના કોઈપણ ભાગમાં રણ ન હતું, કારણ કે મૃતસરોવરની પૂર્વમાં આવેલા જમીનના પટાથી તથા 'વાડી અરાબાહ'ના પ્રદેશથી રણની શરૂઆત થઈ જાય છે અને આ રણ ત્યાંના વતનીઓના જીવન ઉપર અસર કરે છે. પરંતુ તે પ્રદેશો સ્વાભાવિક રીતે આમ્મોન, મોઆબ અને અદોમના સ્વતંત્ર રાજ્યોના વિસ્તાર હતા. ખરેખર, પાલેસ્તાઈનના જુદા જુદા લોકોના જીવનની ભિન્ન ભિન્ન પ્રકારની રહેણીકરણી એ જ તેમના ખરા ભાગલા હતા, અને ઇસ્રાએલનાં કુળોના વિભાગીકરણનું કારણ પણ કંઈક અંશે એ જ હતું.

આ વિવિધ પ્રકારના જીવનધોરણ પ્રમાણેના ભાગલામાં રણ અને વાવેતર વચ્ચેનો સરહદી ભાગ સૌથી અગત્યનો બને છે. મિસરમાં (ઇજીપ્તમાં) છે તેમ અહીં કોઈપણ જગાએ કોઈ ચોક્કસ માપદોરી આંકેલી નથી, પણ સર્વ જગાએ જુદી જુદી પહોળાઈવાળો અને વર્ષે સરેરાશ આઠ ઈંચ (૨૦૦ મી. મી.) જેટલા વરસાદવાળો એ વિસ્તાર છે. જે જગાએ વરસાદ ઓછો પડે છે ત્યાં ખેતીકાર્ય થઇ શકતું નથી. તેથી રણમાં રહેનારા લોકો જીવનનિર્વાહ માટે તેમનાં પ્રાણીઓ ઉપર આધાર રાખે છે. વધુમાં વરસાદ ઘણો જ અનિયમિત પડે છે. વરસાદ પડયો હોય ત્યાર પછીના સમય સિવાય જ્યારે જરૂરી લીલોતરીની અછત હોય છે ત્યારે ભરવાડોને ઘાસચારાની શોધમાં એક જગાએથી બીજી જગાએ જવાની ફરજ પડે છે. આ ભટકતું જીવન એ લોકોના જીવનને ઘણું જ સાદું બનાવે છે, કારણ કે સતત મુસાફ-રીમાં જેટલું ઊંચકી શકાય તેટલું જ તેઓએ રાખવું પડે છે. વળી રણના જીવનમાં પડતી મુશ્કેલીઓ, ઠંડી-ગરમીની કપરી વિષમતા, ભૂંજી નાખે તેવી સખ્ત ગરમી, ખુલ્લા તંબૂમાં રહેતા હોવાથી બરફ અને વરસાદને લીધે વેઠવી પડતી મુશ્કેલીઓ, ખોરાકની કાયમી તંગાશ અને ભટકતાં પ્રાણીઓની શોધમાં દૂર દૂર સુધી કરવી પડતી મુસાફરી, એ બધાં કારણોને લીધે માત્ર સશકતો જ આ કપરા જીવનસંગ્રામમાં બચી શકે છે; અને કોઈપણ પ્રકારની કોમળતા નભાવી લેવામાં આવતી નથી.

મહેમાનની સરભરા કરવા માટે બેદૂઈન લોકો પ્રખ્યાત છે. તેના રક્ષણ હેઠળના અજાણ્યા મુસાફરને પોતાની પાસે જે કાંઈ હોય તે તેણે આપવું રહે છે, કારણ કે તે સમજે છે કે તેને પણ કોઈક દિવસ આવી ઉદાર મદદ મેળવવી પડશે. આજ કારણને લીધે નાથાનની વાર્તાથી દાઉદને વાજબી રીતે તાજૂબી લાગી હતી કે પેલો માણસ પોતાને ત્યાં આવેલા વટેમાર્ગુને

માટે તેનાં પોતાનાં ઘેટાંમાંનું એક કાપવા તૈયાર ન હતો; કારણ, રણપ્રદેશમાં જીવન ગાળવું એ શું છે તે દાઉદ રાજા પોતે સારી પેઠે જાણતો હતો (૨શમૂ. ૧૨ : ૧–૬). આ ભટકતા ઘેટાંપાળકોને તેમનું જીવન નભાવી રાખવા માટે કોઈની પર પણ આધાર રાખ્યા વગર જાતે જ ઝૂઝવું પડે છે, અને તેથી તેઓ સ્વભાવના ઘણા જ સ્વતંત્ર હોય છે. અને જો કોઈ સરકાર તેમના પર કાબૂ મેળવવા પ્રયત્ન કરે તો તેઓ ક્રોધમય રીતે તેનો સામનો કરે છે. સામાન્ય રીતે આવા પ્રયત્નો નિષ્ફળ જ જાય છે, કારણ કે પોલીસ તે લોકોની બરાબરી કરી શકતી નથી. તે લોકો તો રણના રસ્તાઓના પૂરેપૂરા માહિતગાર હોય છે, અને ઇચ્છા થાય ત્યારે આવજા કરી શકે છે, અને પીછો કરનારથી સહીસલામત રહે છે. મુખ્ય સરકાર ઘણી જ મજબૂત હોય તે સિવાય તો રણના વતનીઓ પોતે જ પોતા પર લાદે તે જ નિયમો રણમાં એકમાત્ર વ્યવસ્થા બની રહે છે. આ કંઇ બહુ વધારે ન કહેવાય, કારણ કે યુદ્ધકૌશલ્યની કળા બહુ ઇચ્છનીય ગણવામાં આવે છે. કૂવાઓની અથવા ઘાસચારાની જગાના માલિકી હક માટે વારંવાર ઝઘડાઓ થાય છે (ઉત્પત્તિ ૨૬ : ૧૭–૨૨). વખતોવખત એક ટોળી બીજી ટોળીના થોડાં ઘણાં ઘેટાં બકરાં ચોરી લેવાની આશાએ બીજી ટોળી ઉપર હુમલા કરે છે.

આ ઉપરથી જોઈ શકાય છે કે એક જ જગાએ હરીઠામ રહેતા ખેડૂતના જીવન કરતાં આ તદ્દન જુદા પ્રકારનું જીવન છે. ખેડૂત તો એક જ જગાએ વર્ષોથી યા પેઢીઓથી વસતો હોય છે, તેમ જ તેના પિતા વર્ષોથી એ જમીનની સાચવણી કરતા આવ્યા હોય છે અને તેવી જમીન સાથે તેઓ ગાઢ રીતે સંકળાયેલા હોય છે (૧ રાજાઓ ૨૧ : ૧–૪). જો ઘર માલિક માલદાર બને તો તેનું ધન બીજાં અનેક સુખસાધનો તથા મિલકત વધારવા માટે વાપરશે, કારણ કે રણવાસીના જેવો, એક જગાએથી બીજી જગાએ રખડવાનો પ્રશ્ન તેને નડતો હોતો નથી. તેથી કરીને તેને માટે મોજશોખ એ ત્યાજ્ય વસ્તુ બનતી નથી, પણ લક્ષ્ય બને છે. વળી ખેડૂત નબળી કરતાં બળવાન મધ્યવર્તી સત્તા યા સરકાર ઇચ્છતો હોય છે, કારણ કે તેને લડાઇનો મોટો ભય રહે છે. લડાઇને લીધે તેને ખેતર છોડીને લડવા જવું પડે, અથવા તો તે કદાચ તેની નજર સમક્ષ તેના ખેતરનો નાશ થાય, અને એમ એના જીવનની બધી જ મહેનત બરબાદ થઈ જતાં, માત્ર બે-પાંચ ઢોરઢાંક સાથે તેને જંગલમાં જવું પડે, અને કપરો જીવન ગુજારો ખેડવો પડે (યશાયાહ ૭ : ૧૧–૨૫).

હાએલ અને કાઇનની જેમ ઘેટાંપાળક અને ખેડૂતના જીવન વચ્ચે ઘણો જ તફાવત છે. બંને એકબીજાને પોતાની સર્વ માલમતાના દુશ્મન તરીકે ગણે છે અને એકબીજાને તુચ્છકારે છે.સામાન્ય રીતે બંને ટોળીઓ એકબીજા સાથે ભળતી નથી. હા, કદાચ પોતપોતાની પેદાશની આપલે કરવા માટે રણની સરહદે તેઓ ભળે છે ખરી. અને સામી ટોળી કેવી રીતે જીવે છે યા જીવનનિર્વાહ ચલાવે છે તે સંબંધી બીજી ટોળી અજાયબ લાગે તેટલી બધી અજાણ હોય છે. જ્યાં માણસને સ્થાયી રહેઠાણ અને પોતાનું ઘર હોય તેવા જીવન વિષેનો ખ્યાલ ખેડૂતને આવી શકતો નથી, તેવી જ રીતે જ્યાં કેદીની જેમ ઘરમાં પુરાઈ રહેવાનું હોય અને જ્યાં પોતે ઇચ્છે ત્યાં જઈ શકાતું ન હોય તેવા જીવન વિષે રખડતો ઘેટાંપાળક સમજી શકતો નથી.

પડતર પ્રદેશની આ વિશાળતા પાલેસ્તાઇનવાસીનું ધ્યાન ખેંચે છે. તે તાજૂબ થાય છે કે "જ્યાં કોઈ માણસ વસતું નથી ત્યાં અથવા તો જ્યાં કોઈ માણસ નથી એવા અરણ્યમાં તે તેને (વરસાદને) વરસાવે છે, જેથી ઉજ્જડ તથા વેરાન જમીન તૃપ્ત થાય અને કુમળું ઘાસ ઊગી નીકળે" (અયુબ ૩૮ : ૨૬–૨૭). વળી આવા પ્રદેશમાં રહેવામાં રણનાં પ્રાણીઓ સંતોષ અનુભવે છે એથી પણ પાલેસ્તાઇનવાસી આશ્ચર્ય પામે છે. "જંગલી ગધેડો એકલો રખડે છે" (હોશીઆ ૮ : ૯), 'વેગવાન જુવાન સાંઢણી પોતાના માર્ગોમાં આમ તેમ ભટકે છે' (યિર્મેયાહ ૨ : ૨૩), અને શાહમૃગ "ઘોડાને તથા તેના સવારને હસે છે" (અયૂબ ૩૯ : ૧૮). આ અને એવા બીજા અકુદરતી લાગતી ટેવો સંબંધીના તથા આશ્ચર્ય પમાડે તેવા ઘણા દાખલાઓ બાઇબલમાં વારંવાર જોવા મળે છે. પરંતુ રણનો તેનો ડર પણ હતો કારણ કે તે જાણતો હતો કે તેમાં તેનાથી રહી શકાશે નહિ. "ને વિશાળ અને ભયંકર અરણ્ય હતું કે જ્યાં આગિયા સર્પ, વીંછીઓ, તથા પાણી વગરની સૂકી જમીન હતી" (પુન ૮ : ૧૫), અને "તે દુઃખ તથા સંકટનો દેશ હતો કે જેમાંથી સિંહ તથા સિંહણ, નાગ તથા ઊડતા સર્પ આવે છે" (યશાયાહ ૩૦ : ૬). દરિયા વિષે પણ તેને એવું જ લાગ્યું. દરિયો એક એવું સ્થળ હતું કે જે બહુ જ મુશ્કેલીથી ઓળંગી શકાય અને એમાં જો અધવચ ભરાઈ પડયા તો તો મોત જ આવ્યું સમજો (સરખાવો ગીતશાસ્ત્ર ૧૦૭ : ૪–૭, ૨૩–૩૦). કોઈ માણસ આવામાં રહેવાનું પસંદ કરે એ પાલેસ્તાઇનવાસીની સમજશક્તિની બહારની વાત છે.

જે લોકો દેશમાં રહેતા હતા તેઓને, કોઈપણ સમયે રણ ખેતીલાયક જમીન ઉપર ફરી વળશે તેનો ભય હતો. કીમતી ખેતરો ભટકતા બેદૂઈ નોને માટે લલચાવનારી લૂંટ હોય છે, અને લડાઈની ઓછી આવડતવાળા ખેડૂતને બેદૂઈનના હુમલા સામે ઝાઝું રક્ષણ ન મળી શકે. આપણે જોયું કે તેઓના શરૂઆતના ઇતિહાસના સમયમાં હેબ્રુ લોકો પૂર્વ તરફના મિદ્યાનીઓની દયા ઉપર રહેતા હતા. એમ માનવામાં આવે છે કે મિદ્યાનીઓ તે સમયે તાજેતરમાં ઊંટને પાળતાં શીખ્યા હતા, અને ધાડ પાડવા માટે ઊંટનો ઉપયોગ કરતા અને કોઈપણ માણસ પીછો પકડે તે પહેલાં તો તેઓ પાછા ભાગી જતા. ફક્ત શક્તિશાળી સરકાર તેની સત્તા રણમાં વધારીને આ રખડતા લોકોને અંકુશમાં રાખી શકે. આવા સંજોગોમાં બેદૂઈન લોકો સરકારી ખાતામાં નોકરી કરવા તૈયારી બતાવતા હોય તેમ લાગે છે ( ૧ કાળવૃત્તાંત ૨૭ : ૩૦ ). પણ જો કેન્દ્રિય સરકાર નબળી પડે તો રણ અને ખેતીવાડી મુલક વચ્ચેનો તફાવત ફરી એકવાર વધી જવાનો.

તોપણ ઇસ્રાએલીઓ એક તબક્કે રણમાં રહ્યા હતા, અને રણમાં જ તેમને ઈશ્વરની ઓળખ થઈ હતી. આથી જ, જેમ જેમ તેઓ તેમના પડોશીઓના જેવું જીવન વધુ ને વધુ ગુજારતા થયા, અને જેમ જેમ વેપારીઓના વિલાસીપણાથી તથા ખેતી પ્રધાન પ્રદેશની ભૂંડાઈભરી ભક્તિથી તેમના જીવનમાં સડો પેઠો, તેમ તેમ રણ પ્રદેશમાં તેમને થયેલા આધ્યાત્મિક અનુભવોની યાદ દેવડાવનારાનો તોટો પડ્યો નથી. ઇસ્રાએલી પ્રજાના મહાન પ્રબોધકોમાંના પ્રથમ, ગીલઆદનો એલિયાહ, અને તકોઆહનો આમોસ, બંને જણ રણ–સરહદેથી આવેલા હતા, અને તેઓ રણ પ્રદેશની મુશ્કેલીઓ તથા સાદાઈથી ટેવાયેલા હતા. ઇસ્રાએલી રાજ્યના વિલાસીપણાથી તથા કૈનીકી અસરને લીધે પરિણમેલા જુદા જ નૈતિક ધોરણથી આ બંને પ્રબોધકોને ઘણો જ આઘાત લાગ્યો હતો ( દા. ત. આમોસ ૫ : ૨૫ ). ભૂલી ગયેલા પાઠો ફરીથી શીખવા જાણે કે ઇસ્રાએલીઓને ફરીથી રણમાં મોકલ્યા હોય તેવું તેમનું વર્ણન હોશિયા કરે છે ( હોશિયા ૨ : ૧૪–૧૫). વળી, ઇસ્રાએલી લોકોએ રણમાં ગાળેલાં વર્ષોને તેમનાં ‘ પ્રથમના પ્રેમ ’નાં વર્ષો તરીકે યિર્મેયાહ પ્રબોધક ગણાવે છે ( યિર્મેયાહ ૨ : ૨ ). આજ પ્રકારની સાક્ષી રેખાબીઓ તરફથી પણ મળે છે જેમણે રાજીખુશીથી ગ્રામીણ જીવનનો પક્ષ લીધો હતો ( યિર્મેયાહ ૩૫ ).

આ ઉપરાંત ઇસ્રાએલીઓ માટે રણ પ્રદેશનું બીજું પણ મહત્ત્વ હતું. રણ પ્રદેશ તેમને માટે મનનની જગા તથા આત્મિક તાજગી મેળવવાનું પ્રેરણાસ્થાન હતું. એક કાળે માનવામાં આવતું હતું કે રણ પ્રદેશ જ એકેશ્વરવાદનું જન્મસ્થાન છે, પણ હવે તેમ માનવામાં આવતું નથી, કારણ કે હવે આપણે જાણીએ છીએ કે એકેશ્વરવાદી મંતવ્યો અન્ય સ્થળોએ પણ પાંગર્યાં હતાં. અને વળી રણ પ્રદેશના કેટલાયે લોકો અનેક દેવોમાં માનનારા પણ હોય છે. છતાં પણ આપણે એક વાત તો નકારી શકતા નથી કે રણ પ્રદેશની અગાધ સાદાઇ એક જ ઈશ્વરની માન્યતાને, ઓછામાં ઓછું સમજભરી વાત તરીકે ગણાવે છે, તેમજ રણના રહેવાસીઓ પ્રત્યેક ઝરાનાં વૃક્ષોના પ્રત્યેક ઝૂંડને જમીનની ફળદ્રુપતા માટે કોઈક રીતે જવાબદાર એવા દેવ તરીકે ગણવાના પરીક્ષણમાંથી મુક્ત હોય છે. પરંતુ એક વિરોધી વાત જણાવવી રહી કે રણવાસીઓને અશુદ્ધ આત્માઓમાં માનવાનું ખરેખરું પરીક્ષણ હોય છે. રણ પ્રદેશનો સુસવાટાભર્યો ભેંકાર પવન, એકાએક ઊભા થતા, અને સપાટ ઉચ્ચ પ્રદેશ પર થઈને ફૂંકાઈ જતા રેતીના મહાવંટોળો લાંબા સમય પૂર્વે તરછોડાયેલી વસાહતની કારમી ઉજ્જડતા, એ બધાં ખૂબ ભયપ્રેરક, અને માયાજાળ ભર્યાં લાગે છે. અને તેઓમાં જાણે કે ભૂત-પિશાચોના વળગાડ–વાસા હોય એમ માનવા મન તૈયાર થઈ જાય છે. આવા પ્રેતાત્માઓને લગતા ઘણા ઉલ્લેખો જૂના કરારમાં વારંવાર મળે છે (દા. ત. વનદેવતા ("સાતીર") (યશાયાહ ૩૪ : ૧૪ અને લેવીય ૧૭ : ૭). (ત્યાં પ્રેતાત્માઓ માટે "સા'ઈર" શબ્દ વાપર્યો છે, અને તેનો અર્થ 'બકરો' પણ થાય છે.)

છતાં, આ આત્માઓ ખેતી પ્રદેશના દેવો કરતાં કંઈક ઊતરતું રૂપ છે. ખેતી પ્રદેશમાં પ્રત્યેક ગામનો આગવો 'બઆલ' યા સ્થાનિક દેવ હતો, અને તેથી જ યિર્મેયાહ એ સંબંધી સાચું કહે છે કે, "ઓ યહુદાહ, જેટલાં તારાં શહેરો છે તેટલા તારા દેવો પણ છે" (યિર્મેયાહ ૨ : ૨૮). વળી એક વાત ભુલાય તેવી નથી કે રણમાં જ ઈશ્વરે હેબ્રુ લોકો આગળ પોતાની ઓળખ આપી, અને ત્યારથી તે લોકો માટે 'ધર્મ તરફ પાછા ફરવું' એટલે હંમેશાં રણ અને રણના સાદગી ભર્યા જીવન તરફ પાછા ફરવું એવું આપોઆપ સમજાતું હતું. જોકે આ વાતની

મહત્તા નવા કરારમાં વધી જાય છે, છતાં તે સિવાય પણ ધ્યાનભંગ કરનારાં આકર્ષણોથી રણ પ્રદેશ મુક્ત છે. ત્યાં માણસને વિચાર કરવાનો સમય મળે છે, અને વળી ત્યાં જ માણસે ભૂખ તથા તરસની, એકાંતિકપણાની તથા મરણની નિર્દય વાસ્તવિકતા સાથે સમાધાની કરવી પડે છે.

પરિણામે આપણે જોયું કે રણ એક આશ્રયસ્થાનરૂપ નીવડે છે, રાજકારણમાંથી તેમ જ ન્યાયના સકંજામાંથી છટકવા માટે રણ આશ્રયસ્થાન બને છે, એ તો ખરું (પ્રે. કૃ. ૨૧ : ૩૮), પણ દુનિયાથી ભાગનારને પણ ત્યાં જ આશરો મળે છે. ઈશ્વરથી જાણે કે તજાયેલો એવો એકલો–અટૂલો બનીને આ પ્રમાણે આપણે એલિયાહને એ જ ઈશ્વરની શોધમાં હોરેબ પર્વત પર ભાગી છૂટેલો જોઈએ છીએ (૧ રાજા ૧૯). અને વળી યિર્મેયાહને પોતાના લોકને છોડીને તે આની પાસેથી દૂર જવા માટે પોતાને સારુ "અરણ્યમાં વટેમાર્ગુઓનો ઉતારો" ઝંખતો આપણે જોઈએ છીએ (યિર્મેયાહ ૯ : ૨). યોહાન બાપ્તિસ્મી "ઇસ્રાએલમાં તેના પ્રગટ થવાના દિવસ સુધી અરણ્યમાં હતો" (લુક ૧ : ૮૦), અને ઈસુ ખ્રિસ્તે પણ પોતાના બાપ્તિસ્મા પછી ઘણો લાંબો સમય અરણ્યમાં ગાળ્યો હતો (માર્ક ૧ : ૧૨–૧૩). આ કારણને લીધે ઘણા લોકો જઈને અરણ્યમાં રહેતા હતા, તેમાંના એસેની નામના લોકો નવા કરારના સમયમાં મૃતસરોવર નજીક કુમરાન નામના સ્થળે આવેલા મઠમાં રહેતા હતા, અને જેને આજે આપણે 'ડેડ સીસ્ક્રોલ્સ' (મૃત સરોવરનાં ઓળિયાં) તરીકે ઓળખીએ છીએ તે ઓળિયાં તે સમયે તેમના પુસ્તકાલયમાં હતાં. અરણ્ય આત્મિક બળનું પોષક છે, અને અરણ્યનું આ મહત્ત્વ નીચેના મુદ્દાને, એટલે કે યહૂદિયાનું અરણ્ય યરૂશાલેમથી ફક્ત પાંચ જ માઈલ દૂરથી શરૂ થાય છે, એ મુદ્દાને વધુ અર્થ સૂચક બનાવે છે. રણનો આ વિચિત્ર પટો પર્વતીય પ્રદેશના ઢોળાવ પરની ચૂનાવાળી જમીનને કારણે બનેલો છે. ત્યાં કોઈ વસવાટ કરતું નથી ને વસવાટ કરવાને લાયક પણ નથી. ફક્ત તેના ઉપલાણની આખરી કોરે અને મૃતસરોવર નજીકની ખીણોના નીચાણવાળા ભાગમાં જ્યાં કેટલાંક પાણીનાં જૂજ ઝરણાં આવેલાં છે ત્યાં કોઈક સમયે કંઈક વસાહત થઈ હોય તેવું માની શકાય. આ બે વિભાગની વચ્ચેના પ્રદેશમાં ભૂખરા ખડકો વિસ્તરેલા છે, અને કલ્પી ન શકાય તેટલા બધા એ વેરાન છે. ફક્ત વસંત ઋતુમાં જ માત્ર થોડા સમય માટે, ઉત્તરના ઢોળાવ તરફનો થોડો ઘણો પ્રદેશ માત્ર

નહિ જેવો લીલો રહે છે. આ પ્રદેશ જંગલી તથા બળવાખોર પ્રદેશ છે. આ પ્રદેશમાં જ શાઉલ રાજાએ "જેમ કોઈ પર્વત ઉપર તેતરનો શિકાર કરતો હોય તેમ" દાઉદનો પીછો પકડ્યો હતો (૧ શમૂએલ ૨૬ : ૨૦). આ પ્રદેશમાં જ યરૂશાલેમથી યરેખો જતો મુસાફર સહેલાઈથી ચોરોના પંજામાં સપડાઈ જઈ શકે (લૂક ૧૦ : ૩૦). તોપણ, આ અરણ્યે ઈશ્વરની સન્નિધમાં આવવાનું સ્થાન યહૂદિયા પ્રદેશના આંગણામાં જ પૂરું પાડયું છે, અને આપણે અગાઉ જોયું તેમ ઈશ્વરે એ રીતે આ અરણ્યનો ઉપયોગ પણ કર્યો છે.

## પ્રકરણ : ૪
# ધોરીમાર્ગો અને અન્યમાર્ગો

બાઇબલ સંબંધી સૌથી રસિક બાબત એ છે કે એમાં લગભગ સતત હલચલ અને વણઅટકી મુસાફરીઓની નોંધ સંગ્રહેલી છે. દેશમાં લશ્કરો ઉત્તરથી દક્ષિણ અને દક્ષિણથી ઉત્તર એમ સતત કૂચ કરતાં જોવા મળે છે, વેપારાર્થે માણસો આમથી તેમ અને તેમથી આમ મુસાફરી કરતા જોવા મળે છે. લોકો ધાર્મિક પર્વોને સારુ યરૂશાલેમ, અને યજ્ઞો અને અર્પણો ચઢાવવા ગીલગાલ કે બેરશેબા પ્રયાણ કરતા દેખાય છે (આમોસ ૫ : ૫). શહેરના દરવાજામાંથી લોકોની સતત આવજાની વણઝાર ચાલુ જ હોય છે. અને કેટલાં લાંબાં લાંબાં અંતરો તેઓ કાપતાં હોય છે! તાજૂબ થવાય તેટલાં અંતર! સો સો અને હજાર હજાર માઇલની તેમની મુસાફરીઓ હોય છે. આ તો જુઓ! ઇબ્રાહિમે પોતાના દીકરા ઇસ્હાકને માટે પત્ની શોધવા માટે પોતાના નોકરને છેક હેબ્રોનથી હાલમાં જેને તુર્કસ્તાન કહીએ છીએ ત્યાં સુધી મોકલ્યો હતો! એ જ અરસામાં મેસોપોટેમિયાનું એક લશ્કર યરદનની પૂર્વ તરફના પ્રદેશ ઉપર ચઢાઈ લઈ ગયું હતું. યરૂશાલેમથી માણસો છેક મિસર અથવા તો દૂર સુધી મુસાફરી કરતા હતા, અને સરકાર જ્યારે સદ્ધર હોય ત્યારે તેઓ છેક લાલ સમુદ્ર સુધી વ્યાપાર ખેડતા હતા.

આમ બાઇબલની પશ્ચાદ્ભૂમિકામાં નજરે પડતા લોકોનું જીવન બેઠાડુ નહોતું. અલબત્ત; કેટલાક લોકો ઠીકઠીક રીતે એક જ સ્થળે ઠરીઠામ થઈને ઘેર રહેતા હોવા જોઇએ, કારણ, ખેતીવાડી માણસને એક સ્થળે બાંધી રાખે છે. છતાં આ ખેડૂતો પણ નિયમશાસ્ત્ર પ્રમાણે ધાર્મિક વિધિઓ અને પર્વ માટે વખતોવખત યરૂશાલેમ જતા હતા. બાઇબલમાં જે લોકો વિષે આપણે વાંચીએ છીએ તે લોકો ઘરઆંગણે રહીને ગુજારો કરી ખાનાર નહોતા. બાઇબલમાં તો પૂરાણા સમયથી જ દૂર દૂર જતા રસ્તાઓ પર લોકોની ધમાલભરી અને ચારે દિશામાં થતી સતત અવરજવર જોવા મળે છે. પરંતુ એક બાબત ધ્યાન ખેંચે છે કે સંત પાઉલના સમય સુધી દરિયાઈ મુસાફરી ભાગ્યે જ થતી જોવા મળે છે.

આ પ્રમાણેના સતત મુસાફરીભર્યાં લોકજીવનનું કારણ કેટલીક ભૌગોલિક જરૂરિયાતો ઉપર આધારિત હતું. પ્રથમ તો પાલેસ્તાઈન દેશ નાઈલ અને મેસોપોટેમિયાના નદી-પ્રદેશોનાં બે મોટાં સામ્રાજ્યોને જોડતા પૂલસમાન હતો. અને આ બે સામ્રાજ્યો વચ્ચે વ્યાપારને કારણે કે એક પછી એકબીજાને પોતાના તાબામાં લાવવા માટે અવરજવર અણતૂટ રહેતી. જો કોઈપણ બીજો દેશ, આ બે મોટાં રાજ્યો વચ્ચે પૂલ બનતો તો તે આ વ્યવહાર વચ્ચે સપડાઈ જતો, કારણ કે વેપારદ્વારા જે કાંઇ ધન તે પ્રાપ્ત કરી શકતો તેમાંથી અમુક હિસ્સો આપવો પડતો અથવા ગરમ મિજાજવાળા લશ્કરની દયા ઉપર રહેવું પડતું. જો બંને મોટાં રાજ્યો વચ્ચેના ઝઘડામાં તેને સંબંધ ના રાખવો હોય છતાં પણ તેમાંથી તાત્કાલિક મળતો લાભ મેળવવા માટે અથવા તેમની ચઢાઈથી રક્ષણ કરવા માટેનો સંબંધ કેળવવો પડતો.

તેઓને બહાર નીકળવાનું બીજું કારણ એ છે કે તેમની પોતાની જમીન તેમના માટે અપૂરતી હતી. તેની આજુબાજુ બીજા નાના નાના દેશો હતા. તે દેશો તેને કબજામાં રાખવા માટે પ્રયત્ન કર્યા કરતા. તેમનાં ખેતરોની ઉપજ ઉપર વિશ્વાસ રાખી શકાય તેમ ન હતું, કારણ કે ઘણાં સૌથી સુંદર ખેતરોને વરસાદની તંગી અનુભવવી પડતી તથા ઘણાં સારાં ખેતરો ખેતીલાયક રહ્યાં ન હતાં. ઇસ્રાએલીઓ કાયમ વિચારતા હતા કે તેઓ ત્યાં રહી શકશે. દરેક માણુસ અંજીરીના વૃક્ષ કે દ્રાક્ષના માંડવા નીચે રહેતો હતો છતાં પણ કોઈ પણ જાતની મુશ્કેલી વગર, પોતાના ઘરની માફક શાંત રીતે રહેતો હતો. આ ચીજો તેમના ભવિષ્યની આશા માટે યોગ્ય લાગે છે.

જો ખેડૂતોને પૂરેપૂરી શાંતિથી ખેતીવાડી કરવા દેવામાં આવી હોત તો પોતાના દેશ કરતાં વધારે મેળવી શકયા હોત અને ગીતશાસ્ત્રીના વચનને સંપૂર્ણ કરવાની શરૂઆત થઇ હોત "તારી સ્ત્રી તારા ઘરના અંતઃપુરમાં ફળવંત દ્રાક્ષવેલાના જેવી થશે; તારાં છોકરાં તારી મેજની આસપાસ જૈતુનવૃક્ષના રોપ જેવાં થશે" (ગીતશાસ્ત્ર ૧૨૮ : ૩). દેશમાં હદ ઉપરાંતની વસ્તી વધવાથી, તેના પરિણામરૂપે ગરીબાઇનું પ્રમાણ વધારે થાય તે ઇસ્રાએલીઓના જીવનમાં એક વિરોધાભાસ હતો. એક તરફ જો સારી ખેતીવાડી કરવી હોય, ફળ આપનાર વૃક્ષ ઉછેરવાં હોય અને મકાન દુરસ્ત કરવાં હોય તો શાંતિની અગત્યતા હતી. બીજી તરફ જો લાંબો સમય સુધી

શાંતિ રહે તો વસ્તીમાં ઝડપથી વધારો થાય ને પરિણામે ભૂખમરો નીપજે અને તેથી ગરીબાઈ અને ગુલામીનું પ્રમાણ વધે.

જે લોકો આવી પરિસ્થિતિમાં રહે છે તેઓ શાંતિથી રહી શકતા નથી. આ પ્રકારના દેશો માટે આપણે જોયું કે તેઓ 'માણસોને બહાર મોકલે છે' (Export-men). આપણે આ પ્રકારના બે દાખલા જોઈ ગયા; પ્રથમ ફૈનિકોને અને બીજો અદોમનો. આ બને પ્રદેશો ખડકાળ છે ને વસવાટને લાયક નથી. પ્રાયોગિક રીતે જોતાં તેમની વૃદ્ધિ માટે કોઇ ઉપાય નથી. ફૈનિકોમાં વરસાદની અછત નથી તે સત્ય છે કારણ કે લબાનોન પર્વતના ઊંચી વાડ સમા પર્વતો, ભૂમધ્ય સમુદ્રના વરસાદને લીધે વરસાદને ખાળે છે, જેથી ત્યાં પુષ્કળ વરસાદ પડે છે. પરંતુ સીધા ઢોળાવો અને દરિયાકિનારાની સાંકડી પટ્ટીને લીધે ખેતીવાડી માટે જમીનના થોડા ટુકડાઓ હતા ને તેથી કરીને ફૈનિકેના લોકો દરિયા ઉપર વધુ આધાર રાખતા બન્યા. એક રીતે જોતાં, અદોમમાં ઘણી સપાટ જમીન હતી, કારણ કે પૂર્વ દિશા તરફની તેની હદ, અરબસ્તાનના હદ વગરના ઊંચા સપાટ પ્રદેશમાં ભળે છે. આની ખાસ કિંમત નથી કારણકે જ્યારે પશ્ચિમ દિશા તરફના પર્વતોની ટોચને વરસાદી વાદળો પસાર કરવા આવે છે ત્યાં સુધી તો વરસાદ ખલાસ થઇ ગયો હોય છે. પરિણામે ખેતીવાડીને લાયક થોડી જમીન હોવાથી, જૂજ ગામડાં તેની ઉપર આધાર રાખે છે; ને જમીન સૌથી ઊંચી ટેકરીની ટોચ ઉપર ગરૂડે બાંધેલા માળાની જગા સમાન છે. તેથી કરીને અદોમીઓ રણ ઉપર વધારે આધારિત બન્યા. પલિસ્તીઓ પણ આ પ્રકારની પરિસ્થિતિમાં હોવા જોઇએ. તેમની પાસે ખેતરો હતાં, જમીન સપાટ છે. પરંતુ દક્ષિણ દિશા તરફનો વરસાદ ઘણો જ અનિશ્ચિત છે. મિસર (ઈજીપ્ત)ના વ્યાપારી લોકો રસ્તાઓના નિયંત્રણમાંથી; મોટા ભાગનું પોતાનું ભરણપોષણ કરે છે.

ઇસ્રાએલ અને યહુદાહના લોકોને ફરજિયાત રીતે એક જ જાતના વ્યાપારમાં ભાગીદાર થવું પડે છે. અદોમીઓ કરતાં તેમની પાસે ઘણી જ ઓછી માગણી છે. જો તેઓ વ્યાપારી માર્ગોનું નિયંત્રણ ન કરતા હોત તો ભાગ્યે જ તેમની પ્રજાનું ભરણપોષણ કરી શકયા હોત. છતાં પણ હકીકત છે કે ઉત્તરનું રાજ્ય દમસ્કસથી ઈજીપ્ત જવાના ધોરીમાર્ગની પેલી પાર છે; અને દક્ષિણનું યહુદાહનું રાજ્ય; પલિસ્તીઓ તથા રણથી એટલું બધું ઘેરાયેલું છે કે "તેઓ પોતે જ બીજા લોકો સાથે ભળે છે".

(હોશિયા ૭ : ૮). પોતાનાં ગામડાં અને શહેરોમાં રહ્યા કરતાં તેઓ પોતપોતાની રીત પ્રમાણે તૂર અને સીદોનનાં વ્યાપારી રાજ્યોનું અનુકરણ કરે છે. રોમન લોકોએ દેશના ખૂણે ખૂણે પહોંચી શકાય તેવા સુંદર રસ્તાઓ બાંધ્યા છતાં પણ નવા કરારના સમય સુધી પણ જમીન મારફતે કરવી પડતી મુસાફરી એટલી બધી સહેલી ન હતી. રસ્તાઓ ફક્ત પગદંડી જ હતા, અને તેથી જો રસ્તામાં સામાન્ય અડચણ નડતી તો તે રાહ બદલવા માટે પૂરતી હતી. આ પ્રકારની સ્થિતિ આજે પણ સારી રીતે જોવા મળે છે કારણ કે રણપ્રદેશમાં વૃક્ષ કે મકાન નહિ હોવાથી કેવી રીતે પગદંડી કુદરતી રીતે તૈયાર થાય છે તે વિષે પૂરતો ખ્યાલ મળે છે. માણસો અને પ્રાણીઓનું ટોળું કે જે પોતે જ મુસાફરી કરે છે તે સૌથી સરળ પગદંડી, કે જે તેમને ભુલાવે નહિ, તેની શોધ કરે છે. જ્યાં કોઇ પણ જાતની અડચણ નડતી નથી ત્યાં તેઓ વિશાળ વિસ્તારમાં પગદંડીઓ બનાવે છે. જો તમે સાધારણ ઊંચાણવાળા ભાગ ઉપર ઊભા રહો તો તમે જે પગદંડી ઉપર ઊભા છો તેને સમાંતર બીજી ઘણી પગદંડીઓ જોવા મળશે. ઘણી પગદંડીઓ સો વાર (૧૦૦ વાર) જેટલી પહોળી હોય છે કે જેની સરખામણી આરબ કવિઓના કહ્યા પ્રમાણે પટાવાળાના કપડા સાથે થઈ શકે. જ્યાં આગળ કોઈ પણ પ્રકારની અડચણ હોય છે ત્યાં નાની વાડી ઓળંગવા માટે અથવા તો સીધો ઢોળાવ વટાવીને જવા માટે, ઘણી પગદંડીઓ એક પગદંડીમાં ભળી જાય છે, અને અડચણ પસાર કર્યા પછી જ પગદંડીઓ ફરીથી ફેલાય છે. આ 'બાટલીના ગળા જેવી જગા' (Bottlenecks) કે જ્યાં ઘણી પગદંડીઓ મળે છે; ત્યાં આગળ મુસાફરો માટે એક ખરેખર પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કારણ કે વરસાદના તોફાન પછી કાદવવાળી જગામાં પાણી એકઠું થાય છે; ઊંટ પોતાના પોચા પગ તથા કાદવને લીધે સમતોલપણું જાળવી શકતું ન હોવાથી લપસી પડે છે, તેથી ઊંટ રસ્તો વટાવી શકતુ નથી. થોડા સમય માટે આ રસ્તા વાટે મુસાફરી કરવી અશકય બને છે.

ખેડાણલાયક વિસ્તારમાં આવા વિશાળ વિસ્તારમાં પગદંડીઓ ફેલાઈ શકતી નથી. કારણ કે ખેતરો અને ઘરો તે પગદંડીઓને અમુક પ્રકારની ચોક્કસ હરોળમાં રાખે છે. પરિણામે, આપણે ધારીએ છીએ તેટલું, રણપ્રદેશમાં કોઈપણ અડચણરૂપ જગાની આજુબાજુ, આપણે માટે રસ્તો શોધવાનું સહેલું નથી. અહીંયાં ભારે વરસાદ વરસતો હોવાથી કોઈપણ ખરાબ

પાણીનું ખાબોચિયું, ઘણી જ ઝડપથી, ઓળંગી ન શકાય તેવું મોટું બની જાય છે. ઘણા ભાગમાં થતી વનસ્પતિને લીધે અવરજવરનો માર્ગ મુશ્કેલ બને છે.

જુદા જુદા પ્રકારની અડચણોમાં સૌથી ગંભીર અડચણ તે કાદવવાળી જગા હોઇ શકે. હકીકતમાં કોઈપણ વિશાળ કાદવવાળી જગા, ખરેખર વટાવી શકાય તેવી નથી. પરિણામે ખરાબ નાળાંવાળા શારોનના મેદાનની આજુબાજુ જે કાયમી કાદવવાળી જગાઓ હતી તેને લીધે તે મેદાનનું આકર્ષણ ઓછું થઈ ગયું હતું અને જૂના કરારના સમયમાં ત્યાં વસ્તી ન હતી. વળી શિયાળાની ઋતુનો ભારે વરસાદ સપાટ પ્રદેશમાં આવેલી ખીણો (Barins)ને વારંવાર કાદવવાળી જગા બનાવતો હતો, ખાસ કરીને એસ્દ્રાયેલના મેદાન બાજુએથી અથવા તો ગાલીલની કેટલીક નીચાણની કઢંગી ખીણો બાજુથી; પાણીને બહાર નીકળવાનો રસ્તો સાંકડો હોય ત્યારે પરિરસ્તાઓ ભાગ્યે જ સપાટ પ્રદેશની પેલી તરફ જતા હતા; પરંતુ ટેકરીઓની નીચેના ઢોળાવોની ધારની આજુબાજુ થઇને જતા હતા.

કાદવવાળી જગાઓ કરતાં; જંગલો અને કોઈપણ પ્રકારનો ખાડા–ટેકરાવાળો પ્રદેશ થોડેઘણે અંશે ઓછો ગંભીર છે. તેમ છતાં તે ગંભીર પણ છે. કારણ કે રસ્તાઓ હંમેશાં તેમની આજુબાજુ થઈને પસાર થાય છે. પેલેસ્તાઈનનાં જંગલોની સરખામણી, લબાનોનના પર્વતોમાં આવેલાં દેવદારનાં જંગલો સાથે થઈ શકતી નથી, કારણ કે ત્યાં મોટા ભાગની વનસ્પતિ ધાડ ઝાડીની માફક ઊગે છે, અને એટલી બધી નજદીક ઊગે છે કે માણસ ભાગ્યે જ તે ઝાડીમાંથી રસ્તો કાઢી શકે છે. યશાયાહ પ્રબોધક કહે છે કે પડતર જમીન ગોખરું (Briar) તથા કાંટાઓને લીધે બીલકુલ પસાર ન થઈ શકાય તેવી બની છે (યશાયાહ ૭ : ૨૫ સંભવિત છે કે તે તેનું સાચું ભાષાંતર હોય) અને દાઉદ રાજાના લશ્કર સાથેની આબ્શાલોમની લડાઈ વિષે કહે છે: "કેમ કે એ લડાઈ તે આખા દેશ પર ફેલાઈ હતી, અને તે દિવસે જેટલા લોકોનો ભક્ષ તરવારે લીધો, તેથી વધારે લોકોનો ભક્ષ વને લીધો" (૨ શમૂએલ ૧૮ : ૮). જો ઢોળાવ સીધો અથવા ખડકાળ હોય તો ઊંચાઈમાં પડતો થોડો તફાવત પણ ભયંકર અડચણરૂપ બને છે. ખાસ કરીને જો તે જંગલ હોય, અથવા તો ભેદી ન શકાય તેવી ઝાડીઓથી છવાયેલો પ્રદેશ હોય તો તે વધારે ભયંકર અડચણરૂપ બને છે.

પાલેસ્તાઈન દેશના જુદા જુદા પ્રકારના ખડકોમાં સૌથી વધારે ખાડાટેકરાવાળો તથા મુશ્કેલીભર્યો ખડક તો, વધારે ખડકાળ તથા સખત કાળો જ્વાળામુખી પર્વત છે, ને તે રણપ્રદેશ, કે જેની સપાટી જમીન કે વનસ્પતિથી ઢંકાયેલી નથી તેવી જગાએ ખાસ કરીને જોવા મળે છે. દમસ્કસના અગ્નિકોણ તરફથી રણના અગ્નિકોણ બાજુ ત્રણસો માઈલ કરતાં પણ વધારે અંતર સુધી આ પ્રકારના બહુ જ મોટા જ્વાળામુખી ખડકો છે. દરેક અગત્યનો રસ્તો તેની આજુબાજુ થઈને પસાર થાય છે. નવા કરારના સમય દરમિયાન, આ વિશાળ અટકાવનો ઉત્તર તરફનો ભાગ, "ટ્રાખોનીટીસ (Trachonites) અથવા "ખડકાળ પ્રદેશ" (લુક ૩ : ૧) તરીકે ઓળખાતો હતો. જ્યાં સુધી રણના આ ભાગ તરફના બધા જ રસ્તાઓને સખત કાળા ખડકની ઉત્તર તરફ થઈને પસાર થવું પડતું હતું ત્યાં સુધી આ અટકાવ પોતે જ દમાસ્કસની અગત્યતા માટેનું એક કારણ હતો. યરદનની પશ્ચિમમાં, ગાલીલના સરોવરની આજુબાજુ, આ સખત કાળો ખડક એટલો બધો મુશ્કેલ નથી પરંતુ ત્યાં કદી પણ ગીચ વસ્તી જોવામાં આવી નથી.

સામાન્ય રીતે બીજા નંબરનો વધારે મુશ્કેલીભર્યો ખડક, તે ચૂનાના પથ્થરનો (Lime stone) ખડક છે. કેટલીક વખતે તે ઊંચી ઊંચી ભેખડો અને ટેકરીવાળો બહુ જ મોટો ખડક બને છે. દરેક જગાએ તે સીધા ઢોળાવો અને વિખરાયેલા-પથ્થરોવાળી જમીનથી ઓળખાય છે. જે પ્રકારનો ચૂનાનો પથ્થર એફ્રાઈમ તથા યહૂદા; અને ગાલીલનો મોટો ભાગ તેમ જ કાર્મેલની ઉચ્ચ ભૂશિર (Promontory) બનાવે છે, તેના માટે ખાસ કરીને એ સત્ય બાબત છે. આ પ્રદેશોમાં ઢોળાવો એટલા બધા મુશ્કેલીભર્યા અને એટલી બધી ટેકરીઓ છે કે ખડકાળ અને વિખરાયેલા પથ્થરાવાળી ખીણોને, રસ્તાઓ અનુસરી શકતા નથી; પરંતુ તેમની વચ્ચેના એડી (Spur)જેવા ભાગની સાથે સાથે પસાર થાય છે.

યરદનની પૂર્વમાંથી મળતો રેતાળ-પથ્થર, વિવિધ મુશ્કેલીઓ પેદા કરે છે. જે જગાએ વરસાદ વધારે હોય છે (ઉત્તરમાં) ત્યાં તે જલદીથી ઘસાઈ જાય છે તેથી ત્યાં કોઈ મોટો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ દક્ષિણમાં આવેલા અદોમમાં પડતી વરસાદની અછતનો અર્થ એ છે કે તે પથ્થરનો ઘસારો ઓછો છે ત્યાંના ઉચ્ચપ્રદેશની ધાર ઉપરની ભયજનક લાલ ટેકરીઓ

પાલેસ્તાઈનના સઘળા પ્રદેશને સખત અભેદ્ય બનાવે છે. આ અદોમના રાજ્યનો મુખ્ય રક્ષક હતો.

હજુ પણ એક ચૂનાનો (Chalk) ખડક છે. જેના વિષે કહી શકાય કે તે ખરેખર, વ્યવહાર વધારવામાં મદદકર્તા છે. તે અતિશય છિદ્રાળુ છે. કોઈને માટે અડચણરૂપ (Water-logged) બનતો નથી. પોચો હોવાથી, સહેલાઈથી ધસાઈ જાય છે. જે જગાએ તે ધસાઈને ખલાસ થાય છે ત્યાં તરત જ ખીણો બને છે. કોઈપણ મુશ્કેલીભર્યા ઢોળાવો વગરની ખીણો બને છે. ખેતીવાડી માટે તેની એટલી બધી અગત્યતા નથી. તેની સુંદર સપાટીનો નાશ કોઈપણ જગાએ શીલાખંડથી થતો નથી. તેમાંથી રથો પણ સરળતાથી પસાર થઈ શકે છે.

આ પ્રકારના બધા સંજોગો, રસ્તાઓની દિશા નક્કી કરે છે. કુદરતી રીતે જ સામાન્યતઃ તેઓને જ્યાંથી વધારે રાહત મળે તેને અનુસરે છે. તે કારણથી સૌથી અગત્યનો રસ્તો, ઈશાન ખૂણા તરફના ચાર મોટા રસ્તાઓને અનુસરે છે. મોટા ભાગના પ્રદેશમાં નીચે જણાવ્યા પ્રમાણેના ૭ પ્રકારના રસ્તાઓ હતા :

## (૧) દરિયાકિનારાનો રસ્તો (The Coast Road)

પાલેસ્તાઈનમાં આવેલો આ રસ્તાનો ભાગ અગત્યનો હતો. તે મુખ્યત્વે પાલેસ્તાઈનની હદમાં આવેલા જોપ્પાની દક્ષિણમાં છે, કારણ કે જોપ્પા અને આકોની વચ્ચે આવેલી શારોનની કાદવવાળી જમીન, હલનચલનને અશકય બનાવે છે. રોમન સમયમાં, જ્યારે સીઝેરિયાનું બંદર બાંધવામાં આવ્યું, અને કાદવ સાફ કરવામાં આવ્યો ત્યાં સુધી, દરિયાકિનારા ઉપરની અવર-જવર મોટા ભાગે દરિયા મારફતે થતી હતી. દૂર જવાનો રસ્તો આકો (Accho)ની ઉત્તર તરફ થઈને પસાર થતો હતો.

## (૨) પાઈડમોન્ટ રસ્તો (Piodmont Road)

એક અગત્યનો રસ્તો પાઈડમોન્ટ પ્રદેશની સાથે (એટલે ટેકરીઓની તળેટીમાં) મેદાનની પાછળ થઈને ઉત્તરમાં આવેલી કાર્મેલની ઉચ્ચભૂશિર જે જગાએ અડચણ પેદા કરે છે, ત્યાં સુધી જતો હતો. દક્ષિણના ભાગ તરફ ને પશ્ચિમના શેફેલાહ અને યહુદાહના ઉચ્ચપ્રદેશ વચ્ચે આવેલી ચૂનાની ખાઈ (Chalk Mount) ની જોડાજોડ આગળ વધે છે, અને આજલોન, એશતાઓલ, અદુલ્લામ તથા કેલાહ નામનાં શહેરોમાંથી પસાર થાય છે (યહોશુઆ ૧૦ : ૧૨; ન્યાયાધીશો ૧૩ : ૨૫; ૧ શમૂએલ ૨૨ : ૧;

અને ૨૩ : ૧). યહુદાહના બચાવપક્ષ તરીકે, આ ચૂનાની ખીણોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

**(૩) પાણીને જુદાં કરનાર રસ્તો (The Water-Parting Road)**

પશ્ચિમના ઉચ્ચ પ્રદેશમાં, ઉત્તરથી દક્ષિણ તરફની અવરજવર હદ પૂરતી જ છે, કારણ કે મુખ્ય ખીણો તે ઉચ્ચ પ્રદેશને પશ્ચિમથી પૂર્વ સુધી જુદો પાડે છે. પરંતુ પશ્ચિમની ખીણો કે જે દરિયાકિનારાનાં-મેદાન સુધી અને પૂર્વની ખીણો કે જે 'તડની ખીણ' સુધી પહોંચેલી છે, તેમની વચ્ચે આવેલી 'પાણીને જુદાં પાડનાર' (Water-Parting) જગાની સાથે એક સાધારણ સપાટ જમીનની પટ્ટી છે. આ સપાટ જમીનની પટ્ટી ઉપર હેબ્રોન, બેથલેહેમ, યરૂશાલેમ અને બેરશેબા જેવાં કેટલાંક મહત્ત્વનાં શહેરો વસેલાં છે. આ શહેરોમાં થઇને, બેરશેબાથી ઉત્તર તરફ, એક મહત્ત્વનો રસ્તો પસાર થાય છે. બહારની દુનિયા સાથે સંબંધ જાળવવા કરતાં, ઉત્તર અને દક્ષિણનાં બે રાજ્યો વચ્ચેના વ્યાપાર માટે તેની મહત્તા વધારે છે.

મનાશ્શેહમાં આ રસ્તામાં, ચૂનાની ખીણો [(Chalk-Valleys)ની દખલને લીધે તે જ પ્રદેશમાં મુશ્કેલી ઉત્પન્ન થાય છે. અને તે જગાએ, રસ્તાઓ, પાણીને જુદાં પાડવા કરતાં, આ ખીણોને અનુસરે છે, અને તે હાલમાં છેક પૂર્વ તરફ છે, શખેમ આગળ રસ્તાના બે ફાંટા થાય છે. એક ફાંટો ચૂનાની ખીણની સાથે સાથે રહી, ઇશાન ખૂણામાં આવેલા તીરઝાહ (Tirzah)માં થઈને પસાર થાય છે અને બેથ-શાન સુધી જાય છે. બીજો ફાંટો, ડાબી તરફ વળી, ઍબાલ (Ebal) અને ગેરીઝીમની વચ્ચેથી પસાર થઈ, સમારિયાની ટેકરીઓને ઓળંગી, દોથાનના મેદાનોમાં થઈને, ઍન્ગા-ન્નીમમાં (Engannim) આવેલી એસ્દ્રાયેલોનની સાંધનારી જમીન તરફ આગળ વધે છે.

**(૪) બે 'તડની ખીણ'ના રસ્તાઓ (The Two Rift Valley Roads)**

આ રસ્તાઓ, ગાલીલના સરોવર તરફથી, ટેકરીઓની તળટીમાં થઇને, એક બાજુ ઉપરના 'ઘોર' (Ghor) ઉપર થઈને, દક્ષિણ તરફ દોરે છે. પશ્ચિમનો રસ્તો, બેથ-શાન અને યરેખોમાં થઈ આગળ વધે છે. તેને વચ્ચે મુશ્કેલી નડતી હોવા છતાં પણ મૃત સમુદ્રના પશ્ચિમ કિનારે વસેલા ઍન્ગેડીને ઓળંગી, અરાબાહ સુધી જાય છે. જ્યારે ગરમ હવાડા (trough) જેવા

ભાગમાં વધારે વસ્તી હતી, અને જ્યારે માણસ ઉચ્ચ પ્રદેશમાં જઈ શકતો હતો ત્યારે અબ્રાહામના સમયમાં, પૂર્વ તરફના રસ્તાની વધારે અગત્યતા હતી. મૃત સમુદ્રના ઇશાન ખૂણા તરફ, પાણીમાંથી બહાર નીકળી આવેલી રેતાળ પથ્થરવાળી ટેકરીઓ, આ રસ્તાને માટે સંપૂર્ણ અડચણકર્તા હતી. તો પણ તે ફરીથી અગ્નિખૂણાના મેદાનની સાથે સાથે આગળ વધે છે, અરાબાહમાં તે, પશ્ચિમના રસ્તા કરતાં વધારે મહત્વનો છે. કારણ કે, આ તરફ બહુ જ અગત્યની ત્રાંબાની ખાણો શોધવામાં આવી હતી. આ રસ્તો ઘણો જ અગત્યનો હોવા છતાં, તે રસ્તે મુસાફરી કરવી મુશ્કેલ છે, કારણ કે ખાસ કરીને ઉનાળામાં સખત ગરમી પડે છે ને પાણી મેળવવું મુશ્કેલ બને છે.

ગાલીલના સરોવરની ઉત્તરે આવેલી 'તડની ખીણ', સખત કાળા ખડકોથી ભરાયેલી છે. તેથી આ બે રસ્તાઓ મળીને એક રસ્તો બને છે. આ નવો રસ્તો પશ્ચિમ દિશાના પ્રદેશની સાથે સાથે આગળ વધી, ઉત્તર તરફના હાઝોર અને આબેલ–બેથ–મા'કાહમાં થઈ, ઈજલોન (Ijlon) ના મેદાનમાં જાય છે.

### (૫) રાજાનો ધોરી માર્ગ (The king's way)

પશ્ચિમના ઉચ્ચપ્રદેશની ધાર ઉપર, હીર–હરોસેથ, ટાફેલ, બોઝરાહ અને સેલા નામના અગત્યના કિલ્લાઓની હાર છે.–તેનું જોડાણ જે રસ્તાથી થાય છે તે રસ્તો જૂના કરારના સમયમાં "રાજાનો ધોરી માર્ગ" નામથી ઓળખાય છે. ઇસ્રાએલીઓએ આજ રસ્તા મારફતે "પ્રતિજ્ઞાનો દેશ" (Promised land) (ગણના ૨૦ : ૧૭; ૨૧ : ૨૨) માં જવા માટે ઉત્તર તરફ મુસાફરી કરી હતી. ઈબ્રાહીમના સમયમાં મેસોપોટેમિયાના ચાર રાજાઓએ દક્ષિણ તરફનો જે રસ્તો છે તેનો ઉપયોગ કર્યો હોય એમ લાગે છે (ઉત્પત્તિ ૧૪). આ રસ્તાની વધારે અગત્યતા હતી, કારણ કે જે કિલ્લાઓ ઉપર, પૂર્વના ઉચ્ચ સપાટ પ્રદેશનાં રાજ્યોની સહિસલામતી હતી તેને તે જોડે છે. પરંતુ જ્યાં સુધી તે રસ્તો, જે ઊંડી ખીણો, ઉચ્ચ સપાટ પ્રદેશની ધારને વિભાગે છે, તેમાં થઇને પસાર થાય છે, ત્યાં સુધી તે એટલું બધું સહેલું નથી.

### (૬) યાત્રાળુ રસ્તો (The Pilgrim Road)

પરિણામરૂપે દરિયાકિનારાથી થોડે દૂરની જગાએથી બીજો એક રસ્તો નીકળે છે, કે જે રણની ધાર ઉપરની સપાટ જમીનને અનુસરે છે. આ રસ્તો

રામોથ-ગીલઆદ, રાબ્બોથ-આમ્મોન અને માઓનમાં થઈને-પસાર થાય છે. તે રસ્તાને "યાત્રાળુ રસ્તો"ના નામથી આજે પણ ઓળખવામાં આવે છે, કારણ કે ઈસુ ખ્રિસ્ત પછીની સાતમી સદીમાં, મુસલમાનોએ કરેલી ચઢાઈઓ પછી, દર વર્ષે થતી મક્કાની પવિત્ર જાત્રાએ (હજ) જવા માટે, દમસ્કસથી મક્કા જનાર જાત્રાળુઓ આ રસ્તે થઈ જાય છે.

આ ઉત્તર-દક્ષિણના રસ્તાઓ, દેશના મુખ્ય રસ્તાઓ હોવા છતાં પણ તે તેમના ભાગમાં એટલા બધા મહત્ત્વના ન હતા. આ વસ્તુ આપણે, મોટા આંતરરાષ્ટ્રીય ધોરીમાર્ગ, કે જે દમસ્કસથી સિરિયાના દક્ષિણ તરફના ગાઝાહ સુધી અને ત્યાર પછી ઇજિપ્ત સુધી જાય છે, તેને નિહાળીએ તો માલૂમ પડે છે કે બાઇબલના તથા બીજા સમયમાં ખાસ કરીને દરેક પરદેશી લશ્કર, આ જ રસ્તા દ્વારા પાલેસ્તાઈનમાં પ્રવેશ્યું હતું. ફક્ત ઈસુ ખ્રિસ્ત પછીની અગિયારમી સદીમાં, ધાર્મિક લડવૈયાઓ (crusaders) ફેનીકેથી દરિયાકિનારાના રસ્તે આવ્યા હતા.

દમસ્કસમાં, ઉત્તર તરફના બધા જ રસ્તાઓ એક મહત્ત્વની જગાએ ભેગા મળે છે. દુનિયાની ઘણી જગાઓમાંની એ એક એવી જગા છે કે જો તે પ્રદેશમાં લોકો રહેતા હોય તો ત્યાં જરૂરથી એક મોટું શહેર વસી શકે. અહીંયાં લબાનોન અને એન્ટી-લબાનોન પર્વતોની ઊંચી દિવાલોની પાછળ, પર્વતોની તળેટી સુધી રણ ફેલાયેલું છે. તેથી એન્ટી-લબાનોનની તળટીમાં આવેલા ઝરાઓ ઉપરના રસ્તે જતા મુસાફરોને અટકાવે છે. દમસ્કસની ઉત્તરમાં આવેલી ટેકરીઓ, હાથની આંગળીઓની માફક, બહારની તરફ ઢળેલી છે. તરત જ એન્ટી-લબાનોનની હારમાં, દમસ્કસની પશ્ચિમે એક ભાગ પડે છે. બરડા નદી (Barada River, બાઇબલમાં જેને 'અબાના' Abana તરીકે ઓળખવામાં આવે છે)ની ખીણ અને ફેનિકે તરફથી આવતા દરેક રસ્તાને આ ખાલી જગામાં થઈને અવશ્ય પસાર થવું પડે છે. આપણે આગળ જોઈ ગયા કે કેવી રીતે અગ્નિકોણનો સખત કાળો ખડક તે દિશા તરફથી દમાસ્કસ તરફ જતા રસ્તાઓને ત્યાંથી પસાર થવા દે છે, આ પ્રદેશમાં મુસાફરી કરતો દરેક મુસાફર એ જ બાજુ વળે છે, ને તેને ઉદારતાથી પાણી પૂરું પાડવામાં આવે છે. નામાને પૂછયું હતું, 'શું દમસ્કસની નદીઓ અબાના અને ફાર્પાર, ઈસ્રાએલનાં સર્વ જળાશયો કરતાં સારી નથી? (૨ રાજાઓ ૫ : ૧૨). જે કોઇને મોટા જથ્થામાં વહેતા

પાણીની અને વિશાળ જગામાં વિસ્તરેલી સુંદર ફળવાડીઓની ખબર નથી, તેઓ આનો જવાબ શો હશે તે વિષે શંકા પેદા કરી શકે છે.

દમસ્કસની પૂર્વમાં આવેલો બાશાનનો વિશાળ ઉચ્ચપ્રદેશ, કોઇ પણ જાતની અડચણ ઊભી કરતો નથી. તેમાં થઇને સહેલાઇથી રસ્તાઓ પસાર થાય છે. પરંતુ પાલેસ્તાઇન જતા મુસાફરોને, જે જગાએ તેઓ યરદન નદીને ઓળંગી શકે, તે જગાએ પાછા વળવું પડે છે. આ સ્થળને 'યાકૂબની દીકરીઓનો પૂલ' એ નામે ઓળખવામાં આવે છે. તે હુલેહ સરોવરની દક્ષિણે આવેલો છે. સખત કાળા ખડકની ઉત્તરમાં, બે ખડકો વચ્ચે યરદન નદી સાંકડો રસ્તો બનાવે છે. યરદનના આ સાંકડા રસ્તાની પશ્ચિમે ઇજ્રે-નના મેદાન બાજુથી, દક્ષિણ તરફ આવતા રસ્તાને, ધોરી માર્ગ મળે છે ને ત્યાંથી 'ગાલીલના સરોવર' સુધી જાય છે. જ્યાં આગળ આ બે રસ્તાઓ મળે છે ત્યાં આગળ પુરાણા સમયમાં હાઝોરનો કિલ્લો હતો. જ્યારે ઇસ્રાએલીઓ આ પ્રદેશમાં આવ્યા ત્યારે તે કિલ્લો 'તે બધાં રાજ્યોમાં મોખરે હતો' (યહોશુઆ ૧૧ : ૧૦).

તે ધોરી માર્ગ, ગેન્નેસારેતના અગત્યના મેદાનમાં આવેલા સરોવર સુધી આવીને મગદલા (Magdala) આગળ તેને છોડી દે છે. 'મગદલા' શબ્દનો અર્થ 'મિનારો' (Tower) થાય છે. જે શહેર સાંકડી ખીણ આગળના દરવાજાને સાચવતું હતું, તેને આજે 'લૂંટારાઓની ખીણ' તરીકે ઓળ-ખવામાં આવે છે, ને તેના થકી 'નીચેના ગાલીલના' ઉચ્ચ સપાટ પ્રદેશમાં રસ્તો જઇ શકે છે. જે ટેકરીઓ આ ખીણને ઢાંકે છે, ત્યાંથી ઇસુ ખ્રિસ્તની પહેલાં (૩૮મા) આડત્રીસમા વર્ષમાં નિરાશાને લીધે ઉશ્કેરાયેલું 'લૂંટારુ'ઓનું ટોળું હેરોદની સામે થયું હતું. તે ખીણ આગળ 'હાતીનનાં શીંગડાં' (Horns of Hattin) નામની જગાએ, કે જ્યાં સલાદીન નામના મુસ્લીમ આગેવાને ઇસુ ખ્રિસ્ત પછી ઈ.સ. ૧૧૮૭ ની સાલમાં ધાર્મિક લડવૈયાઓને સખત હાર આપી હતી.

એ રસ્તો 'નીચેના ગાલીલ' માં થઈને ટાબોર પર્વતની આજુબાજુનાં એસ્દ્રાયેલોનનાં મેદાનોમાં સહેલાઈથી પહોંચી શકે છે. હંમેશ મુજબ, બાઇ-બલને લગતી નકશાપોથીઓ (Atlases) તે રસ્તાને ટાબોરની દક્ષિણે થઇને, મોરેહની ટેકરીઓના ઢોળાવોની નીચાણના ભાગ ઉપર વસેલાં નાઇન અને એન્દોરનાં ગામડાંઓમાં થઈને પસાર થતો દર્શાવે છે. પરંતુ શિયાળામાં કિશોન નદીના કાદવને લીધે આ માર્ગ મુશ્કેલીભર્યો બને છે. સીસેરાની

(Sisera) હારનાં તે બધાં કારણો હતાં (ન્યાયા. ૪ ને ૫). આવી પરિસ્થિતિમાં ટાબોરની ઉત્તરેથી મેગીદ્દો તરફ જવા માટે, કાદવવાળા મેદાનની પેલી તરફ, ઊંચી જમીન ઉપર બાંધેલા રસ્તા દ્વારા મુસાફરી કરવી શક્ય હતી.

મેગીદ્દો એ એક રસ્તાઓ બદલવા માટેનું અગત્યનું સ્થાન હતું, કારણ કે અહીંયાં, એસ્દ્રાયેલોન-જેઝરીલને સાંધનારી જમીન ઉપરનો માર્ગ કે જે આકોથી બેથ-શાન સુધી જાય છે તેને ધોરી માર્ગ મળે છે. તે રસ્તો ગ્રીક લોકોના હરોશેથ (ન્યાયા. ૪ : ૨) જોકનીમ, મેગીદ્દો અને તા'નાખ નામનાં શહેરોમાંથી પસાર થાય છે, ને કાર્મેલ પર્વતની તળેટીમાં આવેલી ટેકરીઓ સુધી જાય છે. છેલ્લાં ત્રણ શહેરો, કાર્મેલની પેલી તરફની ચૂનાની ખીણોના (Chalk valleys) મુખ પર વસેલાં છે. પરંતુ આ ત્રણે શહેરોમાંથી ફક્ત મેગીદ્દો જ ઘણું મહત્ત્વનું શહેર છે કારણ કે તે એકલું જ મેદાનને ઓળંગનાર રસ્તાનો કબજો ધરાવે છે. ઇજીપ્તનો રાજા ફારૂન, થોતમસ ત્રીજો (Thotmes) મેગીદ્દોની જીતને 'હજારો શહેરો જીત્યાં હોય' તેવી રીતે તેનું વર્ણન કરે છે.

કાર્મેલની પેલી તરફની ખીણોની ઊંચાઈ મહત્ત્વની છે કારણ કે આ મધ્ય ભાગ ખાસ્સો નીચો છે અને નકશામાં જોતાં એમ લાગે છે કે તે અડચણ ઊભી કરનાર નથી. છતાં પણ મેદાન તરફના ઢોળાવો સીધા તથા ખડકાળ છે, અને દરિયાની નજીકના એ સૂચવે છે કે ચૂનાના પથ્થરને (lime stone) ગીચ ઝાડીએ દબાવી દીધો છે, તેથી ખીણની પેલી પારનો રસ્તો આ ચૂનાની ખીણોમાં થઇને પસાર થાય છે.

આ ખીણોને અનુસરતા રસ્તાઓ દરિયા બાજુ એકઠા મળે છે, કારણ કે પેલી તરફ, જંગલો અને શારોનની કાદવકીચડવાળી જમીન છે. એલીના સમયમાં જે જગાએ (આફેકમાં) પલિસ્તીઓએ, ઇસ્રાએલીઓને હરાવ્યા હતા તે જગાએ (૧ શમૂએલ ૪ : ૧) દક્ષિણ તરફ જતો ધોરી માર્ગ (Piedament Road) ની નજીક થઇને આફેક સુધી જાય છે. જોપ્પા જે અક્ષાંશમાં આવેલું છે, ત્યાંની જમીન એટલી બધી સૂકી છે કે રસ્તાઓ દક્ષિણ તરફના દરિયા કિનારા સુધી અને દરિયા કિનારાનો રસ્તો આશ્દોદ, આશ્કલોન અને ગાઝાહમાં થઇને સહેલાઇથી પસાર થઈ શકે છે. આ જગામાં પાણી મેળવવું મુશ્કેલ છે. ગાઝાહથી રણની શરૂઆત થાય છે. અહીંયાં વણઝાર એકઠી થાય છે અને આવી વણઝાર યોગ્ય હતી તે વિષેનો ખ્યાલ યશાયાહ પ્રબોધકને હતો. તેણે યરૂશાલેમમાં ઇજીપ્તનો પક્ષ લેતા લોકોનો

તિરસ્કાર કર્યો હતો, 'જે લોકોથી તમને મદદ થઈ શકે નહિ, તેઓની પાસે ગધેડાની પીઠ પર પોતાનું દ્રવ્ય તથા ઊંટોની ખૂંધ પર પોતાના ખજાના લાદીને લઈ જાય છે' (યશાયાહ ૩૦ : ૬).

તોપણ, દેશના ઉત્તર-દક્ષિણ તરફના રસ્તાઓ, ખરેખર વધારે મહત્ત્વના છે. ત્યાં પશ્ચિમથી પૂર્વ તરફ જતા કેટલાક અગત્યના રસ્તાઓ પણ છે. આ બે રસ્તાઓમાંનો પહેલો રસ્તો, એસ્દ્રાયેલોન તથા જેઝરીલમાં થઈને, સપાટ પ્રદેશના માર્ગને અનુસરે છે. બીજો રસ્તો, ઘણું કરીને, 'નીચેના ગાલીલ'ની ખીણો (Basins) માં થઈને પૂર્વ તરફના સરોવર સુધી જાય છે. જે રસ્તો નાઝરેથની ઉત્તરમાં આવેલા સેફોરીસ (Sepphoris) માંથી પસાર થાય છે તે રસ્તો નવા કરારના સમયમાં, સરોવરની માછલી તથા બાશાનની પેલી પારના ફળદ્રુપ ઉચ્ચ સપાટ પ્રદેશના ઘઉંની નિકાસ કરવા માટે ઘણો અગત્યનો છે.

હંમેશાં એસ્દ્રાયલોનની સાંધનારી-જમીનની મહત્ત્વતા વધારે છે. તેનો પૂર્વ તરફનો ભાગ કે જ્યાંથી પશ્ચિમ બાજુની 'તડની ખીણ' ઓળંગી શકાય છે, ત્યાં બેથ-શાન વસેલું છે. તે યરદનની પેલી પારના, ગીલઆદના રસ્તાનું નિયંત્રણ કરે છે. ગીલઆદ સાથેનો સંબંધ એટલો બધો છે કે બીજાં બધાં શહેરો યરદનની પૂર્વ તરફના ઉચ્ચ સપાટ પ્રદેશમાં વસેલાં હોવા છતાં, નવા કરારના સમયમાં બેથ-શાનને (પાછળથી જેને સાયથોપોલીસ-Scythopolis કહેવાતું) 'દશ શહેરોમાંનું' (Decapolis) એક શહેર ગણવામાં આવતું. બેથ-શાન અને જેઝરીલમાં થઈને પસાર થતા આજ રસ્તા મારફતે, રામોથ-ગીલઆદથી, ઇસ્રાએલના રાજાને તથા તેની મા જેઝબેલને મારી નાખવા માટે યેહૂ નીકળ્યો હતો (૨ રાજાઓ ૯).

બીજી એક 'તડની ખીણ' તીઝરાહથી આદમ (Adam)ની જગાએ આવેલી યરદન સુધી, પછી ત્યાંની પનુએલ તથા ઝબ્બોકની ખીણના ઉપરના ભાગમાં આવેલા ગીલઆદ સુધીનો રસ્તો પૂરો પાડે છે. પરંતુ બીજો ધોરી માર્ગ, બેન્જામીનના પ્રદેશમાંથી પસાર થાય છે. અને 'હાલતા-ચાલતા કટિબંધ' (Lone of Movement) તરીકે ઓળખવામાં આવે છે, ને તે સંબંધી પહેલાં ઉલ્લેખ કરેલો છે. તેની ઊંચી જમીનનો માર્ગ, એસ્દ્રાયલોનની સાંધનારી જમીનના સપાટ પ્રદેશ જેવો નથી. બંને બાજુ આવેલી નીચાણની-કઢંગી (down futted) ખીણોને લીધે રસ્તો શક્ય બને છે. તેની શરૂઆત જોપ્પાના બંદરેથી થાય છે અને લોદ ( Lod ) નો રસ્તો

(N. T. Lydda) (પ્રે. કૃ. ૯ : ૩૨), 'કારીગરની ખીણ' (૧ કાળવૃત્તાંત ૮ : ૧૨; નહે. ૬ : ૨; ૧૧ : ૩૫ અને શકય છે તે જગાનો અર્થ ૧ શમૂએલ ૧૩ : ૧૯–૨૧ પ્રમાણે થાય છે), કે જે શારોનનાં જંગલો તથા કાદવકીચડવાળી જગા અને શેફેલાહ (Shephelah)ના ઊંચા પ્રદેશ વચ્ચે આવેલી છે, તેની મારફતે દરિયા કિનારાનાં મેદાનોને ઓળંગે છે. ત્યાંથી તે બેથેલ નજીકના ઉચ્ચ સપાટ પ્રદેશની પેલી પારની આજલોનની ખીણને અનુસરે છે. જે જગાએ તે યરદનને ઓળંગીને નીરમીન (Nirmen)માં થઇને રાબ્બોથ આમ્મોન સુધી ઉપરના ભાગ તરફ જાય છે, અને તેજ જગાએ આવેલા ગીલગાલ અને યરેખોની બીજી તરફ નીચે ઊતરે છે.

ફરીથી આ રસ્તાની દક્ષિણ બાજુ, ગાથમાં થઇને, ગાઝાહથી હેબ્રોન સુધી એક રસ્તો જાય છે, અને ત્યાંથી તે એન્ગેડી સુધી પહોંચે છે, પરંતુ મૃત સમુદ્ર તેને તે જગાએથી આગળ વધતો અટકાવે છે. છેક દક્ષિણ તરફ રણની નજીક થઇને બીજો એક રસ્તો જાય છે, કે જે બેરશેબામાંથી પસાર થઇને યહુદાહના ઉચ્ચ સપાટ પ્રદેશની આજુબાજુ વિંટળાયેલો છે. તે રસ્તો મૃત સમુદ્રની નજીક આવેલો 'મીઠાની ખીણ'ને ઓળંગે છે (૨ શમૂએલ ૮ : ૧૩; ૨ રાજાઓ ૧૪ : ૭) તથા તેજ પ્રમાણે ઉચ્ચ સપાટ પ્રદેશની ઝેરેદની ખીણને પણ ઓળંગે છે. આ રસ્તાને 'અદોમના અરણ્યનો રસ્તો' તરીકે ઓળખવામાં આવે છે (૨ રાજાઓ ૩ : ૮).

આ બધા રસ્તાઓ બાઇબલની વાર્તામાં મુખ્ય ભાગ ભજવે છે. આપણે જોઇએ છીએ કે જૂના કરારમાં તેજ જગાઓનો ઉલ્લેખ ઉગ્ર લડાઇના દશ્ય સાથે વારંવાર કરેલો છે. ખાસ કરીને એસ્દ્રાયેલોનની સાંધનારી જમીન અને 'બેન્જામીનનો હલનચલનવાળો કટિબંધ' એક પ્રદેશમાં, મેગીદ્દો, જેઝરીલ, મોરેહની ટેકરીઓ, ગીલ્બોઆહ અને બેથ–શાનની નોંધ કરેલી છે; ને બીજા પ્રદેશમાં આજલોન, બેથ–હોરોન, બેથેલ તથા મીખમાશ છે. ઇસ્રાએલ અને યહુદાહ વચ્ચેની લડાઈ માટે બેન્જામીનના પ્રદેશનો ઉપયોગ, લડાઇના મેદાન તરીકે વારંવાર થતો હતો. સાથે સાથે એ પણ જાણવું જરૂરી છે કે ઇસ્રાએલના લશ્કરે, હંમેશાં ઉત્તર તરફથી જ યહુદાહ ઉપર હુમલો કર્યો ન હતો. એક પ્રસંગે પશ્ચિમ તરફથી પણ હુમલો કર્યો હતો (૨ રાજાઓ ૧૪ : ૧૧). આ બધું મુખ્ય વિભાગના ધોરી રસ્તાને કાબૂમાં રાખવાના, ઇસ્રાએલના આગ્રહી વલણને લીધે હતું. શાઊલ રાજાના આખરી દિવસોમાં જ્યારે પલિસ્તીઓ વધારે બળવાન હતા,

ત્યારે તેઓએ જેઝરીલ તથા બેથ-શાનનો પૂરેપૂરો કબજો મેળવ્યો ત્યાં સુધી, ઉત્તર દિશા તરફ આગળ વધ્યા હતા. એમ જાણવા મળે છે કે પછીનાં વર્ષોમાં ઇસ્રાએલીઓ "ગીબ્બેથોન" કે જે પલિસ્તીઓના કબજામાં હતું (૧ રાજાઓ ૧૫ : ૨૭; ૧૬ : ૧૫). તે જગાએ એક કરતાં વધારે પ્રસંગોએ લડયા હતા. સંભવિત છે કે જ્યારે યહુદાહના રાજા અમાઝયાહે (Amaziah યહોઆશને પડકાર કર્યો ત્યારે યહોઆશ પણ એ જ કાર્યમાં રોકાયેલો હોય. પાછળથી જ્યારે સેન્નાખેરીબ (Sennacherib) રાજા, લાખીશ અને લીબ્નાહને ઘેરો ઘાલવામાં રોકાયેલો હતો ત્યારે યહોઆશે બીજી તરફ ફરીને યરૂશાલેમમાં હઝકિયાહ ઉપર કરવાનો નિશ્ચય કર્યો હતો (૨ રાજાઓ ૧૮:૧૭; ૧૯:૮).

જ્યાં સુધી કુદરત રસ્તાઓની દિશા નક્કી કરે છે ત્યાં સુધી, નવા કરારના સમયના રસ્તાઓ, મોટે ભાગે તે જ માર્ગને અનુસરતા હતા. પરંતુ જે રસ્તો સીઝેરિયાના નવા બંદર સુધી જતો હતો તે વધારે મહત્ત્વનો હતો. રોમન સમયના રસ્તાઓ, જૂના કરારના સમયના રસ્તાઓ કરતાં વધારે સારા હતા. નવા કરારના સમયમાં, દરિયાઇ અને જમીન માર્ગો, વધારે ઝડપી વાહનોની અવરજવરવાળા હતા. જ્યારે ઈસુ ખ્રિસ્ત તથા તેના શિષ્યો, પાલેસ્તાઈનના ગામડે ગામડે ફર્યા અને જ્યારે દુનિયાને સુસમાચાર સંભળાવવા માટે શિષ્યો યરૂશાલેમથી છૂટા પડયા ત્યારે તેઓ આ જ રસ્તાઓના સરળ સંબંધોને લીધે સારી રીતે સુવાર્તાપ્રચાર કરી શકયા હતા.

## પ્રકરણ : ૫

# આપણા ધર્મસંસ્કારનું નગર

"હે યરૂશાલેમ, જો હું તને વિસરી જાઉં તો મારો જમણો હાથ પોતાનું કર્તવ્ય વિસરી જાય, જો હું તારું સ્મરણ ન કરું, અથવા જો હું મારા મુખ્ય આનંદ કરતાં યરૂશાલેમને શ્રેષ્ઠ માનતો ન હોઉં તો મારી જીભ મારા તાળવાને ચોંટી જાય" (ગીતશાસ્ત્ર ૧૩૭ : ૫–૬). બાબેલોનના પાણીની બાજુએ રહેતો એકલવાયો ગીતશાસ્ત્રી, યરૂશાલેમ માટે મહાન શુભેચ્છાઓ ધરાવતો હતો, અને યરૂશાલેમનો નાશ કરવાથી, આજે ઘણા લોકો દેવળમાં ગીતશાસ્ત્ર(નું પુસ્તક) વાંચવા માટે ખુશી નથી, તેથી કરીને જેઓએ યરૂશાલેમ નગરનો નાશ કર્યો હતો, તે લોકો પ્રત્યે, તે પ્રમાણે અતિશય ઘૃણા દર્શાવે છે. ઈસુ ખ્રિસ્તે પોતે કહ્યું હતું કે કોઇ પ્રબોધક યરૂશાલેમની બહાર નાશ પામે એવું બની શકતું નથી (લુક ૧૩ : ૩૩). ઇસુ ખ્રિસ્ત પછીના ૭૦મા વર્ષમાં, રોમનોએ યરૂશાલેમનો નાશ કર્યો હતો, તેમ છતાં હજુ સુધી પ્રકટીકરણના પુસ્તકનો લેખક યરૂશાલેમને એક નમૂનેદાર સંપૂર્ણ નગર તરીકે ગણે છે. બાઇબલના વિચારોમાં, જે નગર મુખ્ય સ્થાન ધરાવે છે, તેને વિષે કોઇપણ પ્રકારનો પાલેસ્તાઈનની ભૂમિને લગતો અભ્યાસ, તે સંબંધી કદી પણ બેદરકાર બની શકતો નથી.

જે નગર ઉપર આટલી બધી તીવ્ર ઘૃણા દર્શાવવામાં આવી હોય, છતાં પણ નિરાશ લોકોને માટે આશાની દીવાદાંડી સમાન ઊભું રહ્યું હોય, તે પ્રમાણે દુનિયાના બીજા કોઇપણ નગર વિષે વિચાર કરવો મુશ્કેલ છે (યશાયાહ ૧:૧૦ ને ૨:૨–૪) સાથે સરખાવવાથી તેનો તફાવત જોવા મળે છે. પહેલા અધ્યાયમાં, તેને સદોમ અને ગમોરાહનાં દુષ્ટ શહેરો સાથે સરખાવે છે. બીજા અધ્યાયમાં, જે દિવસે 'ઇશ્વરનો શબ્દ' (Word of God)ને સમજવા માટે, આખી દુનિયાના લોકો યરૂશાલેમમાં ઉમટશે, તે દિવસ તરફ ધ્યાન દોરે છે અને "એક દેશ બીજા દેશની સામે તરવાર ચલાવશે નહિ, તથા તેઓ એક પણ લડાઇ લડશે નહિ." આખા બાઇબલમાં આ તફાવત જોવા મળે છે તથા બાઇબલની સઘળી બાબતોમાંની તે એક અગત્યની બાબત છે.

યહૂદી લોકોના પ્રાચીન ઇતિહાસમાં, યરૂશાલેમે કોઈ ખાસ ભાગ ભજવ્યો ન હતો, કારણ કે તે સમયમાં, યરૂશાલેમ યહૂદી લોકોના તાબામાં ન હતું, પરંતુ તે એક જુદું અને સ્વતંત્ર નગર હતું. જ્યાં સુધી દાઉદ રાજા તેને પોતાની હકુમત નીચે લાવી શકયો નહિ, ત્યાં સુધી તે ઈસ્રાએલીઓ માટે ખરેખર કાંટારૂપ હતું. તેઓની સાથે લાંબા સમય સુધી ટકી શકે તેમ હતું. ન્યાયાધીશો અને શાઉલના સમય દરમિયાન, તેને લીધે તેઓ દેશ ઉપર પૂરતી પકડ જમાવી શકયા ન હતા. ઇસ્રાએલીઓ, આ સમયમાં સાદાઈભર્યું જીવન ગુજારતા હતા, તથા કોઈ પણ મજબૂત બચાવ કરનાર શહેર કે જે તેમનો સામનો કરી શકે તેમ હોય, તેવા નગરથી તેઓ ડરતા અને તેને આધીન થતા.

યરૂશાલેમ, તેની જિજ્ઞાસુ સ્થિતિને લીધે લાંબા સમય સુધી ટકી શકે તેમ હતું. જેની બાજુઓ સીધા ઢોળાવવાળી તથા જે રક્ષણ કરી શકે તેવી ખીણ છે, એવી બે ખીણોની વચ્ચે આવેલા સાંકડા તથા નાના ઉચ્ચપ્રદેશ ઉપર જેબુસ નામનું અસલી શહેર વસેલું હતું. તેની આજુબાજુના પ્રદેશમાં તે સૌથી ઊંચો ભાગ નથી, પણ છીછરો નીચાણનો ભાગ છે, કે જે ઘણે ભાગે બધી બાજુએ ઊંચી જમીનથી ઘેરાયેલો છે, અને તે જગાએ જેબુસ વસેલું હતું, કારણ કે "જેમ યરૂશાલેમની આસપાસ પર્વતો આવેલા છે તેમ પોતાના લોકોની આસપાસ યહોવાહ છે" (ગીતશાસ્ત્ર ૧૨૫ : ૨). હકીકતમાં, ખીણોને લીધે તે ઊંચી જમીનથી છૂટું પડેલું છે ને તેથી તે શક્તિશાળી છે.

"જૈતુનના પર્વત"થી નગરને જુદું પાડનારી જે કીદ્રોનની ખીણ છે તે પશ્ચિમ બાજુએ આવેલી છે. યોએલનું પુસ્તક અને તેના ત્રીજા અધ્યાયમાં દર્શાવેલી "યહોશાફાટની ખીણ" અથવા "નિર્ણયની ખીણ" ઘણી પ્રાચીન પ્રણાલિકા મુજબ "છેલ્લા ન્યાયીકરણ" (Last judgement) સાથે સંબંધ ધરાવે છે (દા. ત. ઝખાર્યાહ ૧૪ : ૪ નું ચિત્ર જુઓ, કે જેમાં જૈતુનનો પર્વત બે ભાગમાં છૂટો પડે છે). ઘણી સદીઓથી યહૂદીઓ ઇચ્છા રાખતા આવ્યા છે કે તેઓને જૈતુન પર્વતના ઢોળાવો ઉપર દફનાવવામાં આવે, જેથી કરીને તેઓ તે દિવસ માટે તૈયાર રહી શકે. ઈસુ જે ખીણ ઓળંગીને ગેથસેમાને વાડીમાં ગયો હતો તથા ત્યાં તેને રાત્રીના સમયે ફસાવવામાં આવ્યો હતો (યોહાન ૧૮:૧) તે આ જ ખીણ છે. જૈતુન પર્વતની પૂર્વ બાજુમાં આવેલા યરૂશાલેમથી બેથાની જવા માટે (રાત્રિના સમયે,

છેલ્લા અઠવાડિયા દરમિયાન, ઈસુએ એક દિવસમાં ઓછામાં ઓછી બે વાર આ ખીણને જરૂર ઓળંગી હતી. (માર્ક ૧૧:૧૧; લુક ૨૧:૩૭).

જેરુસલેમની પશ્ચિમ બાજુની ખીણ પાછળથી "ટાયરોપોયઓન ખીણ" (Tyropoeon Valley) તરીકે ઓળખાતી હતી. આજે તે ખીણ નગરની વચમાં આવેલી છે. જ્યારે નગર ઘણું નાનું હતું ત્યારે તે પશ્ચિમ બાજુનું રક્ષણ કરતી હતી.

ટાયરોપોયઓન ખીણની પેલી પાર બીજો એક એડી જેવો ભાગ છે. તેના પછી "હીન્નોમ" અથવા "ગે-હીન્નોમ"ની ખીણ આવે છે, કે જેના પરથી "ગેહેન્ના" શબ્દ ઊતરી આવ્યો છે. પરંપરાથી આ ખીણ માણસોના બલિદાન સાથે સંકળાયેલી છે. ગભરાટભર્યા અને નિરાશાજનક દિવસોમાં જેમ માણસો ઈશ્વરની મદદ મેળવવા માટે જાતજાતના પ્રયત્નો કરે છે, તેમ બાબેલોનના લોકોથી રક્ષણ મેળવવા માટે તેઓ માણસોનું બલિદાન આપતા હતા.

એડી જેવો ભાગ, કે જેની ઉપર જેરુસલેમ વસેલું હતું તેની દક્ષિણમાં આ ત્રણે ખીણો ભેગી મળે છે. તેથી ફક્ત ઉત્તર દિશામાં જે જગાએ, ઘણી જ સાંકડી અને ખડકાળ જમીનને લીધે ઉચ્ચ પ્રદેશ સાથે એડી જેવો ભાગ જોડાતો હતો તેના સિવાય બીજી બધી બાજુએથી જેરુસલેમ સુરક્ષિત હતું. જૂના જેબુસીઓના નગરમાં ફક્ત આ એક રસ્તો હતો, તેથી કરીને ત્યાં આગળ નગરનો દરવાજો હોવો જોઈએ. તે દરવાજાએ ન્યાયાધીશો બેસતા હશે. બજારો ભરાતાં હશે અને જો કદાપિ નગરની ઉપર હુમલો થતો, તો ત્યાં ભયંકર લડાઇઓ પણ થતી હશે. મજબૂત કિલ્લાઓથી તેનું રક્ષણ થતું હશે કારણ કે જેબુસીઓ એવો દાવો કરે છે કે તેમનું નગર એટલું બધું મજબૂત હતું કે લંગડો અને આંધળો માણસ પણ તેનો બચાવ કરી શકતો (૨ શમૂએલ ૫:૪–૧૦). ઉત્તર તરફના દરવાજાની બહાર આવેલી જમીનની સપાટ પટ્ટી નગરને ઉચ્ચ સપાટ પ્રદેશ સાથે જોડે છે. ગ્રામલોકો પાસે અનાજ ઝૂડવા માટે તેમની પોતાની સપાટ જમીન હતી કે જેના ઉપર તેઓ અનાજને ઝૂડી શકતા અને સાંજે વાતા મંદ પવનમાં અનાજને ઝાટકી પણ શકતા.

તેની આ પરિસ્થિતિનું બળ, કાંઈ તેની સ્વતંત્રતા માટેનું, તે એક જ કારણ ન હતું. બેન્જામીન અને યહુદાહની વચ્ચે આવેલી હદ ઉપર તે

વસેલું હતું. તેથી કોઇ પણ જાતિ, તેને તેમની પોતાની હદમાં લાવવા માટે પ્રયત્ન કરતી ન હતી. આપણે ચોક્કસપણે વિચારવું જોઈએ કે જેબુસીઓ એક જાતિને બીજી જાતિથી દૂર રાખવામાં ઘણા જ ચાલાક હતા. વિશેષમાં શહેરની પૂર્વ દિશામાં, થોડે દૂર જૈતુન પર્વતની પેલી પાર, સીધા ઢોળાવના રૂપમાં, યહુદાહના અરણ્યમાં તરત જ જમીન ઢળી પડે છે, તેથી ખેતીલાયક જમીનની ધાર ઉપર જેબુસ વસેલું હતું. જો જેબુસીઓએ ઇચ્છયું હોત તો, જે નવા લોકો તેમની ત્રણે બાજુનો ઉચ્ચ પ્રદેશ કબજે કરતા હતા, તેનાથી તેઓ થોડે દૂર રહી શકયા હોત. પરંતુ રણને લીધે તેઓ તેમને ઘેરી શકયા ન હતા.

જ્યાં સુધી ખરેખરો બળવાન રાજકર્તા તેને નિયંત્રણમાં લાવવાનો પ્રયત્ન કરવા માટે બંધાયેલો છે ત્યાં સુધી તે કાયમ માટે સ્વતંત્ર ના જ રહી શકે. જ્યારે ઉત્તરની જાતિઓએ સ્વેચ્છાએ દાઉદ રાજા સાથે જોડાવાનું નક્કી કર્યું, અને રાજધાની સંબંધી જે પ્રશ્ન ઊભો થયો, તે બંને દુશ્મન પક્ષોને મંજૂર હતો, ત્યારે આ પ્રમાણે કરવાનું કારણ બેગણું મજબૂત બન્યું. હબ્રોન કે જે પહેલાં પણ દાઉદનું મુખ્ય મથક હતું, તે ઘણો દૂર દક્ષિણમાં, તથા યહુદાહના તાબામાં હોવાથી, ઇસ્રાએલીઓ તેનો અસ્વીકાર કરી શકયા હોત, અને દેશના ઉત્તર ભાગમાં કોઈપણ રાજધાની હોત તો તે યહુદાહના લોકો માટે અપ્રિય થઈ હોત. આપણે કદાચ, તટસ્થ જગાએ રાજધાની સ્થાપવા સંબંધીના તેના નિર્ણયને અઢારમી સદીના અંતમાં, અમેરિકાની ક્રાંતિકારી લડત પછી ઉત્તર અને દક્ષિણ સંસ્થાનો વચ્ચે વૉશિંગ્ટનમાં રાજધાની સ્થાપવા માટે લીધેલા નિર્ણયની સાથે, સરખાવી શકીએ.

દાઉદ રાજાએ યરૂશાલેમનો કબજો મેળવ્યા પછી તરત જ તેનો વિકાસ શરૂ કર્યો; કારણ કે જે જગાએ તે વસેલું હતું ત્યાં દીવાલોની વચ્ચે એકબીજાની અડોઅડ ઘીચ રીતે બાંધેલાં પુષ્કળ ઘરોને લીધે, તે સખત દબાયેલી જગા હતી (એક શહેર જે ગીચ રીતે બાંધેલું છે, ગીતશાસ્ત્ર ૧૨૨:૩) તે મોટા ભાગે ચારે બાજુએ આવેલી ઊભા ઢોળાવવાળી ખીણોને લીધે, તેનો વિસ્તાર વધારવા માટે કોઈ જગા ન હતી. ફક્ત ઉત્તર તરફ તેનો વિસ્તાર વધારી શકાય તેમ હતું. અનાજ ઝૂડવા માટેની જે જગા હતી, (૨ શમૂએલ ૨૪ : ૧૮–૨૫) ત્યાં દાઉદે પોતાના માટે મહેલ

બાંધ્યો હતો. જે પ્રમાણે શિલોહ પવિત્ર સ્થળ હતું, તે પ્રમાણે યરૂશાલેમને પવિત્ર સ્થળ બનાવવા માટે, દાઉદ આ મહેલમાં કરારકોશ (Ark) લાવ્યો. જ્યાં સુધી શિલોહમાં ઉત્તર દિશાનું પવિત્ર સ્થળ હતું, ત્યાં સુધી ઉત્તરની જાતિઓને પોતાની સાથે ગાઢ સંબંધમાં લાવવાની અને વફાદાર રાખવાની, દાઉદની વ્યવસ્થાઓમાંની આ એક ચાલ હતી. જેબુસની પહેલી દીવાલની બહાર મહેલ બાંધેલો હતો. આ મહેલ, ફક્ત એક બાજુ તરફથી સહેલાઈથી થઈ શકે તેવા હુમલાઓથી, નગરનું રક્ષણ કરવામાં મદદકર્તા હતો, આ કારણથી તે ચોક્કસ એક કિલ્લાના જેવો હોવો જોઈએ.

ત્યાર પછી દાઉદના દીકરા સુલેમાને કરારકોશ માટે એક ઘર બાંધ્યું. તે ઘર બાંધ્યું ન હતું ત્યાં સુધી તેનું રક્ષણ ફક્ત એક તંબૂથી થતું હતું. આ જ ઘરને આપણે પ્રથમ મંદિર તરીકે જાણીએ છીએ. ઈજીપ્તનાં મોટાં મંદિરોની સરખામણીમાં તે એટલું બધું મોટું અથવા તો ભવ્ય ન હતું. ફૈનિકેના નમૂના પ્રમાણે, ફૈનિકેના કારીગરોની મદદથી તેનું બાંધકામ થયું હતું. એલેકઝાંડરની જીત પછી, જ્યારે ગ્રીક લોકોએ, મકાન બાંધવાની વિકસેલી કળા દાખલ કરી, ત્યારે તે સમયમાં પણ, ખરેખર આ પ્રકારનું બાંધકામ, મધ્યપૂર્વના લગભગ દરેકે દરેક મંદિર માટે નમૂનારૂપ હતું. હેરોદનું પ્રખ્યાત મંદિર કે જેમાં ઇસુ શીખવતો હતો, તેનું બાંધકામ પણ મોટા ભાગે આ નમૂના પ્રમાણે થયું હતું.

આ પ્રકારના બાંધકામની મહત્તા એ હતી કે તેમાં રાખેલી વિશાળ ખુલ્લી જગામાં ( ચોગાનમાં ) વેદી બાંધી હતી તથા ત્યાં સર્વ આરાધનાઓ થતી. યરૂશાલેમમાં જ્યાં સુધી વારંવાર વરસાદ ન પડે ત્યાં સુધી કોઈ પણ ગંભીર મુશ્કેલી નડતી ન હતી. પરંતુ વરસાદ જ્યારે વરસે છે, ત્યારે તે મૂશળધાર વરસે છે. એઝરા ૧૦ : ૯–૧૩ પરથી જાણવા મળે છે કે તે સમયે મંદિરના ચોગાનમાં ઊભા રહેવું ભયંકર હતું. આ ચોગાનની વચ્ચે, કોઈક જગાએ દેવ માટે ઘર બાંધવામાં આવતું ને તેમાં ફક્ત યાજક (Priest) જઈ શકતો. તેને બહુ મોટું બનાવવાની જરૂર ન હતી કારણ કે તેમાં દેવના પૂતળા સિવાય બીજું કાંઈ રાખતા ન હતા. ઘણી વખતે તેમાં નાની નાની ઉતારા માટેની ઓરડીઓ બનાવતા અને અંદરની ઓરડીમાં પૂતળું રાખતાં. યહૂદીઓના મંદિરમાં કોઇ પણ દેવનું પૂતળું રાખવામાં આવતું ન હતું, પરંતુ તેને બદલે કરારકોશ રાખતા. આ કરાર-

કેશાની સાથે વિચિત્ર કાલ્પનિક પ્રાણીઓનાં બે પૂતળાં રાખતા, તે પૂતળાંને 'કરૂબ'ના નામથી ઓળખતા (૧ રાજાઓ ૬ : ૨૩; ગીતશાસ્ત્ર ૮૦ : ૧). જ્યારે બાબેલોનના લોકોએ ઇસુ ખ્રિસ્ત પહેલાંના ૫૮૭મા વર્ષમાં નગરને જીતી લીધું; ત્યારે તેઓ લૂંટના ઇનામ તરીકે કરારકોશને લઇ ગયા હતા. જ્યારે મંદિરને ફરીથી બાંધવામાં આવ્યું ત્યારે અંદરની ઓરડી કે જે 'પવિત્રોમાં પવિત્ર' (Holy of Holies) હતી, તેને સંપૂર્ણ ખાલી કરવામાં આવી હતી. ઇસુ ખ્રિસ્તની પહેલાં ૬૩ મા વર્ષમાં રોમન સેનાપતિ પોમ્પે (Pompey) તેમાં પ્રવેશ્યો ત્યારે તે તેને જોઈને ઘણો જ અજાયબ થયો હતો.

ઇસ્રાએલના રાજા યરોબઆમ પહેલાએ બેથેલ નગરમાં, તેની વિરૂદ્ધમાં બીજું મંદિર બાંધ્યું હતું, કારણ કે ઉજાણીના દિવસે એ ઉત્તરના રાજ્યમાંથી યરૂશાલેમમાં લોકો જાય, તેમ તે ઇચ્છતો ન હતો. ઈશ્વર માટે રાજ્યાસન બનાવવા, તેણે કરૂબોની જગાએ સોનાથી મઢેલી, બે આખલાઓની મૂર્તિઓ ગોઠવી, અને આ તેની એક મોટી ભૂલ હતી. જેમ જેમ લોકો ઇશ્વર સંબંધી વધુ જાણતા થયા તેમ તેમ તેઓ સમજી શકયા કે કરૂબો, ફક્ત કાલ્પનિક પ્રાણીઓ તથા ઇશ્વરના રાજ્યાસનનો નમૂનો છે. ઉત્તરના રાજ્યના લોકો દૈહિક વિચારો (Material Ideas) સાથે વધારે સંકળાયેલા હતા. તેઓ એમ સમજતા હતા કે આખલાઓ ખરેખરાં પ્રાણીઓ છે. તેથી તેઓ એમ માનવા લાગ્યા કે ખરેખર ઇશ્વર આખલા ઉપર સવાર થયેલો છે, અથવા તો ઇશ્વર આખલા જેવો છે. કેટલાક લોકો કે જે તેમની આજુબાજુ હતા, તેઓ આખલાની ભક્તિ કરતા હતા તેથી પરીક્ષણમાં પડવાનો પૂરતો સંભવ હતો.

બીજા દેશોના જે જે રાજાઓ સાથે તેમનું જોડાણ હતું તે દેશોના દેવોની વેદીઓ બાંધવા માટે, મંદિરના આ ચોગાનનો ઉપયોગ કર્યો હોય તેમ લાગે છે. તે જમાનામાં મધ્યપૂર્વના દેશોમાં આ ઘણી જ સામાન્ય પ્રણાલિકા હતી. પરંતુ સુલેમાન રાજાએ બીજા દેવોની વેદીઓ નવા મંદિરમાં ન રાખતાં જૈતુન પર્વતના એડી જેવા ભાગ ઉપર રાખી હતી. તેથી કરીને તે મુશ્કેલીમાં મુકાયો હતો, પણ પાછળથી બચી ગયો હોય તેમ લાગે છે. આહાઝ અને મનાશ્શેહે મંદિરના ચોગાનમાં એસીરીયન દેવોની વેદીઓ મૂકી હતી (૨ રાજાઓ ૧૬ : ૧૦–૧૬; ૨૧ : ૪–૫), પણ

જ્યારે ઇસ્રાએલીઓ બંદીવાસ ભોગવીને, પોતાના દેશમાં પાછા આવ્યા ત્યારે તે સંબંધી વધારે સખત બન્યા અને આ પ્રકારની કોઇપણ વસ્તુના ઉપયોગ સામે સંપૂર્ણ મનાઇ કરતા.

મુખ્યત્વે જાહેર આરાધનાના સ્થળ તરીકે નહિ, પરંતુ રાજાના મહેલના એક ભાગ તથા મજબૂત કિલ્લેબંધી સ્થળ તરીકે સુલેમાનના મંદિરનો આપણે વિચાર કરવો જરૂરી છે. યરૂશાલેમમાં આવેલા આ મંદિરનો વિસ્તાર, હકીકતમાં હમેશાં શહેરના એક સૌથી વધારે મજબૂત ભાગ તરીકે ગણાતો હતો. જ્યારે આમોસ પ્રબોધક બેથેલના મંદિરમાં ઉપદેશ કરવા ગયો હતો, ત્યારે તે રાજાનું મંદિર હોવાથી, તેને ત્યાંથી જતા રહેવા માટે કહેવામાં આવ્યું હતું (આમોસ ૭ : ૧૩), તો આ પ્રમાણે પણ યરૂશાલેમના મંદિર વિષે વિચાર કરવો જોઈએ. ખરેખર, જ્યારે યહુદાહના રાજા પાસે, પરદેશના રાજાને ખંડણી ભરવા માટે નાણાં ન હતાં, ત્યારે તેણે વિના વિલંબે મંદિરના ખજાનામાંથી નાણાં લીધાં હતાં, (૧ રાજાઓ ૧૪ : ૨૬–૨૭; ૧૫ : ૧૮ ૨ રાજાઓ ૧૮ : ૧૪–૧૫).

જૂના કરારના મોટા ભાગના સમયમાં, રાજાનો મહેલ તથા મંદિરને લીધે, નગરની ઉત્તર તરફનો ભાગ બનતો હતો, કે જે યરૂશાલેમનો સૌથી ઊંચો ભાગ હતો. જ્યારે ગીતશાસ્ત્ર યરૂશાલેમનું વર્ણન આ પ્રમાણે કરે છે, “ ઊંચાઇમાં ખૂબસૂરત અને આખી પૃથ્વીનો આનંદ...ઉત્તરમાં ઘણે દૂર...મોટા રાજાનું નગર ” (ગીતશાસ્ત્ર ૪૮ : ૨), ત્યારે એક ચિત્ર તેના મગજમાં હતું. પ્રથમ એસીરીયન લશ્કરો અને પછી ખાલદીઓના દબાણના સમયમાં, જ્યારે દેશનો ઇતિહાસ ગતિમાન બન્યો અને ખાસ કરીને ઇસ્રાએલીઓની હદ ધીમે ધીમે ઓછી થવા લાગી, ત્યારે લોકોના વિચારોમાં યરૂશાલેમ વધારે ને વધારે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરવા લાગ્યું, કારણ કે તે એક જ એવું સ્થળ તેમના માટે બાકી રહ્યું હતું કે જેને કદી પણ વિધર્મીઓ મેળવી શકયા ન હતા. જ્યારે બીજા કોઈ પણ સ્થળે આરાધના કરવા દેવામાં આવતી ન હતી, ત્યારે ઇસુ ખ્રિસ્ત પહેલાં, ૬૨૧મા વર્ષ પછી યોશીયાહ રાજાના સમય દરમિયાન થયેલા સુધારાને લીધે, આ વિચારોનું મહત્ત્વ વધ્યું હતું. યિર્મેયાહે આ પ્રકારના વિચારોની મૂર્ખાઇ સંબંધી તેમને ચેતવણી આપી હતી તથા આ પહેલાં શિલોહના મંદિરમાં શું બન્યું હતું તેનાથી તેમને વાકેફ પણ કર્યા હતા (યિર્મેયાહ ૭ : ૧–૧૫).

યરૂશાલેમને કદી જ કોઇ પણ જીતશે નહિ તેવી કલ્પનાઓને તેઓ વળગી રહ્યા હતા. જો તેમ હોય તો તેઓ માનતા હતા કે પૃથ્વી ઉપરની કોઈ પણ જગા કે જ્યાં ઇશ્વરની સાચી આરાધના થાય છે, તેને તજી દેવાશે નહિ.

ત્યાર પછી બેબીલોનીઓથી થયેલી નગરની પડતી, મંદિરનો નાશ, મોટા ભાગનાં રહેવાસીઓનો બંદીપ્રવાસ વગેરેએ તેમના માટે એક ઘણો જ અગત્યનો ધાર્મિક પ્રશ્ન ખડો કર્યો. એક સમયે જ્યાં યરૂશાલેમ વસેલું હતું તે જગાનાં ખંડિયેરોના ઢગલા પાસે થઈને પસાર થતા મુસાફરો વિષે, જ્યારે તેઓ વિચાર કરતા, તથા આશ્ચર્યસહિત પ્રશ્ન કરતા: "જે નગરને લોક સુંદરતાની સંપૂર્ણતા, આખી પૃથ્વીનું આનંદધામ કહેતા હતા, તે શું આ છે?" (યિર્મેયાહનો વિલાપ ૨ : ૧૫); ત્યારે તેઓ એ પણ પૂછવા બંધાયેલા હતા કે, જે ઈશ્વરે તેના લોકોને મિસરમાંથી બહાર કાઢી લાવ્યો, અને તેમને વિધર્મીઓનો દેશ રહેવા માટે આપ્યો, તો શું આ વિનાશ, તે જ ઈશ્વરનું કાર્ય હોઇ શકે? જે લોકો બંદીપ્રવાસના સમય દરમિયાન અશક્ત બની ગયા હતા, તેઓને માટે યરૂશાલેમ રહસ્યમય મહત્ત્વનું નગર હતું (દા. ત. હઝકીએલ ૪૭).

જ્યારે બંદીપ્રવાસીઓની નાની ટોળીને પોતાના દેશમાં પાછા ફરવાની અને નગરને ફરીથી બાંધવાની પરવાનગી મળી, ત્યારે તે પ્રસંગ તેમના માટે અર્થસૂચક હતો (યશાયાહ ૪૦ : ૧-૨). પ્રાચીન પ્રદેશના ફક્ત એક ટુકડા ઉપર અમલ કરવાની તેમને પરવાનગી મળી હતી. તેઓએ જે શહેર ફરીથી બાંધ્યું, તે જૂના નગરના પડછાયા સમાન હતું. નહેમ્યાહના પુસ્તકમાં, દીવાલોનું જે રીતે વર્ણન કરેલું છે, તે જ પ્રમાણે આ જે જમીન ઉપર અનુસરવું અશકય છે, તે બહુ મોટું નગર ન હતું અને જ્યારે બીજા નગરનો પાયો નંખાયો ત્યારે, "ઘણા વૃદ્ધો કે જેમણે પ્રથમનું મંદિર જોયું હતું, તેઓ મોટી પોક મૂકીને રડયા" (એઝરા ૩:૧૨). ઘણા લોકો એમ માને છે કે પ્રાચીન ભવ્યતાને હાલની હલકી જાતની નકલ સાથે સરખાવી શકયા ન હતા, માટે તેઓએ એ પ્રમાણે કર્યું.

તોપણ વખત જતાં નગરની વૃદ્ધિ થઇ. ટાયરોપોઈઓન ખીણ તથા પશ્ચિમની ટેકરીઓના ઢોળાવો ઉપર, કયારે તેની વૃદ્ધિની શરૂઆત થઇ તે કહેવું અશકય છે. ઘણું કરીને બંદીપ્રવાસના સમય પહેલાં

તેની વૃદ્ધિની શરૂઆત થઈ ચૂકી હતી. ઇસુ ખ્રિસ્તના સમયમાં, મહાન હેરોદની ભવ્ય બાંધકામ યોજનાના એક ભાગ તરીકે, આખી ખીણને નગરમાં સમાવી દીધી છે. ઉપરના ભાગને ઓળંગવા માટે, ખરેખર બે મોટા પૂલો બાંધ્યા હતા, કે જે પૂલો મારફતે મંદિર તરફ જઇ શકાતું. હેરોદે તે મંદિરનું ફરીથી બાંધકામ કરાવ્યું હતું. આ નવા મંદિરનું, જરૂરથી ભવ્ય અને જેમાં ઘણા ભાગ હોય તેવું બાંધકામ કરેલું હોવું જોઇએ. આજે 'વિલાપની દીવાલ' (Wailing wall)ના પાયામાં જે થોડાઘણા પથ્થરો દેખાય છે, તેવા વિશાળ કાપેલા પથ્થરોથી મંદિરનું બાંધકામ કર્યું હતું (માર્ક ૧૩:૧). આ વિશાળ ચોગાનની એક બાજુએ કમાનવાળી ઓરડીઓ બાંધેલી હતી. વરસાદ અથવા આંધળાં કરી નાંખે તેવી સૂર્યની સખત ગરમી પડતી ત્યારે તેનાથી બચવા માટે લોકો આ ઓરડીઓમાં આશરો મેળવતા. આ આવકાર આપનારા છાંયામાં, પ્રણાલિકા મુજબ, ઈસુ ખ્રિસ્ત થાંભલાને અઢેલીને બેસી, લોકોને શીખવતો હશે.

આજે આપણે મંદિરના વિસ્તાર વિષે જે જ્ઞાન ધરાવીએ છીએ, તેટલું બધું મોટું ન હતું, છતાં પણ તે મંદિરથી નગરનો ઇશાનખૂણાનો ભાગ બને છે. મંદિરની ઉત્તર દિશામાં "એન્ટોનીઆ" નામનો કિલ્લો હતો, કે જે નગરના બચાવ કરવાની પ્રાચીન કામગીરીની યાદ તાજી કરાવે છે. રોમન સરકાર, આ કિલ્લા દ્વારા, નગરમાં પહોંચવાના માર્ગોનું નિયંત્રણ કરી શકતી અને વારંવાર જેમ બનતું હતું તેમ જ્યારે ત્યાં કોઈપણ જાતની મુશ્કેલી ઊભી થતી, ત્યારે મંદિરના ચોગાન ઉપર અમલ પણ ચલાવતી (પ્રે. કૃ. ૨૧:૨૭-૪૦). બીજો કિલ્લો પશ્ચિમની ટેકરી ઉપર શહેરના ઇશાન ખૂણામાં આવેલો હતો. આ કિલ્લાથી મંદિર સુધી જતી એક સીધી દીવાલ હતી કે જેને "પ્રથમ ઉત્તરની દીવાલ" તરીકે ઓળખવામાં આવતી હતી. આ ઉપરથી એમ સમજાય છે કે મંદિરના વિસ્તારનો ભાગ તથા એન્ટોનીઆનો કિલ્લો, ઉત્તર દિશા તરફ વિસ્તરેલા હતા અને તેથી મજબૂત સ્વરક્ષણ મેળવવા માટે, પશ્ચિમની ટેકરી ઉપર આવેલા મજબૂત કિલ્લા (Citadel)થી એન્ટોનીઆના કિલ્લા સુધી બીજી એક દીવાલ બાંધી હતી. ઈસુ ખ્રિસ્તના સમય દરમિયાન આ દીવાલનું અસ્તિત્વ હતું.

આજે, યરૂશાલેમની મુલાકાત લેનાર ખ્રિસ્તી મુલાકાતીઓ તથા યાત્રાળુઓ, જ્યારે બે હજાર વર્ષ પછી આ બધા મહત્ત્વના બનાવો કઈ જગાએ બન્યા હતા, તે સંબંધી ચોક્કસ જાણી શકતા નથી, ત્યારે ઘણી વાર આશ્ચર્ય

પામે છે તથા નિરાશ બને છે. છતાં પણ ખરેખર, આ બાબત કોઇને આશ્ચર્ય પમાડે તેમ નથી, કારણ કે ઇસુ ખ્રિસ્ત પછી, ૭૦મા વર્ષમાં રોમન લોકોએ તે નગરનો પૂરેપૂરો નાશ કર્યો હતો; અને તે બનાવ પછી પણ તેનો વારંવાર નાશ થયેલો છે તથા ફરીથી બાંધવામાં આવેલું છે.

અર્વાચીન સમયના યાત્રાળુઓ, પ્રાચીન યરૂશાલેમ નગરને, પ્રતાપી સુલેમાન નામના મુસ્લિમ રાજકર્તાએ, ૪૦૦ વર્ષ પૂર્વ બાંધેલી દીવાલ વચ્ચે ઘેરાયેલું જુએ છે. ઇસુ ખ્રિસ્તના સમયમાં દીવાલની જેવી હાર હતી તેવી દીવાલ દરેક જગાએ જોવા મળતી નથી, પરંતુ આ દીવાલ અમુક અમુક ભાગમાં જોવા મળે છે. દીવાલનો જે ભાગ નગરની ઉત્તર બાજુના ભાગને ઘેરે છે તે ભાગ ઘણા પ્રશ્નો ઉપસ્થિત કરે છે, કારણ કે ઈસુ ખ્રિસ્તના સમયમાં જે દીવાલ હતી તે દીવાલને આ ઉત્તરના ભાગમાં ચોક્કસ રીતે ઓળખી શકાતી નથી, અને તેથી તે દીવાલ કઈ ચોક્કસ જગાએ હતી તે આપણે જાણી શકતા નથી.

મોટી મધ્યકાલીન દીવાલની અંદર, કે જ્યાં પ્રાચીન મંદિર હતું, તે જગાએ મંદિરના વિસ્તારે, જૂના શહેરનો લગભગ ૧/૫ જેટલો ભાગ કબજે કર્યો છે. મંદિરના વિસ્તારની ઉત્તરમાં પણ દીવાલની અંદર કે જ્યાં એક સમયે એન્ટોનીયાનો કિલ્લો આવેલો હતો, તે જ જગાએ હાલમાં ધાર્મિક સ્ત્રીઓ માટેનો એક મઠ આવેલો છે, નગરની પશ્ચિમ દિશામાં મજબૂત કિલ્લો (Citadel) છે, કે જે ઈસુ ખ્રિસ્તના સમયમાં બીજા નંબરનો કિલ્લો હતો. લગભગ જૂના નગરની મધ્યમાં "પવિત્ર કબર" (Holy Sepulcher)નું દેવળ છે, અને લોકોની માન્યતા પ્રમાણે જે જગાએ ઈસુને વધસ્તંભે જડાવ્યો હતો, તેને દફનાવ્યો હતો અને સ્વર્ગારોહણ થયું હતું, તે જગાએ તે દેવળ બાંધેલું છે.

જેમ ઘણાખરા મુલાકાતીઓ ઇચ્છે તેમ આપણે પણ દુઃખિત (Passion) સમયના ઈસુના પગલે પગલે ચાલવાનું ઇચ્છતા હોઈએ, તો સ્વાભાવિક રીતે આપણે નીચેના બે પ્રશ્નોના જવાબ આપવા જરૂરી છે.

પ્રશ્ન : ૧—આ બે કિલ્લાઓમાંના કયા કિલ્લામાં ઈસુની તપાસ કરવામાં આવી હતી?

પ્રશ્ન : ૨—શું 'પવિત્ર કબર'નું દેવળ ખરેખર જે જગાએ ઈસુને વધસ્તંભે જડયો હતો ત્યાં બાંધેલું છે?

ક્રમનસીએ, આ બંને પ્રશ્નના જવાબ આપવા માટે આપણે ફક્ત ધારણા સિવાય બીજું કાંઇ વધારે કરી શકીએ તેમ નથી. ખ્રિસ્તીઓની પ્રાચીન પ્રણાલિકા મુજબ ઇસુની તપાસ એન્ટોનિયાના કિલ્લામાં થઈ હતી અને ખરેખર અર્વાચીન સમયના ધાર્મિક સ્ત્રીઓ માટેના મઠની નીચે એક મોટી પથ્થરની બનેલી ફરસબંધી છે કે જે યોહાન ૧૯:૧૩ના વર્ણન સાથે બરાબર સંમત થઈ શકે છે,

ઈસુ ખ્રિસ્તને જે જગાએ વધસ્તંભ ઉપર જડવામાં આવ્યો હતો તે જગા વિષેનો પ્રશ્ન ઘણો ગૂંચવણભર્યો છે, કારણ કે આપણે ખાતરીપૂર્વક જાણીએ છીએ કે તે જગા દીવાલની બહાર હતી (યોહાન ૧૯:૨૦). પરંતુ 'પવિત્ર કબર'નું દેવળ અત્યારની જે દીવાલ છે તેની અંદરના ભાગમાં આવેલું છે. કવચિત, તે પ્રાચીન દીવાલની બહાર હોઈ શકે. વળી જો તેમ હતું, તો પછી ઇસુ ખ્રિસ્તના સમયની દીવાલ, વિચિત્ર અને વાંકીચૂકી જરૂરથી બનેલી હોય. આ ઉપરથી કેટલાક નિષ્ણાતો કહે છે કે નગરનું રક્ષણ કરવા માટે, કોઇ પણ માણસ આવી દીવાલ બાંધવાનો વિચાર કરી શકે નહિ. પરિણામે, તે દીવાલ જરૂરથી કોઈક જગાએ હાલની દીવાલ સાથે બાંધેલી હોવી જોઇએ. કુદરતી રીતે જ આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે "પવિત્ર કબર"નું દેવળ યોગ્ય જગાએ બાંધેલું નથી અને ઇસુ ખ્રિસ્તને કઈ જગાએ વધસ્તંભ ઉપર જડવામાં આવ્યો હતો તે પણ આપણે ચોક્કસપણે જાણતાં નથી.

તોપણ પ્રાચીન લેખો ઉપરથી આપણે વિચાર કરી શકીએ છીએ કે તે સમયમાં ઉત્તર તરફની દીવાલ, હકીકતમાં કામચલાઉ દીવાલ હતી તથા બહુ સંતોષકારક ગણાતી ન હતી. પ્રણાલિકા મુજબ ચાલતી આવતી જગાને સંપૂર્ણપણે નકારી શકાય તેમ નથી, અને જે પ્રખ્યાત નિષ્ણાતોને યરૂશાલેમ સંબંધી સારું જ્ઞાન છે, તેઓએ તેનો સ્વીકાર કર્યો છે. વિશેષમાં, ઘણી સદીઓથી ત્યાં થતી આરાધનાને લીધે તેને પવિત્ર ગણવામાં આવે છે. આપણને તે વિષે પૂરી ખાતરી નથી છતાં પણ આપણે આપણા વર્તમાન જ્ઞાન પ્રમાણે તેને માન આપવાના બધા જ સારા પ્રયત્નો કરીશું.

ઘણા પ્રશ્નમાંનો આ એક પ્રશ્ન છે, ને તેનો જવાબ આપવા માટે, પાલેસ્તાઈનના "પુરાતન કાળના સંશોધકોએ" (Archealogists) પ્રયત્ન કરેલો છે. પરંતુ જો તેઓ આપણને મનપસંદ પડે તેવા બધા જ પ્રશ્નના

જવાબો ન આપી શકે તો તેનાથી આપણે નાસીપાસ થવાની જરૂર નથી. વધસ્તંભે જડવામાં આવેલ ખ્રિસ્ત ઉપરનો વિશ્વાસ, તે બાબત જાણવા ઉપર આધાર રાખતો નથી, પરંતુ નીચેની બાબતો ઉપર આધાર રાખે છે :

(૧) પૂરી ખાતરીપૂર્વક આપણે સમજી શકીએ કે તે બનાવ બન્યો હતો, અને

(૨) તે વિષે કોઇપણ જાતની શંકા ન હોવી જોઇએ.

નવા કરારના સમય દરમિયાન, ખરેખર, તે પહેલાં નગરનો વિકાસ એટલો બધો થયો હતો કે ઉત્તર દિશાએ ફક્ત એક દરવાજો ન હતો, પરંતુ નગરમાં દાખલ થવા માટે ઘણા દરવાજાઓ હતા. આપણે ચોક્કસપણે તે બધા દરવાજાઓને ઓળખી શકીએ તેમ નથી, તોપણ આપણે જાણીએ છીએ કે જે દરવાજાનો ઉપયોગ ઈસુ ખ્રિસ્તે કર્યો હતો તે પૂર્વનો દરવાજો હતો. પૂર્વના દરવાજા મારફતે, 'ખજૂરીના રવિવાર'ના દિવસે ઈસુ ખ્રિસ્ત યરૂશાલેમમાં દાખલ થયો હતો. અત્યારના મોટર માર્ગની માફક, તે સમ-યમાં યેરિખોથી યરૂશાલેમ જતો રસ્તો જૈતુન પર્વતની સીમા ઉપર થઇને જતો ન હતો, પરંતુ બેથાનીમાં થઇને ઉપરના ભાગમાં ચઢતો ને ત્યાંથી તરત પર્વત ઉપરથી પસાર થતો. ખરેખર તે ભાગ ઉચ્ચસપાટ પ્રદેશનો ફક્ત એક જ ઊંચો ભાગ છે, ને તેને માટે 'પર્વત' શબ્દ વાપરવો યોગ્ય નથી. તેથી કરીને બેથાનીમાં, ઈસુએ પોતાના મિત્રો સાથે શાંતિથી સાબ્બાથ ગાળીને, તેના ગધેડા ઉપર સવાર થઈ, જે જગાએ કિદ્રોન ખીણ તરફ એકાએક જમીન ઢળી પડે છે, તે ઊંચાણવાળી જગાની ટોચ ઉપર આવ્યો હશે, અને જે જગાએથી યરૂશાલેમનો આશ્ચર્ય ઉપજાવે તેવો દેખાવ જોઈને ઘણા મુલાકાતીઓ આશ્ચર્ય પામ્યા છે તે જગાએ તે ઊભો રહ્યો હશે. તેણે નીચે આવેલા આખા નગરનો દેખાવ જોયો હશે, ને ખાસ કરીને મંદિરની આજુબાજુની વિશાળ ખુલ્લી જગા, તથા એપ્રિલ માસમાં તપતા સૂર્યનાં કિરણોને પાછાં ફેંકનાર ભવ્ય બાંધકામો પણ જોયાં હશે. આ પવિત્ર નગરનો દેખાવ જોઇને તે એટલો બધો હતાશ થઇ ગયો હતો કે તે જોઈને તે રડયો હતો.

યરૂશાલેમ નગરને નીચે પ્રમાણેની બે મુશ્કેલીઓ કાયમ સહન કરવી પડતી :—

(૧) અપૂરતા પાણીનો જથ્થો, અને

(૨) રાજ્યના વિભાગીકરણ બાદ, સરહદની નજદીકતા.

નાજુક કિલ્લેબંધી યબુસ નગર માટે નાના ઝરાનું પાણી પૂરતું હતું, પરંતુ તે જગાએ પાછળથી વિકાસ પામેલા ઘણા જ મોટા યરૂશાલેમ નગર માટે, તે ઝરાનું પાણી અપૂરતું હતું. વિશેષમાં, તે ઝરો દીવાલોની બહાર હોવાથી સહેલાઇથી તેને નુકસાન કરી શકાય તેમ હતું. જ્યારે દુશ્મનોએ શહેરને ઘેરો ઘાલ્યો હોય તે સમયે સહિસલામત રીતે ઝરાનું પાણી મેળવી શકાય તે માટે યબુસીઓએ ઝરણા સુધી ભોંયરું ખોદ્યું હોય તેમ લાગે છે. ત્યાર પછીના સમયમાં, જેને 'નીચેનું જળાશય' કહેવાય છે ત્યાં સુધી પાણી લઈ જવા માટે ઇસ્રાએલીઓએ એક નહેર બનાવી હતી. હઝકિયાહ રાજાએ પાણીનો પૂરવઠો વધારવા માટે ખડકને કાપીને ભોંયરું બનાવ્યું કે જેથી તે ભોંયરા વાટે ઝરાનું પાણી નગરમાં લાવી શકાય (૨ કા. વૃ. ૩૨ : ૩૦). પાણી મેળવવા માટે ગમે તેટલાં ભોંયરાં અને નહેરો બનાવી હોય, પણ તેઓ ઝરાને તેના હંમેશ મુજબના ટપકતા પાણી કરતાં વધારે પાણી પૂરું પાડી શકે તેવો બનાવી શકતા નથી. આ કારણોસર શિયાળામાં પડતા વરસાદના પાણીથી ભરી રાખેલાં ટાંકાંઓ ઉપર, યરૂશાલેમના લોકોને હંમેશાં આધાર રાખવો પડતો હતો. યિર્મેયાહને જે જમીનની અંદરના અંધારા કેદખાનામાં (dungeon) રાખવામાં આવ્યો હતો (યિર્મેયાહ ૩૮ : ૬) તે વપરાશ વગરના પાણીનું ટાંકું હોય તેમ લાગે છે, કારણ કે આપણને કહેવામાં આવ્યું છે કે 'ત્યાં પાણી ન હતું... પરંતુ ફક્ત કાદવ" હતો. લડાઇના સમયમાં પૂરતું પાણી મેળવવાનો પ્રશ્ન હંમેશ માટે ગંભીર બનતો હતો (યશાયાહ ૨૨ : ૯-૧૧), અને ત્યાં આગળ એવા કેટલાક માણસો જરૂરથી હશે કે જેમણે શીલોહના ટપકતા પાણી પ્રત્યે તિરસ્કાર દર્શાવ્યો હશે (યશાયાહ ૮ : ૬) તથા પોતાના બચાવ વિષે શંકાશીલ બન્યા હશે. કદાપી, ખ્રિસ્તીઓ જાણતા હશે કે જે માણસે શીલોહના પાણી પ્રત્યે તિરસ્કાર દર્શાવ્યો ન હતો, તેની હાલત કેવી થઇ હતી (યોહાન ૯ : ૭ = સીલોઅમ "siloam" તેવો જ શબ્દ છે).

સરહદની નજીકતા, એવી બાબત હતી કે જેને કોઈ પણ ચતુરાઈ તાબે કરી શકે તેમ ન હતું, અને ખરેખર તે ભયંકર બાબત હતી. ઇસ્રાએલની ઉત્તર તરફની સરહદ ઉપર, લગભગ ૧૦ માઇલ દૂર બેથેલ વસેલું હતું. રામાહ કે જગાએથી બાઅશાએ નગર ઉપર ચઢાઇ કરી હતી (૧ રાજાઓ ૧૫ : ૧૭), તે ફક્ત પાંચ માઇલ દૂર હતું. યશાયાહ પ્રબોધક એસિરિયન

લશ્કરની ઝડપી પ્રગતિ વિષે વિચાર કરે છે (યશાયાહ ૧૦ : ૨૮–૩૨) અને જે જગાઓનું વર્ણન કરે છે તેમાંની કોઈ પણ જગા ૧૦ માઇલ કરતાં વધારે દૂર નથી. જે છેલ્લી જગા વિષેનું વર્ણન કર્યું છે તે નોબ (Nob) નગર, જૈતુન પહાડ ઉપર વસેલું હતું કે જ્યાંથી નગર (યરૂશાલેમ) જોઈ શકાતું. પશ્ચિમ બાજુની સરહદ પણ એટલી બધી નજીક હતી કે તે નગરને માટે ભયજનક હતી. બપોરનું ખાણું લીધા પછી, બપોર પછીના સમયમાં જ, ટેકરીઓની ધાર ઉપર આવેલા ઉચ્ચ પ્રદેશને, પગે ચાલીની ઓળંગવો સંપૂર્ણ શકય હતું. યશાયાહના સમયમાં 'પલિસ્તીઓનું મેદાન'ની પેલે પારના દરિયાકિનારા સુધી સીધી નજર પહોંચી શકે તેમ હતું અને તે જગાએ એસિરિયનોએ ભયજનક જીત મેળવવા માટે તેમનો પીછો કર્યો હતો, તે જગાએ આવેલા ઇસ્રાએલીઓનાં લૂંટાયેલાં ઘરોમાંથી તથા ફળવાડીઓમાંથી ઊંચો ચઢતો ધૂમાડો જોઈ, સૂર્યાસ્ત સમયે યરૂશાલેમના દરવાજાઓ બંધ થાય તે પહેલાં, સહેલાઈથી પાછા ફરી શકાય તેમ હતું.

વર્તમાન સમયમાં જે લોકો વધારે મોટા દેશોમાં રહે છે ( યાદ રાખવું જોઈએ કે તે સમયમાં પણ મોટા ભાગના લોકો, યહુદાહ કરતાં પણ વધારે મોટા દેશોમાં રહેતા હતા. ) તેઓને માટે હૃદયને ઠંડું પાણી નાખે તેવા ભયથી, યરૂશાલેમના રહેવાસીઓ કેટલા બધા ડરતા હતા તે સમજવું મુશ્કેલ છે, "નવું વર્ષ બેસતાં (વસંતઋતુમાં) જ્યારે રાજાઓ યુદ્ધને સારુ નીકળે છે" ( ૨ શમૂએલ ૧૧ : ૧ ). જ્યારે આપણે આપણા હક તરીકે સહિસલામતીની માંગ કરીએ છીએ, ત્યારે જે ભયંકર બિનસલામતી વિષે કેટલાક મહાન મહાન પયગંબરી સંદેશાઓ પ્રસિદ્ધ થયા હતા તેને યાદ કરવાની જરૂર છે, અને સાથે સાથે બીજી શકયતા વિષે પણ પણ વિચારવું જોઇએ કે, પવનથી જેમ વૃક્ષની ડાળીઓ હાલી ઊઠે છે, તેમ જ્યારે બધા માણસોનાં (હૃદયો) મન હાલશે, ત્યારે માણસ સમજશે કે તેઓની સહીસલામતી તો ફક્ત ઇશ્વરમાં જ છે.

આજે આરબો અને યહૂદીઓ વચ્ચે નગર વહેંચાઈ ગયેલું છે જેને આપણે 'જૂનું નગર' કહીએ છીએ તે આખું નગર, આરબ વિભાગમાં આવેલું છે, છતાં પણ બીજી એક દીવાલ બાંધવામાં આવી છે. તે દીવાલ પ્રતાપી સુલેમાને બાંધેલી મધ્યકાલીન દીવાલો તરફથી ઉત્તર તરફ આગળ વધે છે તથા અત્યારના જૂના નગરને ઘેરે છે. તેથી કરીને શહેરના બંને

ભાગો એકબીજાથી છૂટા પડેલા છે અને કોઈ પણ ભાગના રહેવાસીઓ એકબીજાની સરહદને ઓળંગી શકતા નથી. ખરેખર આ દુઃખ ઉપજાવે તેવી સ્થિતિ છે. પરંતુ તેમાં કોઇ નવીનતા જેવું નથી, કારણ કે બાઇબલના ચિત્રમાં હંમેશાં યરૂશાલેમને બે જુદાં જુદાં નગરોમાં દર્શાવેલું છે. ભૂતકાળમાં યરૂશાલેમ આ પ્રમાણે બે ભાગમાં કદી પણ વહેંચાયેલું ન હતું તે એક અપમાનજનક બાબત છે, કે જે આધુનિક દુનિયાને દુઃખ આપવા માટે રાખેલ છે—પરંતુ હંમેશાં તે દુઃખિત નગર હતું; તથા "હાલનું યરૂશાલેમ, કારણ કે તે પોતાના છોકરાના દાસત્વમાં છે" અને "સ્વર્ગનું (ઉપરનું) યરૂશાલેમ......તે આપણી માતા છે" (ગલાતીઓને પત્ર ૪ : ૨૫-૨૬) તે બે વચ્ચે હંમેશાં એક બાબતની ભિન્નતા જોવામાં આવે છે.

આંધળો અને લંગડો નગરનો બચાવ કરવા માટે પૂરતા છે તેવા દાવા સાથે યબુસીઓએ દાઉદ રાજાને મહેણું માર્યું, તે સમયથી યરૂશાલેમે તેના લાંબા ઇતિહાસ દરમિયાન ઘણા હિંસક બનાવો જોયા છે. ઇસ્રાએલ અને યહુદાહ વચ્ચેની સતત થતી લડાઈઓને લીધો તેને ઘણું નુકસાન પહોંચ્યું હતું, કારણ કે ઇસ્રાએલના રાજા યહોઆશે યહુદાહના રાજા અમાઝયાહ (Amaziah) ને હરાવ્યા પછી તેણે ૪૦૦ ક્યુબીટ (૧ ક્યુબીટ=૧૮ ઇંચનું માપ) જેટલી નગરની દીવાલ તોડી નાખી હતી. યહુદાહના રાજાઓના જુલમને લીધે પણ તેને ઘણું નુકસાન સહન કરવું પડયું હતું, ખાસ કરીને મનાશ્શેહ રાજાના વિષે કહેવાય છે કે તેણે "એટલું બધું નિરપરાધી રક્ત વહેવડાવ્યું કે તેથી યરૂશાલેમ એક છેડાથી બીજા છેડા સુધી ભરાઈ ગયું" (૨ રાજાઓ ૨૧ : ૧૬). કોઈ પણ સમય ત્યાં ખરેખર શાંતિ હતી તેમ કહેવું શંકાસ્પદ છે, અને જેમ ઈસુ ખ્રિસ્તે જોયું હતું, તેમ ઈસુ ખ્રિસ્તના સમયમાં પણ તે પોતે પોતાનો નાશ કરવામાં રોકાયેલું હતું.

તોપણ હંમેશાં યરૂશાલેમનું બીજું પણ એક ચિત્ર જોવા માટે મળે છે. "સિયોન જે આપણાં પર્વોનું નગર છે તેને જો, તારી આંખો યરૂશાલેમને વિશ્વાસના નિવાસસ્થાન જેવું, જેના તંબૂ ઉખેડવામાં આવશે નહિ ને જેની સર્વ દોરીઓ તૂટશે નહિ, તે (વા તંબૂ) ના જેવું જોશે" (યશાયાહ ૩૩ : ૨૦). જેમ પૃથ્વી ઉપરના યરૂશાલેમનું પ્રારબ્ધ વધારે ખાતરીદાયક બન્યું તેમ સ્વપ્ન પણ વધારે પ્રકાશિત બન્યું, અને તે દૃઢ

માન્યતાના પ્રતીક તરીકે "ઘાસ સુકાઇ જાય છે, ફૂલ ચીમળાઈ જાય છે, પણ આપણા દેવનું વચન સદાકાળ સુધી કાયમ રહેશે" (યશાયાહ ૪૦:૮).

આ યરૂશાલેમને કદી પણ પ્રાપ્ત કરી શકાશે નહિ, અને આજે આપણે દુનિયા વિષે જે જાણીએ છીએ તે પ્રમાણે તે (યરૂશાલેમ) આપણા જીવન દરમિયાન, અથવા તો આપણાં બાળકોનાં જીવન દરમિયાન પણ તેને પ્રાપ્ત કરવું અસંભવિત છે. છતાં પણ તે ફક્ત સ્વપ્ન નથી, પણ દૃઢ પાયાનો ખૂણાનો મૂલ્યવાન પથ્થર (યશાયાહ ૨૮ : ૧૬) છે, તે હકીકત છે. ઇશ્વરના અમલને જેમ ફેરવી શકાતો નથી તેમ તે પણ ન ફેરવી શકાય તેવું છે, તથા તે જ કારણસર તે ખરું છે.

જૂના અને નવા કરારમાં "પવિત્ર નગર" ના આ બંને પ્રકારનાં ચિહ્ન જોવા મળે છે. પરંતુ જેના વિના ન ચલાવી શકાય તેવા ઇશ્વરનાં આ બે ખાસ કાર્યો વચ્ચે ભિન્નતા પણ જોવા મળે છે :—જૂના કરારમાં બધા દેશો યરૂશાલેમ પાસે આવશે તેવી આશા છે, "ચાલો આપણે યહોવાહના પર્વત પાસે, યાકૂબના દેવના મંદિર પાસે ચઢી જઈએ" (યશાયાહ ૨ : ૩). ઇસ્રાએલના સૌથી મહાન પ્રબોધકે ઇચ્છયું હતું કે પૃથ્વીનાં બધાં કુટુંબો, ઇબ્રાહિમમાં આશીર્વાદિત થશે—પરંતુ આરંભ તો તેઓ થકી જ થશે. મહાન પ્રબોધકો એટલું પણ સમજી શકયા ન હતા કે ઇશ્વર પોતે જ નાસ્તિકોની પાસે જશે–**તેના** મહિમાએ અને **તેના** નામે માગણી કરી હતી કે **તેની** પાસે નાસ્તિકો જરૂરથી આવશે.

નવા કરારમાં "આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો" (રૂમીઓને પત્ર ૫ : ૮), અને જેઓમાં ખ્રિસ્ત વસે છે તેઓ વિધર્મીઓને (gentiles) સુસમાચાર (gospel) પહોંચાડવા માટે **યરૂશાલેમમાંથી** બહાર નીકળશે. "નિયમ" (law) પાસે દેશોએ આવવું જોઇતું હતું, પરંતુ સુસમાચાર તેમની પાસે આવે છે. ખરેખર, પ્રેરિતોની પાછળ જ યરૂશાલેમનો નાશ થઇ ગયો, કેમ કે હવે પ્રભુ ઇસુ ખ્રિસ્તના સદેહે આવવાના લીધે, યરૂશાલેમની કોઈ આવશ્યકતા રહી ન હતી અને માણસોએ યરૂશાલેમના વિચારોમાં ખોવાઇ જવાની કાંઈ અગત્ય નથી. "જ્યારે તમારા પર પવિત્ર આત્મા આવે છે, ત્યારે તમે સામર્થ્ય પામશો, અને યરૂશાલેમમાં આખા યહુદાહમાં; સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો. (પ્રેરિતોનાં કૃત્યો ૧ : ૮).

★

2BGP2

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧